MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૨૬-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 જો કોઈ રસ્તા પર દેખાશે તો ગોળી મારી દેવામાં આવશેઃ તેલંગાણા મુખ્યપ્રધાન

3 કોરોનાનો અમેરિકામાં હાહાકારઃ ભારતમાં આર્મી સ્ટેન્ડ ટુ

7 ખતરનાક કોરોના વિરૂદ્ધ જંગ ૨૧ દિન બાદ જ જીતાશે : નરેન્દ્ર મોદી

11 રાજપીપળા નગર પાલીકા દ્વારા ભીડ કાબુમાં રાખવા નવતર પ્રયોગ : ગ્રાહકોની ભીડ કાબૂમાં રાખવા દુકાન બહાર વર્તુળ કરાયા

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧૧૨

કોરોના વાયરસના કારણે દેશમાં ૧૧મું મોતઃ કુલ કેસ ૫૯૩

બુધવારે ૫૭ કેસ વધ્યા,તમિલનાડુમાં મુદરૈમાં ૫૪ વર્ષના દર્દીએ દમ તોડ્યો

ન્યુ દિલ્હી

દેશના ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ કોરોના સંક્રમણના સંકજામાં આવી ગયા છે. સંક્રમિતોની સંખ્યા બુધવારે સવાર સુધી ૫૯૪ થઈ ગઈ છે, અને અત્યાર સુધી ૧૧ લોકોના જીવ ગયા છે. ૪૬ લોકો સાજા પણ થયા છે. તમિલનાડુના મદુરૈમાં સવારે ૫૪ વર્ષીય સંક્રમિત દર્દીનું સારવાર દરમિયાન મોત થયું છે. કોરોનાના સૌથી વધારે ૧૦૭ કેસ મહારાષ્ટ્રમાં છે, જ્યારે કેરળ ૧૦૫ કેસ સાથે બીજા નંબરે છે. મંગળવારે અડધી રાતે આગામી ૨૧ દિવસો માટે તમામ રાજ્યોમાં લોકડાઉન કરવાની વડાપ્રધાન મોદીએ જાહેરાત કરી હતી. મહારાષ્ટ્રમાં પણ કોરોના વાયરસ પોજિટિવ કેસોની સંખ્યા વધીને ૧૧૨ થઇ ગઈ છે. ત્રણ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

કોરોનાના સંક્રમણના કારણે ૧૫ દિવસમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. બુધવારે સવારે મદુરૈમાં ૫૪ વર્ષીય કોરોના સંક્રમિત દર્દીનું મોત થઈ ગયું છે. તમિલાનડુના સ્વાસ્થ્ય મંત્રી સી વિજય ભાસ્કરે કહ્યું કે, દર્દીને લાબાં સમયથી ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની સમસ્યા હતી.

આજથી દેશમાં લાગુ થયેલા ૨૧ દિવસના લોકડાઉન વચ્ચે આખા દેશમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ થકી તમામ અવર જવર પર રોક લગાવાઈ છે.

મહારાષ્ટ્રમાં સાંગલીમાં એક જ પરિવારના પાંચ સભ્યોને કોરોના થયો છે. ગુજરાતમાં દર્દીઓની સંખ્યા વધીને ૩૮ થઈ છે. ગુજરાતમાં નવા ત્રણ કેસ ગઈકાલે સામે આવ્યા હતા.

ગમે તેટલું કરગરો દંડાની ભાષા સિવાય સુરત અને અન્ય સ્થાનોથી થતી હિજરત નહિ અટકે !

સુરત શહેર અને જિલ્લાની પોલીસને ચકમો આપી દેશમાં ભાગવાનો સિલસિલો છેલ્લા ત્રણ દિવસ થી અવિરત ચાલી રહ્યો છે બસ અને ટ્રેનો બમધ કરાઈ પણ પ્રાઈવેટ વાહનો ,સ્કુટરો અને પગપાળા પણ લોકોએ માદરે વતનની વાત પકડી છે કેન્દ્ર અને રાજ્ય સરકાર કરગરે તોય આ ગાડરિયો પ્રવાહ વન થંભ્યો અવિરત ચાલુજ છે ત્યારે રાજ્ય સરકાર નિસહાય બની કરફ્યુનો કોરડો વીઝે એ જરૂરી થઈ પફ્યુ છે કેમકે સુરતમાં કોરોના ના દર્દીઓ પોઝેટિવ આવ્યા છે નકરે નારાયણ આ હિજરાતીઓમાં એક પણ કેસ જો પોઝએટિવ હોય તો ગુજરાત ને ભગવાન સિવાય કોઈ બચાવી નહિ શકે હાલની પરિસ્થિતિએ છેલ્લા દાયકા ઉપરાંત થી ગુજરાતે કરફ્યુની મોજ માણી નથી ત્યારે આ હિજરતીઓ સરકારને કરફ્યુ લાદવા મજબૂર કરે તેવી પરિસ્થિતિ નું નિર્માણ કરી રહ્યા છે ત્યારે લોક લાગણી ભૂલી સરકારે લોકોના જીવ બચાવવા કરફ્યુ લાદવોજ રહ્યો તેજ હાલની પરિસ્થિતિનો તકાજો છે કેમકે ગુજરાતી કહેવત છે કે "અણી ચુક્યો સો વર્ષ જીવે" આ વિષયે ભરૂચ જિલ્લાના પ્રજા વત્સલ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમાએ બહુજ સહજ ભાષામાં માર્મિક કવિતા કરી છે

".तुफ़ान के हालत है, ना कीसी सफ़र मे रहो
पंछीयो से गुजारीश है, अपने शजर मे रहो
ईद के चांद हो, अपने ही घरवालो के लीये
ये उनकी खुशकिस्मती है, उनकी नजर मे रहो
माना बंजारो की तरफ घुमे हो उगर उगर
वकत का तकाजा है, अपने ही शहर मे रहो
तुमने खाक छानी है, हर गली हर चोबारे की
थोडे दीन की तो बात है, अपने घर मे रहो"

- ધનંજય ઝવેરી ૯૯૭૮૪૦૬૨૫૭

બ્રિટનમાં કેસોની સંખ્યા વધીને ૮૦૭૭ થઇ

બ્રિટનના પ્રિન્સ ચાલ્સ કોરોના પોઝિટિવ : કુલ ૪૨૨ના મોત

કોરોના વાયરસના સકંજામાં હવે શાહી પરિવારના સભ્યો

નવી દિલ્હી

ખતરનાક કોરોના વાયરસના સકંજામાં દુનિયાના દેશોની સાથે સાથે બ્રિટન પણ આવી ચુક્યું છે. બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સ કોરોના વાયરસ માટે પોઝિટિવ આવ્યા છે. તેઓ પહેલાથી જ સ્કોટલેન્ડમાં આઈસોલેશનમાં છે જ્યારે તેમના પત્નિ કેમિલા નેગેટિવ આવ્યા છે. થોડાક દિવસ પહેલા જ ચાર્લ્સની મુલાકાત મોનેકોના પ્રિન્સ એલ્બર્ટ સાથે થઈ હતી જે મોડેથી કોરોના પોઝિટિવ આવ્યા હતા. બ્રિટનમાં કોરોના વાયરસના પરિણામે ૪૨૨ લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે ૮૦૭૭ લોકો તેના સકંજામાં આવ્યા છે. ક્લેરેન્સ હાઉસના પ્રવક્તાએ કહ્યું છે કે, પ્રિન્સ ઓફ વેલ્સને કોરોના વાયરસ માટે પોઝિટિવ દર્શાવવામાં આવ્યા છે. તેમની બિમારીના લક્ષણ દેખાયા હતા પરંતુ શરૂઆતમાં ધ્યાન અપાયું ન હતું. જો તેઓ હવે સ્વસ્થ છે. તેઓ હાલમાં ઘરથી જ કામ કરી રહ્યા છે. ધ ચેઝ ઓફ કાર્નેવોલના પણ ટેસ્ટ કરવામાં આવ્યા છે પરંતુ તેમાં કોરોનાના કોઈ લક્ષણ આવ્યા નથી. સરકારી અને મેડિકલ સલાહના આધાર પર પ્રિન્સ હાલમાં બાલમોરલ કાસલમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. બ્રિટનના મહારાણી એલિઝાબેઝ-૨ને પહેલાથી બર્મિંગહામ પેલેસથી ખસેડી લેવામાં આવ્યા છે. તેમને વિન્ડસરમાં લઈ જવાયા છે. શાહી જવાબદારી છોડી ચુકેલા પ્રિન્સ હેરી અને તેમના પત્નિ મેગાન માર્કેલે સંદેશ આપ્યો છે કે, કોરોના વાયરસના પરિણામ સ્વરુપે માનસિક અને ભાવનાત્મકરીતે ટેન્શનમાં રહેલા લોકોને મદદ કરવાની તેમની ઈચ્છા છે. કોરોના સામે લડવા સંશાધનો અને સૂચના પાળવામાં આવે તે જરૂરી છે. બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સને દેશમાં કોરોનાને ફેલાતા રોકવા માટે લોકોની અવર જવર પર પ્રતિબંધ લાદી દીધા છે. બોરિસે કહ્યું છે કે, કોઈપણ વડાપ્રધાન પોતાના લોકો પર આ પ્રકારના દબાણ લાવી શકે નહી પરંતુ સ્થિતિ એવી છે કે, હાલમાં પ્રતિબંધની જરૂર છે. ત્રણ સપ્તાહ માટે અવરજવર પર બ્રેક મુકવાનો અમલ બ્રિટનમાં જારી કરવામાં આવ્યો છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે.કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

ઈટાલીમાં બીજા વિશ્વયુદ્ધ કરતા પણ ભયંકર સ્થિતિ

કોરોના વાયરસઃ ઈટલીમાં એક જ દિવસમાં રેકોર્ડબ્રેક ૭૪૦થી વધુ લોકોના મોત

રોમ

કોરોના વાયરસે ઈટાલીમાં કોહરામ મચાવ્યો છે. ચીન કરતા પણ વધારે કોરોના વાયરસનો માર સહન કરી રહેલા ઈટાલીમાં રોજે રોજ મૃતાંક પોતાનો જ રેકોર્ડ તોડી રહ્યો છે. ગઈ કાલે મંગળવારે વધુ ૭૪૩ લોકોના મોત નિપજયા હતાં. આ અગાઉ શનિવારે પણ ઈટાલીમાં મૃતાંક ૭૯૩ હતો. આ સાથે જ ઈટાલીમાં કુલ મૃતાંકની સંખ્યા આખી



દુનિયામાં સૌથી વધારે છે.

ચીનના વુહાનથી ફેલાયેલા આ વાઈરસે સૌથી મોટી ખૂવારી ઈટાલીમાં મચાવી છે. અહીં ૬૮૨૦ લોકોએ કોરોના વાઈરસના કારણે જીવ ગુમાવ્યા છે. જ્યારે ચીનમાં ૩૨૮૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. વિશ્વભરમાં કોરોના વાઈરસના ૪ લાખ ૨૩ હજાર કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૮ હજાર ૯૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. વાઈરસ સંક્રમિત એક લાખ નવ હજાર લોકો સારવાર બાદ સારા થઈ ગયા છે.

ઈટાલીના નાગરિક સુરક્ષા પ્રમુખ એંજલો બોરેલીએ મંગળવારે જણાવ્યું હતું કે, દેશમાં ૨૪ કલાકમાં ૭૪૩ લોકોના મોત થયા છે. સાથે ૫૨૪૯ નવા કેસ સામે

અનુ. પાના નં. ૬ પર

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634, State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

જો સરકારની વાત નહીં માનો તો મજબૂરીમાં ગોળી પણ મારી દઈશું

જો કોઈ રસ્તા પર દેખાશે તો ગોળી મારી દેવામાં આવશેઃ તેલંગાણા મુખ્યપ્રધાન

હૈદરાબાદ

તેલંગણાના મુખ્યમંત્રી કે.ચંન્દ્રશેર રાવે લોકડાઉનનું પાલન ન કરનારા લોકો સામે લાલ આંખ કરી છે. તેલંગણાની સરકારે આ આદેશનું પાલન ન કરનારા લોકોને અપીલ સાથે જણાવ્યું છે કે, જો સરકારની વાત નહીં માનો તો મજબૂરીમાં ગોળી મારવી પડી તો એ પણ કરીશું.

આ વાતની ગંભીરતા જાણી તેલંગણાના મુખ્યમંત્રી ચંન્દ્રશેખર રાવે જણાવ્યું હતું કે, રાજ્યના લોકોને હું બહાર નહીં નિકળવાની અપીલ કરુ છું. કોઈ પણ કિંમતે રોડ પર ન દેખાતા. કોઈ પણ કોઈ પણ પ્રકારની મુશ્કેલી હોય તો, ૧૦૦ નંબર પર ફોન કરો. ગાડી તમારે ઘરે આવી મદદ કરશે. રાવે લોકોના મદદને અપીલ કરી છે. સાથે જ તેમણે



કહ્યું હતું કે, જો લોકો આ વાતને ગંભીરતાથી નહીં લે તો મજબૂરીમાં ગોળી મારવાનો આદેશ પણ આપવામાં આવશે. બાદમાં જરૂર પડશે તો, સેનાને પણ બોલાવીશું.

આપને જણાવી દઈએ કે, વડાપ્રધાન મોદીએ ગત રોજ ૮ વાગ્યો સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લૉકડાઉન જાહેર કર્યું છે. જે અંતર્ગત સમગ્ર દેશમાં જીનજીવન ઠપ્પ થઈ ઘરમાં પુરાઈ ગયું છે, તેમ છતાં પણ અમુક લોકો કારણવગરના રસ્તાઓ પર ટહેલતા જોવા મળતા હોય છે.આવા સમયે જરૂરી છે કે, સરકાર અને પોલીસના આદેશનું પાલન કરવામાં આવે. જો કે, અમુક લોકો આદેશને ઘોળીને પી જતા હોય છે, ત્યારે સરકારે મજબૂરીવશ કડક હાથે કાર્યવાહી કરવી પડતી હોય છે.

કમલનાથે પોતાને આઇસોલેટ કર્યા

કમલનાથની પ્રેસ કોન્ફરન્સમાં ભાગ લેનાર પત્રકારની પુત્રીને કોરોના પોઝિટિવ

ભોપાલ

રવિવારે પ્રોફેસર્સ કોલોનીમાં પોઝિટિવ મળી આવેલી છોકરીના પિતા પણ સંક્રમિત થયા છે. છોકરીના પિતા પત્રકાર છે. તેઓ ૨૦ માર્ચે પૂર્વ મુખ્યમંત્રી કમલનાથની પ્રેસ કોન્ફરન્સમાં સામેલ થયા હતા. જેમાં કમલનાથે રાજીનામાની જાહેરાત કરી હતી. પત્રકારમાં સંક્રમણ સામે આવવાના કારણે કમલનાથે પણ પોતાને આઈસોલેટ કરી લીધા છે.

કોરોના મહામારીઃ કેન્દ્ર ૮૦ કરોડ લોકોને ૨ રૂ.કિલોના ભાવે ઘઉં આપશે

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસની મહામારીના પગલે કેન્દ્ર સતત મહત્વના પગલા લઈ રહી છે. જેમાં કેબિનેટ બેઠકમાં સરકારે ૮૦ કરોડ લોકોને સસ્તું અનાજ આપવાનો નિર્ણય કર્યો છે.

કેન્દ્રીય કેબિનેટમાં નિર્ણય કરવામાં આવ્યો છે કે હવે દેશના ૮૦ કરોડ લોકોને ૨ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ઘઉં અને ૩ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ચોખા આપવામાં આવશે. કોરોના વાઈરસના કારણે આ આગામી ૩ મહિના સુધી લાગું રહેશે.

ભાજપના ધારાસભ્યો એક-એક લાખ રૂપિયાની સહાય કરશે

કોરોના વાયરસના જંગ સામે લડવા માટે ગુજરાત ભાજપના તમામ ધારાસભ્યો ૧-૧ લાખ રૂપિયાની સહાય કરશે. જેની જાહેરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ કરી છે. મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં રકમ જમા કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ગુજરાતના પથી ૬ સાંસદોએ મદદની જાહેરાત કરી છે.

વૈજ્ઞાનિકોના મતે દેશમાં મધ્ય મે મહિના સુધી કોરોનાના ૧૩ લાખ પોઝિટિવ કેસ થઈ શકે..!!

ન્યુ દિલ્હી

કોરોના વાયરસને કારણે આખું વિશ્વ પરેશાન છે. વડાપ્રધાન મોદીએ ૨૪મીએ રાત્રે આઠ વાગ્યે દેશને સંબોધન કરતા દેશમાં ૨૧ દિવસ સુધી લૉકડાઉનની જાહેરાત કરી દીધી છે. કોરોનાને ફેલાતો અટકાવવા માટે અને તેની સાઈકલને તોડવા માટે આવું પગલું ઉઠાવવામાં આવ્યું છે. જ્યારે બીજી તરફ વૈજ્ઞાનિકોની એક ટીમે ભારત માટે ચેતવણી ઉચ્ચારી છે. તેમના મતે ભારતમાં જો આવી જ રીતે કોરોના ફેલાતો રહેશો તો મે મહિનાના મધ્ય સુધીમાં દેશમાં કોરોનાના ૧૩ લાખ દર્દીઓ હશે. જોકે, અહીં એ નોંધવું રહ્યું કે અન્ય દેશોની સરખામણીમાં કોરોનાને ફેલાતો અટકાવવા માટે ભારત ખૂબ સફળ રહ્યું છે.

કોવિડ-૧૯ સ્ટડી ગ્રુપના જણાવ્યા પ્રમાણે "કોરોના વાયરસની કોઈ પણ માન્ય રસી ન હોવાને કારણે જ્યારે તે બીજી અને ત્રીજા તબક્કામાં પ્રવેશ કરશે ત્યારે વિનાશ વેરશે. કારણ કે ભારતની હેલ્થકેર સિસ્ટમ પર પહેલાથી જ વધારે પડતો ભાર છે.

અમેરિકા અને ઈટાલીના દાખલા લેવામાં આવે તો અહીં કોવિડ-૧૯ ધીમે ધીમે પ્રસરવાની શરૂઆત થઈ હતી, પરંતુ બાદમાં અચાનક જ પોઝિટિવ કેસોની સંખ્યા ખૂબ વધી ગઈ હતી. ગુપ્રના કહેવા પ્રમાણે હાલમાં કોરોનાના ફેલાવા અંગે જે અંદાજ લગાવવામાં આવી રહ્યો છે તે શરૂઆતના તબક્કાના ડેટા અને ઓછા ટેસ્ટિંગ પરથી લગાવવામાં આવી રહ્યો છે.

માર્ચ ૧૯ સુધી ભારતમાં કોરોના વાયરસના ફેલાવાની જે પેટર્ન રહી છે તે અમેરિકામાં પ્રથમ ૧૩ દિવસ દરમિયાન જોવા મળેલી પેટર્ન જેવી જ છે. આવી જ પેટર્ન ઈટાલીમાં વૈશ્વિક મહામારીના પ્રથમ ૧૧ દિવસમાં જોવા મળી હતી.વૈજ્ઞાનિકોની કહેવું છે કે, ભારતની હેલ્થકેર સિસ્ટમ ખૂબ જ બોજ હેઠળ છે, તેમાં સામાન્ય દર્દીને સારવાર આપવાનું પણ મુશ્કેલ બનતું હોય છે. ભારતમાં દર ૧૦૦૦ લોકોએ હૉસ્પિટલ બેડની સંખ્યા ફક્ત ૦.૭ છે. ફ્રાંસમાં આ સંખ્યા ૬.૫, દક્ષિણ કોરિયામાં ૧૧.૫, ચીનમાં ૪.૨, ઈટાલીમાં ૩.૪, યૂકેમાં ૨.૯, અમેરિકામાં ૨.૮ અને ઈરાનમાં ૧.૫ છે. એટલે કે આ મામલે આપણી હાલત ઈરાન કરતા પણ ખરાબ છે.

નોંધનીય છે કે ૨૪મી તારીખે દેશના વડાપ્રધાન મોદીએ દેશને સંબોધન કરતા જણાવ્યું હતું કે આપણે ૨૧ દિવસના લૉકડાઉનનું ચુસ્ત રીતે પાલન કરવું જરૂરી છે. જો આવું નહીં થાય તે દેશ ૨૧ વર્ષ માટે પાછળ ચાલ્યો જશે. જેનાથી અનેક પરિવારો બરબાદ થઈ જશે.

અમેરિકા બન્યું બીજુ વુહાન..!,એક જ દિવસમાં ૧૩૦ લોકોના મોત

અમેરિકામાં હાહાકારઃ એક જ દિવસમાં કોરોનાના ૧૦,૦૦૦ કેસ

અમેરિકામાં ૨૦૦૦ અરબ ડૉલરનું રાહત પેકેજ

અમેરિકામાં વ્હાઈટ હાઉસ અને સાંસદના બન્ને દળોના નેતાઓની વચ્ચે અર્થ વ્યવસ્થાને ૨૦૦૦ અબજ ડોલરના રાહત પેકેજ આપવા પર સહમતિ મળી ગઈ છે. આ પેકેજનો હેતુ કર્મચારીઓ, વ્યવસાયકર્તાઓ અને સ્વાસ્થ્ય પ્રણાલીને મજબૂતી આપશે. મુખ્ય વ્હાઈટ હાઉસના સહાયક એરિક ઉલેંડે અડધી રાતે કેપિટલ હૉલવમાં સમજૂતિની જાહેરાત કરી છે. ઉલેંડે કહ્યું કે આ રાહત પેકેજમાં સૌથી વધારે અમેરિકનોને પ્રત્યક્ષ ચૂકવણી કરવામાં આવશે. બેરોજગારી લાભને વધારવામાં આવશે. નાના વ્યવસાયીકારોને ૩૬૭ અરબ ડોલરની મદદ મળશે. આ ઉપરાંત વિમાન અને સ્વાસ્થ્ય સેવા સાથે જોડાયેલા મોટા ક્ષેત્રમાં વિશેષ પેકેજ આપવામાં આવશે.

સંક્રમિતોની કુલ સંખ્યા ૪૪,૦૦૦ને પારઃ અત્યાર સુધી ૬૦૦થી વધુ લોકોના મોત

ન્યૂયોર્ક

વિશ્વની મહાસત્તા અમેરિકા હાલમાં કોરોના મહામારી કટોકટીનો સામનો કરી રહ્યું છે. અને આજે એક જ દિવસમાં કોરોનાના અંદાજે ૧૦ હજાર નવા કેસો આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને જો કે આશા છે કે, દેશની ઈકોનોમી ૧૨ એપ્રિલ સુધીમાં પાટા પર ચઢી જશે. બીજી તરફ અમેરિકામાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થયો છે. તેમાં પણ એક દિવસમાં ૧૦,૦૦૦ કેસ સામે આવતા દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૪૪,૦૦૦ પર પહોંચી ચુકી છે. પહેલી વખત એક જ દિવસમાં ૧૩૦ લોકોના મોત પણ થયા છે. જેના કારણે અમેરિકામાં ૬૦૦થી વધુ લોકો અત્યાર સુધીમાં કોરોનાના કારણે મોતને ભેટી ચુક્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચેતવણી આપતા ક્હ્યું છે કે અમેરિકા ઈટાલીની જેમ મહામારીનું કેન્દ્ર બની શકે છે. પાડોશી દેશ પાકિસ્તાનમાં પોઝિટિવ કેસની સંખ્યા એક હજાર થઈ ગઈ છે અને સાત લોકોના મોત થયા છે.

અમેરિકામાં પણ લોકડાઉન વચ્ચે વસ્તુઓના કાળાબજાર થઈ રહ્યા છે.અમેરિકન સરકારે ચેતવણી આપી છે કે, જે પણ કાળાબજારમાં સામેલ હશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. અમેરિકામાં ન્યૂયોર્ક શહેર કોરોનાનુ એપિસેન્ટર બની ગયુ છે. અહીંયા એક જ દિવસમાં કોરોનાના ૫૦૦૦ નવા દર્દીઓ સામે આવ્યા છે.

સમગ્ર દુનિયાની વાત કરીએ તો ૧૯૪ દેશોમાં વાયરસ ફેલાયો છે. જેમાં ૧૯,૯૦૫ લોકોનાં મોત થઈ ચૂકયા છે. અત્યારસુદીમાં ૪ .૨૨ લાખ લોકો કોરોના પોઝિટીવ છે. જેમાંથી ૧.૨૯ લાખ લોકો સ્વસ્થ થયા છે. સૌથી ઝડપી કોરોના અમેરિકામાં વધી રહ્યો છે. અમેરિકામાં કોરોના વાઈરસનું સંક્રમણ ખૂબજ ઝડપી ગતિએ વધુ રહ્યું છે. દેશમાં પ્રથમ કેસ ૨૧ જાન્યુઆરીએ સામે આવ્યો હતો અને અત્યાર સુધીમાં ૭૮૨ લોકોના મોત થયા છે અને કુલ ૫૪૮૬૭ કેસ પોઝિટિવ છે. સીએનએનના રિપોર્ટ મુજબ ૪ માર્ચથી સંક્રમણના કેસ ૨૩% ના દરે વધ્યા છે. ૧૮થી ૧૯ માર્ચ સુધી અમેરિકામાં સંક્રમણના કેસમાં એક જ દિવસમાં ૫૧ ટકાનો વધારો જોવા મલ્યો છે.

રશિયામાં ૭.૫ની તીવ્રતાનો ભૂકંપઃ સુનામીની આશંકા



મોસ્કો: વિશ્વ આખુ જ્યારે કોરોના વાયરસ સામે જંગ લડી રહ્યું છે, ત્યારે રશિયામાં અન્ય એક મુશ્કેલીમાં ઘેરાયું છે. રશિયામાં ભૂકંપના ઝટકા જોવા મળ્યા છે. રશિયામાં આવેલા આ ભૂકંપના આંચકા ૭.૫ રિક્ટર સ્કેલના હોવાનું સામે આવ્યું છે. જેનું કેન્દ્ર રશિયાના કુરિલ આઈલન્ડથી લગભગ ૨૧૮ કિમી દૂર સાઉથ-ઈસ્ટના સેવેરોમાં મળ્યું છે. રશિયામાં આવેલો આ ભૂકંપના આંચકા સ્થાનિક સમય મુજબ જોઈએ તો, ત્યાં બુધવારના બપોરે અનુભવાયા હતા. ભૂકંપ બાદ અહીં સુનામી આવવાના પણ અણસાર આપ્યા છે. તાજેતરમાં પ્રાપ્ત વિગતો પ્રમાણે જોઈએ તો, હજૂ સુધી કોઈ જાનહાનીની ખબર આવી નથી. આપને જણાવી દઈએ કે, સેવેરો-કુરિલ એક નાનુ એવુ શહેર છે. જ્યાંની વસ્તી લગભગ ૨૫૦૦ની છે. અગાઉ આ ભૂકંપની તિવ્રતા ૭.૮ જણાવવામાં આવી હતી. પણ બાદમાં તેને ૭.૫ નોંધાઈ છે.

મુખ્યમંત્રી યોગીએ રામલલ્લાની વિશેષ આરતી કરી

અયોધ્યામાં આખરે ૨૮ વર્ષો બાદ રામલલાનું તંબુમાંથી અસ્થાયી મંદિરમાં સ્થાપન થયું

અયોધ્યા

અયોધ્યામાં બુધવારે રામલલાને ચાંદીના સિંહાસન પર બિરાજમાન કરવામાં આવ્યા. નવા મંદિરમાં શિફ્ટીંગ બાદ હવે મુળ ગર્ભગૃહ પર રામ મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થશે. ભગવાન શ્રી રામલલાને જે સિંહાસન પર બિરાજમાન કરવામાં આવ્યા છે તે ચાંદીનું છે અને તેનું વજન ૯.૫ કિલોગ્રામ છે.

જન્મભૂમિ પરિસરમાં રામલલા બુધવારે નવરાત્રિના પહેલા દિવસે અસ્થાઈ ફાઈબરના મંદિરમાં બિરાજમાન થઈ ગયા. છેલ્લા ૨૮ વર્ષોથી તેઓ એક તંબુમાં બિરાજમાન હતા. રામલલાના શિફ્ટીંગ પહેલા અસ્થાયી મંદિરનું શુદ્ધિકરણ કરવામાં આવ્યું હતુ. આ સમયે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ અને અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા.

બુધાવારે સવારે બ્રહ્મ મૂર્હતમાં અંદાજે વહેલી સવારે ૪ વાગ્યે શ્રીરામજન્મભૂમિ પરિસરમાં આવેલા ગર્ભગૃહમાં રામલલાને સ્નાન અને પૂજા અર્ચના બાદ અસ્થાયી મંદિરમાં શિફ્ટ કરી દેવામાં આવ્યા. ફાઈબરના આ નવા મંદિરમાં રામલલાને બિરાજમાન કરવા માટે અયોધ્યાના રાજવી પરિવાર તરફથી ચાંદીનું સિંહાસન ભેટ આપવામાં આવ્યું છે. ૯.૫ કિલોના આ સિંહાસનને જયપુરમાં બનાવડાવવામાં આવ્યું છે.

ઈટાલી પછી અમેરિકા મહામારીનું કેન્દ્ર બની શકે છેઃ WHOની ચેતવણી

કોરોના વાયરસનો પ્રકોપઃ વિશ્વભરમાં કોરોનાથી ૧૮,૯૦૦થી વધુનાં મોત

વિશ્વમાં કુલ ૪ લાખથી વધુ કેસ,કોરોના વાઈરસના એપી સેન્ટર ચીનના વુહાનમાં બસ સેવા ચાલુ કરાઈ

વોશિંગ્ટન/રોમ

કોરોના વાઈરસે વિશ્વના મોટાભાગના દેશોને પોતાના ભરડામાં લઈ લીધા છે. આ લખાઈ રહ્યું છે ત્યારે વિશ્વભરમાં કોરોના વાઈરસના ૪ લાખ ૨૩ હજાર કેસ નોંધાઈ ચૂક્યા છે, જેમાંથી ૧૮ હજાર ૯૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. વાઈરસ સંક્રમિત એક લાખ નવ હજાર લોકો સારવાર બાદ સારા થઈ ગયા છે. ચીનના વુહાનથી ફેલાયેલા આ વાઈરસે સૌથી મોટી ખૂવારી ઈટાલીમાં મચાવી છે. અહીં ૬૮૨૦ લોકોએ કોરોના વાઈરસના કારણે જીવ ગુમાવ્યા છે. જ્યારે ચીનમાં ૩૨૮૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચેતવણી આપતા ક્હ્યું છે કે અમેરિકા ઈટાલીની જેમ મહામારીનું કેન્દ્ર બની શકે છે.

સ્પેનમાં પણ એક જ દિવસમાં અંદાજે ૫૦૦ જેટલાં મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૮૦૦ થઈ ગયો છે. બીજીબાજુ અમેરિકામાં પણ કોરોનાનો ભરડો વધાર્યો છે, જ્યાં એક જ દિવસમાં ૫૮૦૦થી વધુ નવા કેસો સાથે લગભગ ૪૪૦૦૦ કેસ નોંધાયા છે. અહીં કુલ મૃત્યુઆંક ૭૦૦ થયો છે.

ચીનમાં સૌપ્રથમ વખત કૂરતા દેખાયા પછી કોરોના વાયરસ લગભગ ત્રણથી ચાર મહિનાના સમયમાં વિશ્વના ૧૭૫થી વધુ દેશોમાં પ્રસરી ગયો છે. આ સમયમાં વિશ્વમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૧૮,૯૦૦ થઈ ગયો છે જ્યારે ૪.૨૩ લાખ કેસ નોંધાયા છે. વિશ્વમાં એક જ દિવસમાં કોરોનાન ૨૩,૦૦૦ નવા કેસ નોંધાયા છે જ્યારે ૧,૦૦૦થી વધુ લોકોના મોત થયા છે. ચીનની બહાર કોરોનાની સૌથી ગંભીર અસર યુરોપમાં ઈટાલી, સ્પેન, જર્મની જ્યારે મધ્ય-પૂર્વમાં ઈરાન પર જોવા મળી છે. ઈટાલીમાં છેલ્લા કેટલાક દિવસથી સતત એક જ દિવસમાં ૫૦૦થી વધુ લોકોનાં મોત નીપજી રહ્યાં છે.

ઈરાનથી ભારત આવ્યા ૨૭૭ ભારતીય, ૧૪ દિવસ આઈસોલેશન સેન્ટરમાં રહેવું પડશે

જોધપુર

હાલ સમગ્ર દેશમાં કોરોના વાયરસનો કહેર વર્તાઈ રહ્યો છે. આ તરફ વડાપ્રધાન મોદીએ પણ ગત રોજ દેશમાં ૨૧ દિવસનું લોકાડાઉન જાહેર કર્યું છે. ત્યારે લોકોમાં પણ કોઈ પણ પ્રકારનો ડર ન ફેલાઈ અને આ વાયરસથી કઈ રીતે બચી શકાય તે માટે કેન્દ્ર અને રાજ્યો સરકાર પણ સતત પ્રયત્નશીલ છે. જો કે, આ તમામ ખબરની વચ્ચે એક ખબર આવી રહી છે કે, ઈરાનમાંથી ભારતીય નાગરિકોનો એક જથ્થો ખાસ વિમાન મારફતે જોધપુર આવ્યા છે.

આ અગાઉ પણ ૧૫ માર્ચના રોજ ઈરાનમાં ૨૩૪ ભારતીયોનો જથ્થો આવ્યો હતો. વિદેશ મંત્રી એસ જયશંકરે જણાવ્યું હતું કે, ઈરાનમાં ફસાયેલા ૨૩૪ ભારતીયો પાછા આવ્યા છે. ઈરાનમાં ભારતીય રાજદૂત અને ઈરાનમાં ભારતીય હાઈકમિશનના પ્રયત્નોનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ ઈરાની અધિકારીઓનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. આ અગાઉ પણ ૨૩ ભારતીયોને એક જથ્થો ભારત આવ્યો હતો.



અમેરિકામાં એક જ દિવસમાં ૧૦,૦૦૦ હજાર નોંધાયા, ૬૦૦થી વધુના મોત

કોરોનાનો અમેરિકામાં હાહાકાર: ભારતમાં આર્મી સ્ટેન્ડ ટુ

ભારતમાં કુલ ૫૯૦થી વધુ પોઝિટિવ કેસ, ૧૧ના મોતઃ લોકડાઉનમાં પણ લોકો નહીં માનતા દેશને મહામારીમાંથી બચાવવા સરકાર આર્મીને મોરચો સોંપે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

આખી દુનિયાને મુશ્કેલીમાં મૂકનાર ભયાનક કોરોના વાઇરસ-કોવિડ૧૯ની સામે ઝઝુમી રહેલા ભારતે જો વહીવટીતંત્ર પહોંચી ન વળે તો આર્મીની મદદ લેવાની તૈયારી રાખી હોવાના અહેવાલ વચ્ચે અમેરિકામાં એક જ દિવસમાં કોરોનાના ૧૦ હજાર પોઝીટીવ કેસો બહાર આવતાં હાહાકાર મચી ગયો છે. અમેરિકાએ પણ કોરોનાનો સામનો કરવા પોતાની આર્મીની મદદ લીધી છે. ભારતે પણ જરૂર પડે તો આર્મીને કેટલીક કામગીરી સોંપવાની વિચારણા વચ્ચે સીડીએસ બિપીન રાવત દ્વારા એવું સૂચક નિવેદન આવ્યું છે કે કોરોનાનો સામનો કરવા આર્મી સુસજ્જ છે.

જીવલેણ કોરોના વાઇરસથી લોકોને બચાવવા મોદી સરકાર દ્વારા ૧૩૦ કરોડની વસ્તી ધરાવતાં ભારતમાં દુનિયાના સૌથી મોટા ૨૧ દિવસના લોકડાઉનનો પ્રારંભ થઇ ગયો છે. ૧૪ એપ્રિલ સુધી ચાલનારા આ લોકડાઉનનો આજે પહેલો દિવસ હતો. આજે પોઝીટીવ કેસોની સ્ખ્યા વધીને ૫૮૮ પર પહોંચી છે. વધુ એક મોત સાથે કોરોનાથી મરનારાઓની સંક્યા ૧૧ પર પહોંચી છે. સૈથી વધારે કેસો મહારાષ્ટ્રમાં ૧૦૦ કરતાં વધારે નોંધાયા છે. રોગથી બચાવવા લોકોને એકબીજાથી દૂર રાખવા માટેનો લોકડાઉન કર્ફ્યુ સમાન જ છે એમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઇકાલે રાત્રે કરેલા રાષ્ટ્રજોગ સંબોધનમાં વારંવાર કહેવા છતાં હજુ જે લોકો તેનો ભંગ કરીને બિનજરૂરી રીતે ઘરની બહાર નિકળે છે તેમની સામે કડકાઇથી કામ લેવા પોલીસને સુચના આપતાં ઘણાં સ્થળોએ ડંડાવાળીના બનાવો બન્યા છે. કોરોનાના ચક્રને તોડવા માટે ૨૧ દિવસ સુધી સામાજિક દૂરી અનિવાર્ય હોવાથી તેનું પૂરેપૂરુ પાલન કરવા સરકાર અને સેલેબ્રિટી સહિત સૌ લોકોની અપીલને માન આપીને પોતાના જીવનને બચાવવા માટે પણ લોકો લોકડાઉનનો પોતાની જાતે જ અમલ કરીને બીજાને પણ બચાવે તેવી એક સર્વસામાન્ય અને સર્વવ્યાપી લાગણી પ્રવર્તી રહી છે. તેલંગાણા સરકારે, જો લોકો લોકડાઉનનો ભંગ કરશે તો દેખો ત્યાં ઠારના હુકમો આપવાની ચીમકી આપી છે. તેને પણ જનહિતમાં લોકો દ્વારા આજની ઘડીએ સમયનો તકાજો સમજીને સમર્થન મળી રહ્યું છે. કોરોના સામે લડવા જરૂર પડે તો ભારતની સેના પણ સુસજ્જ હોવાની ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અને પૂર્વ સેના અધ્યક્ષ જનરલ બિપીન રાવતની જાહેરાતને સૂચક માનવામાં આવી રહી છે. બની શકે કે જો વહીવટી તંત્ર પહોંચી ન વળે તો સેના મોરચો સંભાળી શકે. અમેરિકામાં એવું બન્યું છે. તો બીજી તરફ જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવવામાં લોકોને મુશ્કેલી પડી રહી હોવાના પણ અહવાલો છે.

આખી દુનિયાને પોતાના ભરડામાં લેનાર ચીનના કોરોના વાઇરસથી ભારત પણ બાકાત રહ્યું નથી. અને કેન્દ્ર સરકારે રાજ્યોના સહકારથી તેનો સામનો કરવા કમર કસી છે.જનતા કરફ્યુ બાદ હવે ૨૧ દિવસ સુધી લોકોને એકબીજાના સંપર્કથી દૂર રાખવા આરોગ્ય નિષ્ણાતોની સલાહથી સરકારે ૨૧ દિવસનો સોકડાઉન અમલમાં મૂક્યો છે. આમ તો સરકારની જાહેરાતના પગલે જ ગઇકાલે રાતથી જ લોકો ફફડાટમાં આવીને જરૂરી ચીજ વસ્તી ખરીદી માટે પડાપડી કરી હતી. જો કે સરકારો અને સ્થાનિક સ્તરેથી લોકોને જરૂરી સામાન મળશે તેવી ખાતરી આપતાં કંઇક રાહત મળી છે.

દેશના ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ કોરોના સંક્રમણના સંકજામાં આવી ગયા છે. કોરોનાગ્રસ્તોની સંખ્યા આજે બુધવારે સવાર સુધી ૫૮૯ થઈ ગઈ છે, અને અત્યાર સુધી ૧૧ લોકો તેના શિકાર બન્યા છે. તમિલનાડુના મદુરૈમાં સવારે ૫૪ વર્ષીય સંક્રમિત દર્દીનું સારવાર દરમિયાન મોત થયું છે. કોરોનાના સૌથી વધારે ૧૧૨ કેસ મહારાષ્ટ્રમાં છે, જ્યારે કેરળ ૧૦૯ કેસ સાથે બીજા નંબરે છે. તેલંગાણાના મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવે ચેતવણી ફતાં કહ્યું છે કે "લોકો લોકડાઉનનું ઉલ્લંઘન ન કરે. અમેરિકામાં તેના અમલ માટે સેના બોલાવવી પડી હતી. જો આપણા અહીંયા સ્થિતિ નિયંત્રણમાં નહીં આવે તો ગોળી મારવાના આદેશ આપવા માટે મજબૂર થવું પડશે."

કોરોનાના સંક્રમણના કારણે છેલ્લાં ૧૫ દિવસમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. બુધવારે સવારે મદુરૈમાં ૫૪ વર્ષીય કોરોના સંક્રમિત દર્દીનું મોત થઈ ગયું છે. તમિલનાડુના સ્વાસ્થ્ય મંત્રી સી વિજય ભાસ્કરે કહ્યું કે, દર્દીને લાબાં સમયથી ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની સમસ્યા હતી

રાજસ્થાનમાં ચાર નવા કેસ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. જેમાંથી બે વ્યક્તિ ભીલવાડાના મેડિકલ સ્ટાફના છે. હવે રાજ્યમાં સંક્રમિતોનો આંકડો ૩૬એ પહોંચ્યો છે.

ડરીને ખરીદી ન કરશો, જરૂરિયાત વાળી વસ્તુઓ જ લેશો, એવી અપીલ સાથે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, કોરોનાને હરાવવા માટે આપણે બધાએ ઘરે રહેવું જોઈએ. ગભરાવાની જરૂર નથી. વડાપ્રધાન મોદીના ભાષણ બાદ મંગળવારે લોકોએ જરૂરી ચીજો ખરીદવા માટે દુકાનો પર ભીડ જમાવી હતી. હું ફરી લોકોને અપીલ કરીશ કે તે ગભરાઈને ખરીદી ન કરે. હું લોકો આશ્વાસન આપું છું કે એવી વસ્તુઓમાં કોઈ ઘટાડો નહીં થાય. જરૂરી સેવાઓ આપનારા લોકો પાસે આઈ કાર્ડ નથી સરકાર તેમને આપશે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી કાર્યાલયે કહ્યું કે,લોકડાઉનમાં રાજયમાં તમામ જરૂરી સામાનની દુકાનો સવારે ૭ થી ૧૦ વાગ્યા સુધી ખુલી રહેશે. તો છત્તીસગઢમાં સરકારે તમામ ગરીબ પરિવારે એપ્રિલ અને મે મહિનામાં સાર્વજનિક વિતરણ પ્રણાલી (રેશન)હેઠળ મફત ચોખા આપવાની જાહેરાત કરી છે. ઉત્તરપ્રદેશ-દિલ્હી બોર્ડર પર પોલીસની બેરકેડિંગ ચાલું છે. પોલીસ માત્ર જરૂરી સામાન વાળી ગાડીઓને જવાની મંજૂરી આપી રહી છે.

મહારાષ્ટ્રમાં સાંગલીમાં એક જ પરિવારના ૫ વ્યક્તિઓ કોરોના સંક્રમણનો ભોગ બન્યાં. આ સાથે મહારાષ્ટ્રમાં કોરોના પોઝિટિવની સંખ્યા ૧૧૨ પર પહોંચી. ગઇ છે.મધ્યપ્રદેશના ઈન્દોરમાં ૬ લોકોના કોરોનાથી પોઝિટિવ મળી આવ્યા છે, જેમાંથી પાંચ લોકો ઈન્દોરના અને એક ઉજ્જૈનનો રહેવાસી છે. ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને રાજ્ય અને જિલ્લા સ્તરે ૨૪ કલાક કામ કરવા વાળો કંટ્રોલ રૂમ બનાવવા માટે કહ્યું છે.

નોંધનીય છે કે દુનિયાના ૧૯૫ દેશોમાં વાયરસ ફેલાયો છે. જેમાં ૧૮,૯૦૫ લોકોનાં મોત થઈ ચૂકયા છે. અત્યારસુદીમાં ૪ .૨૨ લાખ લોકો કોરોના પોઝિટીવ છે. જેમાંથી ૧.૨૯ લાખ લોકો સ્વસ્થ થયા છે. સૌથી ઝડપી કોરોના અમેરિકામાં વધી રહ્યો છે. અમેરિકામાં કોરોના વાઈરસનું સંક્રમણ ખૂબજ ઝડપી ગતિએ વધુ રહ્યું છે. દેશમાં પ્રથમ કેસ ૨૧ જાન્યુઆરીએ સામે આવ્યો હતો અને અત્યાર સુધીમાં ૭૮૨ લોકોના મોત થયા છે અને કુલ ૫૪૮૬૭ કેસ પોઝિટિવ છે. સીએનએનના રિપોર્ટ મુજબ ૪ માર્ચથી સંક્રમણના કેસ ૨૩% ના દરે વધ્યા છે. ૧૮થી ૧૯ માર્ચ સુધી અમેરિકામાં સંક્રમણના કેસમાં એક દિવસમાં ૫૧ ટકાની વૃદ્ધી થઈ છે.

ક્લાઈમેટ ચેન્જ,ગ્લોબલ વોર્મિંગ મુદ્દે શક્તિશાળી દેશોને ઠપકો આપનાર

પર્યાવર એક્ટિવિસ્ટી ગ્રેટા થનબર્ગ કોરોના વાયરસની ચપેટમાં

સ્ટોકહોમ

ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવા મુદ્દા પર શક્તિશાળી દેશોને ઠપકો આપનારી પર્યાવર એક્ટિવિસ્ટી ગ્રેટા થનબર્ગનું કહેવું છે કે તે કોરોના વાયરસનો શિકાર બની છે. ગ્રેટા ઉપરાંત તેના પિતા અને સ્વીડનના એક્ટર સ્વાંતે થનબર્ગમાં પણ કોરોના વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. ગ્રેટા પોતાના પિતા સાથે મકાન ભાડે લઈને આઈસોલેશનમાં જતી રહી છે. સાથે જ ગ્રેટાએ લોકોને ઘરમાં રહેવાની અપીલ કરી છે.

ગ્રેટાએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ મૂકીને જણાવ્યું કે, તેના શરીરમાં કોવિડ-૧૯ના લક્ષણો દેખાઈ રહ્યા છે. આ લક્ષણ યુરોપમાં ટ્રેનમાં મુસાફરી કર્યા બાદ દેખાવાના શરૂ થયા હતા. વિભિન્ન દેશોમાં ટ્રેનની મુસાફરી પર લગાવાયેલા પ્રતિબંધ પહેલા ગ્રેટાએ પિતા સાથે ટ્રેનમાં મુસાફરી કરી હતી. જો કે, ગ્રેટાએ સ્પષ્ટ કર્યું છે કે તેનો અથવા તેના પિતાનો કોરોનાનો ટેસ્ટ થયો નથી, કારણકે સ્વીડનમાં માત્ર એ લોકોનો ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે જેમનામાં ગંભીર લક્ષણો દેખાતા હોય.

સંયુક્ત રાષ્ટ્ર અને દાવોસમાં ક્લાઈમેટ ચેન્જ મુદ્દે મજબૂતાઈથી અવાજ ઉઠાવનારી ૧૭ વર્ષની ગ્રેટાએ લખ્યું, "હું સેન્ટ્રેલ યુરોપથી ઘરે આવી ત્યારથી જ મેં મારી જાતને આઈસોલેટ કરી નાખી હતી. મને લાગે છે કે મને કોરોના છે કારણકે મેં ટ્રેનમાં મુસાફરી કરી હતી. હું કોઈના જીવનને જોખમમાં મૂકવા માગતી નથી. ટ્રેનમાં મુસાફરીના થોડા દિવસ બાદ મારામાં કોરોનાના લક્ષણો દેખાવા શરૂ થયા હતા. એ જ વખતે મારા પિતાના શરીરમાં પણ ગંભીર લક્ષણો દેખાયા હતા.

---

૧૦ દેશોમાં કર્ફ્યુ, ૩૫ દેશોમાં અનિવાર્ય લોકડાઉન જાહેર

વિશ્વભરમાં ૫૦થી વધુ દેશો લોકડાઉનઃ ૨૩૦ કરોડથી વધુ લોકો ઘરોમાં કેદ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસને કારણે વિશ્વભરના ૫૦થી વધુ દેશોએ લોકડાઉન જાહેર કરેલ છે. આના કારણે લગભગ ૨૩૦ કરોડ લોકો પોતપોતાના ઘરોમાં કેદ થઈ ગયેલા છે. જેમા એકલા ભારતમાં જ ૧૩૦ કરોડ લોકો ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યાથી પોતપોતાના ઘરોમાં પુરાઈ ગયા છે. પીએમ મોદીએ ગઈકાલે ભારતમાં ૨૧ દિવસના અનિવાર્ય લોકડાઉનનુ એલાન કર્યુ હતુ અને કહ્યુ હતુ કે આને લોકો કર્ફ્યુ જ ગણે. લોકડાઉન જાહેર કરનારા અનેક દેશોએ આને અનિવાર્ય કરેલ છે તો કેટલાકે આને કડકાઈથી લાગુ નથી કર્યુ. ફકત લોકોને ઘરમાં જ રહેવા અપીલ કરાય છે.

લગભગ ૧૯૫.૯ કરોડની વસ્તીવાળા ૩૫ દેશોએ અનિવાર્ય લોકડાઉન કર્યુ છે. અનિવાર્ય લોકડાઉનનો અર્થ છે કે જરૂર વગર ઘરની બહાર નિકળવાની સ્પષ્ટ મનાઈ અને આવુ કરનારા સામે કડકાઈથી કામ લેવામાં આવશે અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. આ દેશોમાં ૧૩૦ કરોડની વસ્તીવાળુ ભારત સૌથી મોટુ છે. આ સિવાય ફ્રાન્સ, ઈટાલી, આર્જેન્ટીના, ઈરાક, ગ્રીસ, રૂવાન્ડા અને અમેરિકાનું કેલીફોર્નિયા રાજય છે. ગઈકાલે કોલંબીયાને પણ આ લીસ્ટમાં સામેલ કરવામાં આવેલ છે. ન્યુઝીલેન્ડ આજથી લોકડાઉન થયુ છે. મોટાભાગના દેશોમાં જરૂરી કામ પર જવા કે મેડીકલ સુવિધા માટે જવાની છૂટ છે.

લગભગ ૫ દેશો (૨૨.૮ કરોડની વસ્તી) એ પોતાના લોકોને અપીલ કરી છે કે ઘર પર જ રહે અને ઓછામાં ઓછા લોકોના સંપર્કમાં આવે. આ દેશોમાં ઈરાન, જર્મની અને બ્રિટન સામેલ છે. બ્રિટનમાં દરીયા કિનારે અને બાગોમાં ભીડ જમા થયા બાદ કડકાઈ વર્તવાની ચેતવણી આપવામાં આવી છે. ઈરાનમાં ગયા સપ્તાહે લાખો લોકો રસ્તા પર નિકળ્યા હતા તે પછી લોકોને ઘરમાં રહેવા જણાવાયુ છે.

કોરોના લોકડાઉનઃ ફ્લિપકાર્ટની સેવા સ્થગિત, એમેઝોને મર્યાદિત કરી

મુંબઈ

કોરોનાને કારણે સમગ્ર દેશમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યા પછી ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટે તેની સેવાઓને અનિશ્ચિત સમય સુધી બંધ કરી છે. જ્યારે એમેઝોનની સેવાઓ પણ જરૂરી સામાન સુધી સિમિત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે કોરોનાના સતત વધી રહેલા કેસોના પગલે વડાપ્રધાન મોદીએ લોકડાઉનની જાહેરાત કરી છે.

ફ્લિપકાર્ટે તેની વેબસાઈટ પર લખેલા એક સંદેશમાં કહ્યું છે કે હેલો, ભારતીય સાથીયો, અમે પોતાનું કામકાજ અનિશ્ચિત સમય માટે રોકી રહ્યાં છે. તમારી જરૂરિયાત પહેલેથી જ અમારી પ્રાથમિકતા રહી છે અને અમારો એ વાયદો છે કે શક્ય તેટલા ઝડપી અમે તમારી સેવામાં પરત ફરીશું.

ઈ-કોમર્સ કંપની એમેઝોને પણ પોતાની સેવાઓ આંશિક રૂપથી બંધ કરતા માત્ર હાઈ પ્રાયોરિટી વાળી વસ્તુઓ પુરી પાડવાની વાત કરી છે. એમેઝોને કહ્યું છે કે તેઓ ગ્રાહકોને બિનજરૂરી સેવાઓ પુરી પાડશે નહિ અને માત્ર જરૂરી સામાન જ પુરો પાડશે.

વડાપ્રધાન મોદીનું ટ્વિટ

આ વખતની નવરાત્રિમાં કોરોના વિરુદ્ધ જંગ લડતા યોદ્ધાઓ માટે પ્રાર્થના કરીશ

ન્યુ દિલ્હી

વડાપ્રધાન મોદીએ ગત રોજ કરેલી લોકડાઉનની જાહેરાતનો આજે પ્રથમ દિવસ છે. આ જાહેરાત પ્રમાણે દેશમાં ૨૧ દિવસ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આજથી શરૂ થતાં ચૈત્રી નવરાત્રિના પ્રથમ દિવસે વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને અપીલ કરતા એક ટ્વીટ કર્યું છે. વડાપ્રધાન મોદીએ પોતાના ટ્વીટમાં જણાવ્યું છે કે, હું નવરાત્રિ દરમિયન કોરોના વાયરસ સામે જંગ લડી રહેલા લોકો માટે પ્રાર્થના કરીશ. તેમણે મેડિકલ સ્ટાફ, પોલીસ, મીડિયા જેવા સ્ટાફનું નામ લીધુ હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આપણે ત્યાં હાલના દિવસોમાં સામાન્ય રીતે તહેવાર ઉજવાતા હોય છે. જો કે, આ વખતે આપણે અગાઉની માફક તેને ઉજવી શકીશું નહીં, પણ આપણને આ સંકટની ઘડીમાં નિકળવાની શક્તિ જરૂર આપશે.

વડાપ્રધાન મોદીએ પોતાના ટ્વીટમાં જણાવ્યું છે કે, આજથી નવરાત્રિ શરૂ થઈ રહી છે. વર્ષોથી માની આરાધના કરતો આવ્યો છું, જો કે, આ વખતે હું સાધનામાં માનવતાની ઉપાસના કરનારા તમામ નર્સ, ડોક્ટર, મેડિકલ સ્ટાફ, પોલીસકર્મી અને મીડિયાકર્મી જે કોરોના વિરુદ્ધની લડાઈમાં જોડાયેલા છે. જે ઉત્તમ સ્વાસ્થ્ય, સુરક્ષા અને સિદ્ધીને સમર્પિત કરે છે.

ગૃહમંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ કહ્યું

લોકડાઉનને લીધે એનપીઆર અને વસતિ ગણતરીનું કામ સ્થગિત

ન્યુ દિલ્હી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાઇરસના ચેપને રોકવા માટે ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યું હતું. જેથી નેશનલ પોપ્યુલેશન રજિસ્ટરનું કામ અને સેન્સસ, ૨૦૨૧ની વસતિ ગણતરીનું કાર્ય નિયત સમયે શરૂ નહીં થાય, એમ અધિકારીઓએ આ માહિતી આપી હતી. આ બંને કાર્ય એક એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન થવાનું હતું. ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે વર્તમાન સ્થિતિને જોતાં એનપીઆર અને વસતિ ગણતરીનું કાર્ય આગામી આદેશ સુધી અટકાવવામાં આવ્યું છે.વડા પ્રધાન મોદીએ ગઈ કાલે સંપૂર્ણ લોકડાઉન કરતાં રોડ, રેલવે અને હવાઈ સર્વિસ બંધ કરી દીધી હતી.

કોરોના વાઇરસના જોખમ વચ્ચે વડા પ્રધાને એક સપ્તાહથી પણ ઓછી સમયમાં બીજી વાર રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. તેમણે કોરોના વાઇરસના સંક્રમણથી મુકાબલો કરવા માટે અને આરોગ્ય સેવાઓ માટે રૂ. ૧૫,૦૦૦ કરોડની કેન્દ્રીય ફાળવણીની જાહેરાત પણ કરી હતી. જોકે આ ચેપગ્રસ્ત બીમારી વધુ ના પ્રસરે એટલા માટે કેટલાંય રાજ્યોએ અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ પહેલેથી જ રેલવે, રસ્તા અને હવાઈ સેવાઓને બંધ કરી દીધી હતી. જોકે આવશ્યક માલસામાન લાવવા-લઈ જવાનું ચાલુ રખાશે.

લોકડાઉનના પ્રથમ દિવસે લોકોમાં ભારે ઉચાટ,દહેશત,ભય

લોકડાઉનનો ભંગ કરનારને બે વર્ષની કેદ અને દંડની જોગવાઈ

નિયમનો ભંગ કરનાર સામે સરકારે નક્કી કરી સજા અને દંડ, કલમ ૫૧ હેઠળ કાર્યવાહી,લોકોના મોઢે એક જ સવાલ...૨૧ દિવસ કાઢવા કેમ ?

ન્યુ દિલ્હી

દેશભરમાં કોરોના વાયરસના કારણે દેશભરમાં લોકડાઉન જાહેર કરી દેવામાં આવ્યું છે. આગામી ૨૧ દિવસ લોકોને ઘરમાં જ રહેવાની અપીલ ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી છે. પરંતુ વડાપ્રધાનની કેટલાક લોકો આ અપીલ છતાંયે કેટલાક લોકો માનવા તૈયાર નથી અને ઘરની બહાર ફરે છે. આ લોકો માટે દંડની આકરી જોગવાઈ કરવામાં આવી છે.

હવે જો અત્યંત જરૂરી કામ વગર ઘરમાંથી બહાર નિકળશો તો દંડ અને સજા એમ બંની જોગવાઈ કરવામાં આવી છે. સજાની જોગવાઈમાં એક મહિનાથી લઈને બે વર્ષ સુધીની છે. ૨૧ દિવસના લોકડાઉન દરમિયાન નિયમ અને સૂચનાનું પાનલ ના કરનારાઓ પર ઈમરજંસી પ્રબંધન અધિનિયમના સેક્શન ૫૧ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે. તેમાં સજા અને દંડ બંનીને જોગવાઈ છે. લોકડાઉનનો ભંગ કરનારાઓ પર ૨૦૦ રૂપિયાનો દંડ અને સાથે જ ૧ મહિનાની જેલની સજા ફટકારવામાં આવશે. પરંતુ જો આ ભંગના કારણે કાયદા અને વ્યવસ્થામાં મુશ્કેલી ઉભી થઈ, દંગાની સ્થિતિ સામે આવી તો સાઅ ૬ મહિના સુધી લંબાવવામાં આવી શકે છે. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, જો તમારા ઓર્ડર ના માનવાના કારણે કોઈનો જીવ જાય, ખતરો ઉભો થાય કે પછી દોષિતને જેલ થઈ શકે છે, જે બે વર્ષ સુધી વધારવામાં આવી શકે છે. ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા ઓર્ડરમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ કોરોના વાયરસ સાથે સંબંધિત કોઈ પણ અફવા ફેલાવશે તો તેને પણ એક વર્ષની સજા થશે. સાથે જ આર્થિક દંડ પણ ફટકારવામાં આવશે. તેવી જ રીતે લોકોની મદદ માટે આપવામાં આવેલા ફંડમાં કોઈ જ પ્રકારની ગોબાચારી કરનારાઓ વિરૂદ્ધ આકરા પગલા ભરવામાં આવશે. આમ કરનારાઓને ૨ વર્ષની સજા ફટકારવામાં આવશે. સરકારી અધિકારીઓને પણ આ દાયરામાં આવરી લેવામાં આવ્યા છે. સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈન્સનું પાલન ના કરવા પર કોર્પોરેટ પર પણ દંડ ફટકારવાની સૂચના આપવામાં આવી છે.

તંત્રી લેખ

કોંગીને મંથનની જરૂર

લોકસભા ચૂંટણી બાદ કોંગ્રેસ પાર્ટીની હાલત રાજકીય સ્તર પર વધુને વધુ ખરાબ થ�ઈ રહી છે. કોંગ્રેસ પાર્ટીમાં તમામ રાજ્યોમાં આંતરિક ખેંચતાણની સ્થિતી રહેલી છે. મધ્યપ્રદેશમાં કોંગ્રેસ પાર્ટીની સરકાર આ ખેંચતાણના કારણે જતી રહી છે. કોંગ્રેસમાંથી મોટી સંખ્યામાં બળવાખોરો ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ચુકી છે. કમલનાથ સરકારનુ પતન થઈ ચુક્યુ છે. શિવરાજ સિંહના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તારૂઢ થઈ ગઈ છે. કોંગ્રેસની હાલત હજુ વધારે ખરાબ થઈ શકે છે. જો કોંગ્રેસ હાઈ કમાન્ડ જોરદાર રીતે સક્રિય નહીં થાય તો અન્ય રાજ્યોમાં પણ સ્થિતી ખરાબ થઈ શકે છે. ખાસ કરીને રાજ્યસભાની ચૂંટણી વેળા કોંગ્રેસને મુશ્કેલી નડી શકે છે. હાલમાં રાજ્યસભાની ચૂંટણી તો ટળી ગઈ છે. લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ મેળવી લીધા બાદ એકબાજુ ભારતીય જનતા પાર્ટી હવે સૌથી મોટી રાષ્ટ્રીય પાર્ટી બની ગઈ છે. વિશ્વની સૌથી જુની પાર્ટી તરીકેની છાપ ધરાવનાર કોંગ્રેસ પાર્ટીની હાલત છેલ્લા ૧૦ વર્ષમાં ખુબ ખરાબ થઈ ગઈ છે. આ વખતે લોકસભાની ચૂંટણીમાં પાર્ટીને માત્ર બાવન સીટો મળી હતી. જ્યારે વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં કોંગ્રેસને ૪૪ સીટો મળી હતી. ભારતીય જનતા પાર્ટીને આ વખતે ૩૦૩ સીટો મળી હતી. તેની સીટની સંખ્યા વર્ષ ૨૦૧૪ કરતા પણ વધી ગઈ છે. ચૂંટણીમાં જીત બાદ ભારતીય જનતા પાર્ટી વધારે મજબુતી સાથે આગળ વધી છે. જ્યારે કોંગ્રેસ વધારે મુશ્કેલીમાં છે. તેમની સામે આગામી દિવસોમાં વધારે જટિલ સ્થિતી રહેનાર છે. રાજકીય પંડિતો પણ પોતાની મુલ્યાંકનની પ્રક્રિયામાં લાગી ગયા છે. છેલ્લા પાંચ વર્ષના આંકડા પર નજર કરવામાં આવે તો પાંચ વર્ષમાં થયેલી રાજય વિધાનસભાની ચૂંટણીમાં દરેક ત્રણમાંથી ઓછામાં ઓછા એક ભાજપના સભ્યે જીત મેળવી છે. જ્યારે કોંગ્રેસની હાલત તો વધારે ખરાબ છે. કોંગ્રેસના દરે ચાર ઉમેદવાર પૈકી એક ઉમેદવારની જીત થઈ છે. આંકડા એમ પણ કહે છે કે અન્ય પાર્ટીઓ આમાં સૌથી આગળ રહી છે. જેમાંથી કેટલી પાર્ટીઓ તો રાષ્ટ્રીય પાર્ટીઓ સાથે જોડાયેલી છે. જો કે મોટા ભાગના ધારાસભ્યો એવા છે જે અન્ય પક્ષો સાથે સંબંધ ધરાવે છે. છેલ્લા પાંચ વર્ષમાં આંકડા પર ચૂંટણીને લઈને નજર કરવામાં આવે તો કહી શકાય છે કે આશરે અડધી સીટો અન્યોના ખાતામાં પહોંચી ગઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં જે રાજ્યોમાં ચૂંટણી થઈ છે ત્યાં કોંગ્રેસની જે દુર્દશા થઈ છે તે મુજબ ઓ આંકડો એટલો ઓછો નથી. કોંગ્રેસ પાર્ટીમાં નવેસરથી મજબુતી લાવવા માટે નીચલા સ્તરથી કામ કરવાની જરૂર છે. સાથે સાથે બિનજરૂરી વિરોધ કરવાના બદલે રચનાત્મક વિરોધ કરવાની શરૂઆત કરવી પડશે. કોંગ્રેસમાં યુવા લોકોને વધારે પ્રાથમિકતા મળે તેના પર ધ્યાન આપવાની જરૂર છે. જ્યોતિરાદિત્ય જેવા લીડર ગુમાવી દીધા બાદ કોંગ્રેસને ભવિષ્યમાં આવા લોકપ્રિય નેતા ગુમાવવા ન પડે તે દિશામાં ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે. કોંગ્રેસને ટોપ સ્તર વરિષ્ઠ લોકોને ખાસ જવાબદારી સોંપી દેવાની જરૂર છે. આના કારણે તેમના અનુભવનો લાભ લઈ શકાશે. સચિન જેવા લોકોને વધારે મોટી જવાબદારી આપવાનો સમય કોંગ્રેસ માટે આવી ગયો છે. રાષ્ટ્રીય હિતના મુદ્દાઓને આંકડા સાથે ઉઠાવવાની જરૂર દેખાઈ રહી છે. કોંગ્રેસને આત્મમંથનની જરૂર છે.

કોંગ્રેસ વધારે ખરાબ હાલતમાં આવી છે

કોરોના સામે જંગ જીતવા માટે પરેશાની ઉઠાવવી જ પડશે કારણ કે...

કોરોના સામે જંગ : લોકડાઉન-સમસ્યા

કોરોના વાયરસના વધતા જતા કેસોના કારણે એકપછી એક નિર્ણય કરવામાં આવી રહ્યા છે. લોકોને બચાવી લેવા માટે એક પછી એક નિર્ણય કરવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસની ખતરનાક સ્થિતીને ધ્યાનમાં લઈને હવે સમગ્ર દેશને લોકડાઉનની સ્થિતીમાં લાવી દેવાની ફરજ પડી રહી છે. આ મહામારીની સામે લડવા માટે આ જ એકમાત્ર રસ્તો દેખાઈ રહ્યો છે. અન્ય કોઈ આશાનુ કિરણ દેખાતુ નતી. જો કે એક ભારતીય માટે આ એક અભૂતપૂર્વ સ્થિતી છે. જેથી તે પોતાને આના માટે તૈયાર કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યો છે. જેના કારણે કેટલીક પ્રકારની જટિલતા ઉભી થઈ ગઈ છે. તમામ ચીજો બંધ થવાનો અર્થ છે કે જોરદાર મોબિલીટી પર રોક. જો કે સોમવારના દિવસે કેટલાક શહેરોમાં મોટી સંખ્યામાં લોકોના ટોળા જોવા મળ્યા હતા. સંકટથી ડરી ગયેલા લોકો પોત પોતાના મુળ સ્થાનો પર પરત ફરવા લાગી ગયા હતા. જેના કારણે કેટલાક રેલવે સ્ટેશનો પર તો અફડાતફડી મચી ગઈ હતી. તમામ લોકોને એકબીજાથી દુર રહેવા માટે કહેવામાં આવ્યુ હતુ પરંતુ તમામ લોકો પ્રાણીઓની જેમ એક બીજાને સ્પર્શ કરીને યાત્રા કરી રહ્યા હતા. સાથે સાથે પોતાના માટે મુશ્કેલી અને આફત મોલ લઈ રહ્યા હતા. દેશભરમાં ઓફિસ, ફેક્ટરીઓ, સ્કુલ, કોલેજ અને કોચિંગ સંસ્થાઓ બંધ હોવાથી તમામ સામે રસ્તો એ જ હતો કે તેઓ પોતાના ગામ અને શહેરોમાં પરત ફરે. આ બાબત જોવા પણ મળી રહી હતી. ભારત હજુ આંતરિક વિસ્થાપિતોના દેશ તરીકે છે. જ્યાં લોકો રોજી રોટી, અને શિક્ષણ હાંસલ કરવા માટે પોતાની તમામ ચીજો છોડીને દેશના બીજા શહેરોમાં પહોંચે છે. કોઈ પણ સંકટ આવે છે ત્યારે તેમની મુળ પ્રવૃતિ તો સૌથી પહેલા પોતાના મુળ સ્થાનમાં પરત ફરવાની રહે છે. આ બાબતને સમજ્યા વગર કેટલાક નિર્ણય કરવામાં આવ્યા હતા. જેમ કે



સામાન્ય ભારતીય માટે એક પ્રકારની અભૂતપૂર્વ સ્થિતી છે જેથી તે પોતાને આ પ્રકારની સ્થિતી માટે તૈયાર કરવામાં મુશ્કેલી અનુભવે છે

હોસ્ટેલો બંધ કરી દેવામાં આવ્યા હતા. જ્યારે સૌથી પહેલા વ્યવસ્થા એ ઉભી કરવાની હતી કે વિદ્યાર્થીઓને બહાર જવાની જરૂર ન પડે. આવી જ રીતે કારખાના અને અન્ય કેટલીક ચીજો બંધ કરી દેવામાં આવી હતી. કામદારોનુ શુ થશે તે અંગે વિચારણા ઓછી કરવામાં આવી હતી. સંભવિત રીતે આ નિર્ણય હોમવર્ક વગર કરવામાં આવ્યા હતા. જો કે આ નિર્ણયોમાં કોઈ એવા નિર્ણય નથી જેને બદલી શકાય. કોઈ પણ રીતે અવરજવરને રોકવાની જરૂર તો દેખાઈ રહી છે. જે જ્યાં છે ત્યાં જ રોકાયેલા રહે તે જરૂરી છે. લોકોના ભરણપોષણ પર કોઈ અસર ન થાય તેની ખાતરી સતત કરવાની જરૂર દેખાઈ રહી છે. આના માટે મજરોને ખાતરી આપવી પડશે કે કામ વગર પણ તેમની રોજી રોટી ચાલતી રહેશે. તેમને રાશનિંગની ચીજો અને અન્ય ચીજો મળતી રહેશે. એક સમસ્યા એ પણ છે કે કેટલીક ચીજોની કિંમત અચાનક વધી ગઈ છે. કેટલીક વસ્તુઓ તો મળી રહી નથી. આ સપ્લાય રોકાઈ જવાના કારણે સમસ્યા આવી રહી છે. દાળ, ખાદ્ય તેલ, લોટ, બટાકા, ડુંગળી સહિતની ચીજોની કિંમતોમાં વધારો થયો છે. ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા કબુલાત કરવામાં આવી છે કે રીટેલ માર્કેટમાં બટાકા, ડુગંળીની કિંમતોમાં વધારો થયો છે. મહાનાગરોમાં કેટલીક જગ્યાએ તો લોકો પીવાના પાણી માટે બોટલ પર આધારિત બની ગદયા છે. સોમવારના દિવસે તો દિલ્હીમાં અને એનસીઆરમાં કેટલાક વિસ્તારોમાં પાણીની બોટલોની કમી જોવા મળી હતી. કોરોના સામે જંગ જારી છે અને જંગ હજુ ચાલનાર છે પરંતુ સામાન્ય લોકોના હિત માટે સરકારે કેટલાક નક્કર પગલા લેવાની જરૂર છે. ખાસ કરીને લોકોની દરરોજની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સતત પગલા લેવામાં આવે તે જરૂરી છે. જીવન જરૂરી ચીજવસ્તુઓની સાથે સાથે અન્ય ચીજો અને રોકડ પણ લોકોના હાથમાં રહે તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે. કોરોનાની સામે જંગ જીતવા માટે હજુ કેટલાક નક્કર પગલા લોકલક્ષી લેવાની જરૂર છે. તમામ લોકોને ઘરની બહાર નિકળવુ ન પડે તે પ્રકારથી જોરદાર આયોજન કરવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. મોદી સરકારના પગલાની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. સુપ્રીમ કોર્ટ સહિતની તમામ સંસ્થાઓ તેમના દ્વારા લેવામાં આવી રહેલા એક પછી એક પગલાનુ સ્વાગત કરી રહી છે પરંતુ લડતને સફળ બનાવવા માટે સુવિધા સતત વધે તે સૌથી પહેલી પ્રાથમિકતા લોકોની રહેવી જોઈએ.

કોરોનાના ઘાતક પ્રભાવથી કોઈ પણ ચીજ બાકી રહેશે નહીં કારણ કે...

કોરોના કૃષિને પણ નુકસાન પહોંચાડશે

કોરોના વાયરસે સમગ્ર દુનિયાના દેશોને પોતાના ભરડામાં લઈ લીધા છે. જીવનના કોઈ જ એવા પાસા નથી જેને ઘાતક કોરોનાની અસર થઈ નથી. તેની અસર કૃષિ અને ખેડુતો પર પડે તે પણ સ્વાભાવિક છે. આ રવિ પાક પાક કાપણીનો સમય ચાલી રહ્યો છે. ગયા વર્ષે મોનસુન લાંબા સમય સુધી સક્રિય રહેવાના કારણે તેની સારી અસર રહી હતી. ભૂમિમાં સારી નમી અને જળાશયોમાં પાણી હોવાના કારણે આ વખતે રવિ પાકમાં બંપર ઉત્પાદન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘઉં, સરસિયા, મટર, ચણા, ડુંગળીની આવક હવે બજારમાં ટુંકમાં થનાર છે. જો કે કોરોના વાયરસના કારણે બજારમાં નકારાત્મક માહોલ ફેલાઈ ગયો છે. ફેબ્રુઆપી સુધી ખેડુતોને સારુ પાક થવા અને સારી આવક મળવાની આશા દેખાઈ રહી હતી. પરંતુ હવે પાકની કિંમતોઘટી જવાના કારણે ફરીએકવાર ખેડુતોની આશા પર પાણી ફરી વળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. લાતુર મહારાષ્ટ્રની મંડીમાં ચણાની કિંમત ઘટીને ૩૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. જ્યારે ચણાના એમએસપીની કિંમત ૪૮૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ છે. આવી જ રીતે એલવર રાજસ્થાનના મંડીમાં સરસિયાની કિંમત ઘટીને ૩૬૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. જ્યારે સરસિયાના એમએસપી ૪૪૨૫ રૂપિયા છે. તમામ દેશોના સંબંધ હાલમાં તુટી ગયા છે. આયાત અને નિકાસને હાલમાં રોકી દેવામાં આવી છે. આની અસર અમારા દેશમાં પણ જોવા મળે છે. અમારા દેશમાં સોયાબિન, સરસિયા અને અન્ય ચીજોની કિંમત પર તેની માઠી અસર થઈ રહી છે. ચોખા, કપાસ, રબડ, માંસ અને અન્ય કૃષિ ચીજોની નિકાસ અને કિંમતો પર દબાણની સ્થિતી આવી ગઈ છે. અમારી ચા માટેના મોટા આયાતકાર દેશ ઈરાન અને ઈરાક તેમજ ચીન દ્વારા અમારે ત્યાંથી ચાપ પત્તિની આયાતને રોકી દેવાનો નિર્ણય



રવિ પાકની કાપનીનો આ સમય ચાલી રહ્યો છે : ગયા વર્ષે મોનસુન લાંબા સમય સુધી સક્રિય રહેતા આ વર્ષે બંપર ઉત્પાદનની શક્યતા છે

કર્યો છે. જેના કારણે ચા પત્તિની કિમતોમાં ૪૦ ટકા સુધીનો ઘટાડો થઈ ગયો છે. ચિકનના કારણે કોરોના ફેલાય છે તેવી ખોટી અફવાના કારણે ચિકનની માંગમાં પણ ઉલ્લેખનીય ઘટાડો થઈ ગયો છે. ઉપભોક્તા માંસ, મછળી અને ચિકન અને ઈંડાથી દુર રહેવાનુ પસંદ કરી રહ્યા છે. જેના કારણે ચિકન અને અન્ય માસ ઉત્પાદનની કિંમતોમાં ભારે ઘટાડો થયો છે. આ વર્ષે મુર્ગી પાલન કરનાર અમારા ખેડુતોને પણ ભારે નુકસાન થઈ રહ્યુ છે. મકાઈ અને સોયાબિનનો ઉપયોગ કરનાર મુખ્ય પોલ્ટ્રી ફિડ તરીકે હોય છે. પોલ્ટ્રી પેદાશોની માંગ ઘટી જવાના કારણે મકાઈ અને સોયાબિનની કિંમતોમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જેના કારણે તેની ખેતી કરનાર ખેડુતોને ભારે નુકસાન થઈ રહ્યુ છે. ભારત માંસના એક મોટા નિકાસકાર દેશ તરીકે છે. જો કે આયાત કરનાર દેશો દ્વારા આયાત પર પ્રતિબંધ મુકી દેવાના કારણે ખેડુતોને ભારે નુકસાન થઈ રહ્યુ છે. પુરવઠા અને માંગ ઓછી થઈ રહી છે જેના કારણે દુધની કિંમત પણ ઘટવા લાગી ગઈ છે. જેના કારણે દુધનુ ઉત્પાદન કરનાર ખેડુતોને ભારે નુકસાન થઈ રહ્યુ છે. હોટેલ અને ભોજનાલય બંધ હોવાના કારણે તેમજ લગ્ન પ્રસંગ તેમજ અન્ય કાર્યક્રમ રદ થવાના કારણે ફળ, શાકભાજી અને મસાલા, ઘેંઉ, ચોખા, દુધ જેવી ચીજોની માંગમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. સારા પાક છતાં ખાદ્ય ચીજોની વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જવાના કારણે બજારો બંધ થઈ રહ્યા છે. આવી સ્થિતીમાં હજુ માંગ વધારે ઘટી શકે છે. જુદા જુદા કારોબાર બંધ હોવાના કારણે બેરોજગારીમાં વધારો થઈ રહ્યો છે. લોકોની આવક અને ખરીદી શક્તિમાં ઉલ્લેખનીય રીતે ઘટાડો થનાર છે. જેના કારણે કૃષિ ઉત્પાદકોની માંગમાં પણ ઘટાડો થનાર છે. કિંમતોમાં પણ ઘટાડો થનાર છે. ખાદ્ય પદાર્થોના પુરવઠાને અસર થવાના કારણે તેમજ જરૂર કરતા વધારે સંગ્રહ થવાના કારણે સ્થાનિક હાલત ખરાબ થઈ શકે છે. બજારમાં ખાદ્ય ચીજો, ફળ, શાકભાજી ગ્રાહક સ્તર પર મોંઘી થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર આર્થિક ગતિવિધી પ્રભાવિત થવાના કારણે તેલ ઉત્પાદક દેશોની વચ્ચે તેલને લઈ એક પ્રકારના વોરની સ્થિતી સર્જાઈ ગઈ છે. વોરના કારણે તેલની કિંમતો ઘટી જતા આનો લાભ અમને થઈ ગયો છે. કારણ કે અમે અમારી જરિયાત પૈકી ૮૫ ટકા કુડની આયાત કરીએ છીએ. કુડની કિંમતોમાં ઘટાડો જારી રહેવાની સ્થિતીમાં અમને ચાલુ ખાતા અને રાજકોષીય નુકસાનને કાબુમાં લેવામાં સફળતા મળશે. સરકારની પાસે ગ્રામીણ ક્ષેત્રોની યોજનાઓ પર ખર્ચ કરવા માટે વધારે નાણાં ઉપલબ્ધ રહેનાર છે. ડીઝલ, પેટ્રોલ, ખાદ્ય ચીજો સહિત અન્ય પેદાશોની કિંમતોમાં ઘટાડો થનાર છે. આવી આફત વેળા ખાદ્યાન ઉપલબ્ધતા સરકારની પ્રથમ પ્રાથમિકતા રહે છે. હાલમાં કેટલીક રાહત ભંડારને લઈને છે.

મહાકાય કોરોના આફત વેળા રાહતના સમાચાર

૭.૭૫ કરોડ ટન અનાજ છે

કોરોના આફતને લઈને દેશના લોકોમાં ભારે ફફડાટ છે ત્યારે કેટલીક રાહતની બાબત સપાટી પર આવી છે. સૌથી મોટી બાબત એ છે કે કોરોના જેવી મોટી અને મહાકાય આફત વેળા સરકારની પ્રથમ પ્રાથમિકતા ખાદ્યાન્ન ઉપલબ્ધતા અથવા તો અનાજની ઉપલબ્ધતાની હોય છે. સારી બાબત એ છે કે ભારતીય ખાદ્ય નિગમની પાસે હાલમાં બફર સ્ટોક કરતા ત્રણ ગણા વધુ પ્રમાણમાં ખાદ્યાન્ન જથ્થો રહેલો છે. એક અંદાજ મુજબ ૭.૭૫ કરોડ ટન ખાદ્યાન ભંડાર ઉપલબ્ધ છે. એક મહિના બાદ ઘઉં પાક બજારમાં આવનાર છે. આશરે ૧૦ કરોડ ટન પાક બજારમાં આવનાર છે. ગોડાઉન પહેલાથી જ ભરેલા હોવાથી આ પાકની ખરીદ અને ભંડારણ સરકાર માટે મોટી ચિંતા સમાન રહેલી હતી. પરંતુ હવે સરકારો રેશનિંગ કાર્ડ ધારકોને પાત્રતાથી વધારે કેટલાક મહિનાની ખાદ્ય સામગ્રી અગ્રીમ રીતે આપી રહી છે. સાથે સાથે મફત અનાજનો જથ્થો આપવા માટેના નિર્ણય પણ કરવામાં આવી રહ્યા છે. કોઈ વ્યક્તિ ભુખી ન રહે તે દિશામાં પહેલ કરવામાં આવી રહી છે. આના કારણે દેશમાં હાલમાં વધારે પડતા અનાજના જથ્થાનો યોગ્ય રીતે યોગ્ય દિશામાં નિકાલ પણ કરી દેવામાં આવનાર છે. કોરોના વાયરસની મોટી સ્થિતીમાં દેશભરમાં ખાદ્યાનની ભરપુર ઉપલબ્ધતા સરકાર અને નાગરિકો માટે એક મોટી સંતોષજનક બાબત હોઈ શકે છે. ભારતમાં અસંગઠિત ક્ષેત્રમાં ૮૦ ટકા કરતા વધારે લોકો કામ કરી રહ્યા છે. શહેરોમાં નાના મોટા કામ કરનાર લોકોની આવક ઘટવા, કમ થવા અને નોકરી જતી રહેવાના કારણે તેમને મુશ્કેલી નડી રહી છે. આવી સ્થિતામાં અનાજના જથ્થાનો યોગ્ય ઉપયોગ કરી શકાશે.

કોરોનાનો ૧૯૭ દેશોમાં ભારે કોહરામ : સ્થિતી હજુય બેકાબુ

બેઝિગ

કોરોના વાયરસના કારણે દુનિયાના દેશોમાં હાલત ખરાબ થયેલી છે. દરરોજ નવા નવા કેસો અને મોતના આંકડા આવી રહ્યા છે. હજુ સુધી કોઈ દેશને આ ખતરનાક સ્વરૂપ ધારણ કરી ચુકેલા કોરોના વાયરસને કાબુમાં લેવામાં સફળતા મળી રહી નથી. તમામ દેશ યુદ્ધના ધોરણે પ્રયાસ કરી રહ્યા છે પરંતુ સ્થિતી બિલકુલ બેકાબુ બનેલી છે. કોરોના વાયરસના કેસોની સંખ્યા દુનિયાના દેશોમાં વધીને ૪૨૨૮૨૯ સુધી પહોંચી ગઈ છે. મોતનો આંકડો ૧૮૯૦૭ સુધી પહોંચી ગયો છે. આવી જ રીતે રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૦૯૧૦૨ સુધી પહોંચી ગઈ છે. ઈટાલીમાં મોતનો આંકડો ચીન કરતા ખુબ વધારે થઈ ચુક્યો છે. ચીનમાં સ્થિતી કાબુમાં આવી રહી છે. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ચારના મોત થયા છે અને નવા કેસોની સંખ્યા ૪૭ રહી છે. ચીનમાં કુલ કેસોની સંખ્યા ૮૧૨૧૮ સુધી પહોંચી ગઈ છે. એક્ટિવ કેસોની સંખ્યા ચીનમાં હજુ ચાર હજારથી વધારે છે. ગંભીર દર્દીઓની સંખ્યા પણ ૧૩૯૯ જેટલી છે. ઈટાલીમાં ચાર હજારથી વધારેની હાલત ગંભીર બનેલી છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ચીનમાં સ્થિતી ધીમે ધીમે કાબુમાં આવી રહી છે. ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. જે સંકેત આપે છે કે ચીનમાં કોરોના પર અંકુશ મુકવામાં હવે સફળતા મળી રહી છે. જે ત્યાંના લોકો માટે મોટી રાહતની બાબત છે. કોરોના વાયરસના કારણે ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઈ પ્રાંત છે. ઈટાલી, ઈરાન, અમેરિકા સહિતના દેશોમાં મોતનો આંકડો અતિઝડપથી વધી રહ્યો છે. તમામ જગ્યા પર કોરોના વાયરસ બેકાબૂ છે. સ્થિતિને કાબૂમાં લેવાના તમામ પ્રયાસો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. કોરોના વાયરસનો કાળો કેર દુનિયાના દેશોમાં જારી રહ્યો છે. ચીન સરકાર દ્વારા યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં વાયરસ પર સંપૂર્ણ કાબુ મેળવી શકાયો નથી. સ્થિતી ચીનમાં સુધરી રહી છે. દેશમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.યુરોપ અને અન્ય દેશોમાં કેસોની સંખ્યા વધારે ઝડપથી વધી રહી છે. દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી. માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઈ રહ્યા છે.વધુને વધુ દેશો તેના વિકરાળ સકંજામાં આવી રહ્યા છે. ઈટાલીમાં કાળો કેર જારી છે. કોરોના વાયરસના કારણે જે દેશો સૌથી વધારે પ્રભાવિત છે તેમાં ઈટાલી, અમેરિકા, સ્પેન, જર્મની, ઈરાન, ફ્રાન્સ, સ્વીસનો સમાવેશ થાય છે. નેધરલેન્ડ સહિતના દેશો પણ મુશ્કેલીમાં છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારે થઈ રહ્યો છે.

મને ડર હતો કે શમિતાના ફિલ્મોમાં આવ્યા પછી મને કોઇ કામ નહીં આપે: શિલ્પા શેટ્ટી



મુંબઇ

બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી કોરોના વાયરસના કારણે હાલ ઘરમાં જ રહેવા મજબૂર છે. પણ તે સોશિયલ મીડિયા દ્વારા પોતાના ફેન્સને અલગ અલગ જાણકારી આપતી રહે છે. ફેન્સ પહેલાથી જ શિલ્પાના ડાંસ અને એક્ટિંગના દિવાના હતા હવે તેમણે ટિકટોક વીડિયો દ્વારા પણ સોશિયલ મીડિયામાં ધૂમ મચાવી છે. ટિકટોક વીડિયોમાં તે પોતાની ક્યૂટનેસથી લોકોના મન જીતી રહી છે. ત્યારે હાલમાં જ શિલ્પા શેટ્ટીએ પોતાની બહેન શમિતા શેટ્ટીને લઇને ઘટસ્ફોટ કર્યો છે.

એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી ફરી એકવાર ફિલ્મોમાં પાછી ફરી રહી છે. હાલમાં જ તેમણે પિંકવિલાને એક ઇન્ટરવ્યૂ આપ્યો હતો જેમાં તેણે કહ્યું કે મારા પિતાએ મને જણાવ્યું કે શમિતા શેટ્ટીના જન્મ પછી મને તેવું થતું હતું કે મારો રંગ શમિતા કરતા વધુ ડાર્ક છે. તેના ગૌરવર્ણ પણ તે મમ્મી પુછતી કે તેને ગૌરી અને મને કાળી કેમ બનાવી? આ કારણ તે રાતના સૂતી તો હું તેને ચૂંટણી ખણતી જેથી તે ખૂબ રોતી. શિલ્પાએ તે પણ ખુલાસો કર્યો કે શમિતાના પહેલા ઓડિશનમાં હું હાજર હતી અને હું પોતાના માટે ખૂબ જ ડરેલી હતી. તેણે કહ્યું કે મને હંમેશા તેવું લાગતું હતું કે મારી બહેન મારાથી વધુ સુંદર છે અને તે મારાથી સારી દેખાય છે. અને તે સારી એક્ટ્રેસ સાથે સારી ડાન્સર પણ છે. શિલ્પાએ ઇન્ટરવ્યૂમાં પહેલી વાર સ્વીકાર્યું કે તેમને લાગતું હતું કે શમિતાના ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આવ્યા પછી તેમને કોઇ કામ નહીં આપે.

ભારત લોકડાઉનના મોદીના નિર્ણયને સચિન, કોહલી સહિતના ક્રિકેટરોનું સમર્થન

મુંબઇ

કોરોના વાઈરસનો ફેલાવો રોકવા માટે ભારતભરમાં ૨૧-દિવસનું લોકડાઉન લાગુ કરવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણયને સમર્થન આપવામાં ભારતીય ક્રિકેટ કેપ્ટન સૌરવ ગાંગુલીએ દેશના ક્રિકેટ સમુદાયની આગેવાની લીધી છે.

વિરાટ કોહલી

કોહલીએ ગઈ કાલે રાતે જ ટ્વીટ કરીને મોદીના નિર્ણયને પોતાનો ટેકો જાહેર કર્યો હતો. એણે ટ્વીટમાં લખ્યું કે, આપણા માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીએ હમણાં જ જાહેરાત કરી કે આખો દેશ આજે મધરાતથી ૨૧ દિવસ સુધી લોકડાઉન સ્થિતિમાં રહેશે. મારી સૌને વિનંતી છે કે મહેરબાની કરીને ઘરમાં જ રહેજો.

સૌરવ ગાંગુલીઃ બીસીસીઆઈ અધ્યક્ષ



ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના પ્રમુખ અને ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ પણ મોદીના નિર્ણયને સમર્થન આપ્યું છે અને પોતાના ટ્વિટર હેન્ડલ પર એક વિડિયો નિવેદન પોસ્ટ કર્યું છે. એમણે જણાવ્યું છે કે લોકોને મારી વિનંતી છે કે સૌ પોતાના ઘરમાં જ રહે. ચાલો સાથે મળીને આ લડાઈ લડીએપ આપણે સફળ થઈશું. દુનિયાભરમાં નાગરિકોએ એમની સરકારો કહે એ પ્રમાણે કરવું.

રવિચંદ્રન અશ્વિન

ટેસ્ટ સ્પિનર રવિચંદ્રન અશ્વિને પણ ટ્વીટ કરીને પીએમ મોદીના નિર્ણયને ટેકો આપ્યો છે. એણે લખ્યું છે, ૩ અઠવાડિયાપ ચાલો ઘરમાં જ રહીએ. આ ત્રણ અઠવાડિયામાં લોકોનું બેજવાબદાર વર્તન આપણને બે દાયકા પાછળ રાખી દેશે. વેલડન નરેન્દ્ર મોદીજી.

હરભજનસિંહ

અનુભવી સ્પિનર હરભજન સિંહે મોદીના નિર્ણયને ટેકો આપતું ટ્વીટ અંગ્રેજી, હિન્દી અને તામિલ ભાષાઓમાં પોસ્ટ કર્યું છે. એણે લખ્યું છે, આ ૨૧ દિવસો આપણા જીવનના સૌથી મહત્ત્વના દિવસો બનશેપ તેથી મહેરબાની કરીને જવાબદાર નાગરિકો બનજો. કોરોનાને રોકવાનો આપણને આ એક જ મોકો છે.

ચેતેશ્વર પૂજારા

રાજકોટ નિવાસી બેટ્સમેન ચેતેશ્વર પૂજારાએ ટ્વીટમાં લખ્યું છે, આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીએ આપેલી સલાહ અનુસાર હું દરેક જણને વિનંતી કરું છું કે સૌ ઘરમાં જ રહે અને રોગચાળાને રોકવામાં મદદરૂપ થાય.

લાખો જીવન બચાવવાનો સૌથી સારો ઉપાયઃ સચિન તેંડુલકર

સચિન તેંડુલકરે લખ્યું કે, "પીએમ મોદીએ ૨૧ દિવસ માટે ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ કરી છે. આ લાખો લોકોનો જીવ બચાવવાનો સૌથી સારો ઉપાય છે. આઓ બધા કોરોનાવાઈરસ સામેની લડાઈમાં એક થઈ જઈએ.

દવા ભી, દુઆ ભી... અભિનેતા દિલીપ કુમાર પણ લોકડાઉનના સમર્થનમાં

મુંબઇ

દિગ્ગજ અભિનેતા દિલીપ કુમાર પણ પીએમ મોદીના લોકડાઉનના નિર્ણયના સમર્થનમાં આગળ આવ્યા છે.

એક તરફ જાણીતા બોલીવૂડ સ્ટાર પણ ૨૧ દિવસના લોકડાઉનનુ પાલન કરવા માટે લોકોને અપીલ કરી રહ્યા છે ત્યારે કોરોનાના કારણે પહેલેથી જ જાતે આઈસોલોશનમાં જતા રહેલા બોલીવૂડના દંતકથા સમાન અભિનેતા દિલીપ કુમારે કહ્યુ છે કે,

દવા ભી, દુઆ ભી



પહેલે કુછ ફાસલા ભી, વો કરીમ હૈ..વો રહીમ હૈ

ઔર વહી મુશ્કિલ કુશા ભી,

તમને બધાને મારી અપીલ છે કે, ઘરે જ રહો અને કોરોના વાયરસના કારણે અપાયેલા લોકડાઉનનુ પાલન પણ કરો..ભગવાન તમારુ ભલુ કરે.

કનિકા કપૂરનો કોરોના વાયરસનો રિપોર્ટ ત્રીજીવાર પોઝિટિવ આવ્યો

મુંબઇ

બોલિવુડ સિંગર કનિકા કપૂર લંડનથી આવ્યા બાદ કોવિડ-૧૯ પોઝિટિવ હોવાની જાણ થઈ છે. કનિકા કપૂરનો કોરોનાનો ત્રીજી વખત ટેસ્ટ કરવામાં આવ્યો છે. જે



પોઝિટિવ છે. આ પહેલા રવિવારે પણ કનિકાનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. તે પણ પોઝિટિવ આવ્યો હતો. લખનૌની સંજય ગાંધી પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં કનિકાની સારવાર ચાલી રહી છે.

એસજીપીજીઆઈએમએસના ડાયરેક્ટર પ્રોફેસર આર. કે. ધીમને જણાવ્યું કે, કનિકાનો ટેસ્ટ સતત પોઝિટિવ આવી રહ્યો છે. જ્યાં સુધી તેના ઓછામાં ઓછા બે રિપોર્ટ નેગેટિવ ના આવે ત્યાં સુધી તેની સારવાર ચાલુ રહેશે.

આ તરફ કનિકાનો ફેન્ડ ઓજસ દેસાઈ તેની સાથે બે દિવસ તાજ હોટલમાં રોકાયો હતો. જે બાદ ઓજસ ગુમ થયો હોવાના અહેવાલો હતો. જો કે, બાદમાં ઓજસે સામે આવીને પોતાનું નિવેદન જાહેર કર્યું હતું. જે પ્રમાણે, તેણે મુંબઈની કસ્તૂરબા હોસ્પિટલમાં કોવિડ-૧૯નો ટેસ્ટ કરાવ્યો હતો. જેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. તેણે પોતાનો રિપોર્ટ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો.

રજનીકાંતે કોરોનાને લીધે ભીંસમાં આવેલા વર્કર્સ માટે ૫૦ લાખનું દાન કરશે

ચેન્નાઇ

સુપરસ્ટાર રજનીકાંતે 'ફેડરેશન ઓફ સાઉથ ઈન્ડિયન યુનિયન વર્કર્સ'ને ૫૦ લાખ રૂપિયાનું દાન આપવાની જાહેરાત કરી છે. દેશમાં કોરોના વાઈરસના રોગચાળાને કારણે બોલિવૂડ ઉપરાંત સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ ઠપ્પ થઈ ગઈ છે અને અત્યારે કમ્પ્લિટ લોકડાઉનની સ્થિતિમાં છે.

તમામ ફિલ્મો, ટીવી શો, વેબસિરીઝ વગેરેનું શૂટિંગ બંધ થઈ ગયું છે. આને કારણે ડેઈલી વેજિસ એટલે કે રોજમદારી પર જીવતા કામદારો અત્યંત કફોડી સ્થિતિમાં આવી ગયા છે. તેમની મદદ કરવા માટે રજનીકાંતે આ ડોનેશન આપ્યું છે.

લોકડાઉનમાં અનિલ કપૂર-અમિતાભ બચ્ચન ઘરે જીમ કરે છે



મુંબઇ

કોરોના વાઈરસને કારણે લોકડાઉન ચાલી રહ્યું છે. લોકો ઘરમાં જ આઈસોલેશનમાં છે. ઘરમાં રહીને લોકો કોઈને કોઈ કામ કરીને પોતાનો સમય પસાર કરી રહ્યા છે. અમિતાભ બચ્ચને ઈન્સ્ટાગ્રામ પર તેમનો જીમ લુક શેર કર્યો હતો. તેમણે લખ્યું હતું કે, જીમ કરતા રહો. બિલ્ડ રેઝિસ્ટન્સ, ફાઇટ, ફાઇટ, ફાઇટ..

અનિલ કપૂર ઘરે છે છતાં વર્કઆઉટમાં કોઈ બાંધછોડ ચલાવી રહ્યા નથી. તેમણે વીડિયો પોસ્ટ કરી લખ્યું હતું કે,લેટ્સ કીપ મુવિંગ (ઈન્ડોર). જ્યારે મારો ટ્રેનર મારી સાથે જ રહે છે ત્યારે વર્કઆઉટમાં કોઈ બાંધછોડ નથી.

આ સિવાય કૃણાલ ખેમુ, કેટરીના કૈફ, મલાઈકા અરોરા, ફાતિમા સના શૈખ, જેકલીન સહિતના સેલેબ્સ ઘરે રહીને જ વર્કઆઉટ કરી રહ્યા છે. તેઓ લોકોને પણ ઘરે જ સુરક્ષિત રહેવા આગ્રહ કરી રહ્યા છે.

જોફ્રા આર્ચરને ત્રણ વર્ષ પહેલાં જ ભારત લોકડાઉન થશે તેની ખબર હતી..!

લંડન

દુનિયાભરમાં મહામારીની જેમ ફેલાઈ ચૂકેલા કોવિડ-૧૯ વાયરસે લગભગ તમામ દેશોને લૉકડાઉન કરવા મજબૂર કરી દીધા છે. ભારતમાં પણ સ્થિતિની ગંભીરતાને જોતાં આગામી ૨૧ દિવસો માટે સમગ્ર દેશને લૉકડાઉન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દરિમયાન ઈંગ્લેન્ડના બોલર જોફ્રા આર્ચરનું એક ટ્વિટ ફરી એક વાર વાયરલ થઈ રહ્યું છે, જેનાથી એવું લાગી રહ્યું છે જાણે કે તેને આ સ્થિતિ વિશે પહેલાથી જ અંદાજો હતો. તેણે ત્રણ વર્ષ પહેલા કરેલા



ટ્વિટમાં કંઈક એવું લખ્યું હતું જે આજના સમયમાં ભારતની સ્થિતિ પર બિલકુલ બંધ બેસે છે.

૨૪ વર્ષીય આર્ચરે વર્ષ ૨૦૧૭માં ૨૩ ઓક્ટોબરે ટ્વિટ કર્યું હતું, ઘર પર ત્રણ સપ્તાહ પૂરતા નથી રહે. ત્રણ વર્ષ પહેલા કરવામાં આવેલા આ ટ્વિટને ક્રિકેટના પ્રશંસકો ભારતમાં લૉકડાઉન સાથે જોડી રહ્યા છે.

તેનું આ ટ્વિટ વાયરલ થતાં જ પ્રશંસકોએ આર્ચરને ભગવાન કહેવાનું શરૂ કરી દીધું અને લખ્યું કે આ બોલર ભવિષ્ય જોઈ શકે છે.

તેના એક દિવસ પહેલા જ આર્ચરનું વધુ એક ટ્વિટ વાયરલ થયું હતું જેને કોરોના વાયરસની આ મહામારીની સોથ જોડીને જોવામાં આવી રહ્યું હતું.

૨૪ વર્ષીય આર્ચરે વર્ષ ૨૦૧૪માં ૨૦ ઓગસ્ટે એક ટ્વિટ કર્યું હતું કે એક દિવસ આવશે, જ્યારે ભાગવા માટે કોઈ સ્થળ નહીં બચે.



ગાયિકા શ્વેતા પંડિત ઈટાલીમાં ફસાઈ

મુંબઇ

કોરોના વાયરસનો ભય ભારત સહિત દુનિયાભરમાં ફેલાયો છે. ૨૧ દિવસ સુધી ભારતમાં લોકડાઉન છે. આ વચ્ચે સિંગર શ્વેતા પંડિતનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં તે જણાવી રહી છે કે, ઈટાલીમાં તેને શેનો સામનો કરવો પડી રહ્યો છે.

સિંગર શ્વેતા પંડિત હાલ ઈટાલીમાં છે અને ત્યાંથી તેણે એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં તે જણાવી રહી છે કે, તે ત્યાં સુરક્ષિત છે. જો કે, શેનો સામનો કરી રહી છે તે વિશે જણાવ્યું. તેણે કહ્યું કે, સવારે ઊઠતાની સાથે જ એમ્બ્યુલન્સનો અવાજ સંભળાઈ છે.

શ્વેતાએ જણાવ્યું કે તે એક અઠવાડિયાથી રૂમમાંથી બહાર નથી નીકળી. તેણે જણાવ્યું કે, જાણ નથી થતી કે ક્યારે અને કોના સાથે મળવાથી કોરોના થયો. શરદી-ઉધરસ થાય છે અને ડોક્ટર પાસે જવા પર ખબર પડે છે કે આઈસીયૂની જરૂર છે. તેણે કહ્યું કે, વાયરસ ખતરનાક છે અને ઈટાલીમાં ઘણાના ભોગ લીધા છે.

સૌરવ ગાંગુલીની ઓફરઃ ઈડન ગાર્ડન્સને ક્વોરેન્ટાઈન ફેસિલિટી આપવા તૈયાર

મુંબઇ

બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ કહ્યું કે, હું કોલકાતાના ઈડન ગાર્ડન્સની ઈન્ડોર ફેસિલિટી અને પ્લેયર ડોરમેટ્રી બંગાળની સરકારને આપવા તૈયાર છું. આ જગ્યાનો ક્વોરેન્ટાઈન ફેસિલિટી તરીકે ઉપયોગ થઈ શકે છે.

ગાંગુલીએ વધુ ઉમેરતા કહ્યું કે, જો સરકાર અમને કહે તો અમે ચોક્કસ આ જગ્યા



તેમને હેન્ડઓવર કરી દેશું. અત્યારે જરૂરતની ઘડીએ કંઈપણ કરવા તૈયાર છીએ. અમને કોઈ વાંધો નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોનાની બિમારી સામે સમગ્ર દેશને સતર્ક કરવા માટે મંગળવારે રાત્રે ૮ વાગ્યે દેશવ્યાપી સંબોધન કરતાં કહ્યું હતું કે સોશિયલ ડિસ્ટન્સિંગ એ જ આ મહામારીને નાથવાનો એકમાત્ર ઉપાય છે. તેમણે સમગ્ર દેશમાં વધુ ૩ અઠવાડિયાના લોકડાઉનની જાહેરાત કરીને દેશવાસીઓને તેનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરી હતી.

કટોકટી સમયે બિગબજાર ઘર સુધી વસ્તુને પહોંચાડશે

નવી દિલ્હી

કોરોના વાયરસ સામે જોરદાર જંગ જારી છે. આ જંગને જીતવા માટે એક પછી એક નિર્ણયો સરકાર અને કંપનીઓ દ્વારા પણ લેવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા કોરોના વાયરસના વધતા જતાં મામલા પર બ્રેક મુકવા આગામી ૨૧ દિવસ માટે લોકડાઉનની જાહેરાત કરી દીધી છે. લોકડાઉન વચ્ચે ફ્લિપકાર્ટ, એમેઝોન, બિગબાસ્કેટ તથા ગ્રોફર્સ જેવી ઓનલાઈન રિટેલ કંપનીઓએ પણ પોતાના કારોબારને હાલમાં સસ્પેન્ડ કરી દીધા છે. બીજી બાજુ સુપર માર્કેટ ચેઈન બિગબજારે ઘર ઘર સુધી ડિલિવરીની ઓફર કરી છે. કંપનીઓ ઘેર ઘેરની સુવિધા ઉપલબ્ધ કરાવી રહી છે. દિલ્હી, મુંબઈ, બેંગ્લોર તથા ગુરુગ્રામ જેવા શહેરોમાં સુવિધા આપી રહી છે. થોડાક દિવસમાં હોમ ડિલિવરી માટે બિગ બજારની પાસે કોલ આવી રહ્યા છે જેથી કંપનીએ આજે નિવેદન જારી કરીને આ મુજબની વાત કરી હતી. લોકડાઉનની વચ્ચે હોમ ડિલિવરી માટે ફોન આવી રહ્યા છે. અન્ય કંપનીઓ પણ આ દિશામાં આગળ વધી રહી છે. રિટેલ લિમિટેડ એફઆરએલ બિગબજારે રાંચી, ઉત્તરાખંડ, નોઈડા, ગાઝિયાબાદ, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, જમ્મુ, પંજાબ, હરિયાણા, ફરિદાબાદ, ગુજરાત તતા રાજસ્થાનમાં ઘરે ઘરે ડિલિવરીની શરૂઆત કરી દીધી છે.

'આરઆરઆર' ફિલ્મનું મોશન પોસ્ટર રિલીઝ, આવતા વર્ષે ૮ માર્ચે ફિલ્મ રિલીઝ થશે



મુંબઇ

'બાહુબલી' ફેમ ડિરેક્ટર એસ એસ રાજમૌલિની આગામી ફિલ્મ 'આરઆરઆર'નું મોશન પોસ્ટર અને લોગો રિલીઝ થયો છે. આ ફિલ્મમાં જુનિયર એનટીઆર અને રામચરણ લીડ રોલમાં છે. આ સાથે ફિલ્મની લીડ સ્ટારકાસ્ટમાં અજય દેવગણ અને આલિયા ભટ્ટ પણ સામેલ છે. ફિલ્મના ઓફિશિયલ પેજ પર વીડિયો શેર કરી લખ્યું હતું કે, જ્યારે બે વિરુદ્ધ ફોર્સની તાકાત જેમ કે પાણી અને આગ સાથે આવે છે ત્યારે એનર્જીનો ભંડાર મળે છે.

આ ફિલ્મની રિલીઝ ડેટમાં ઘણા ફેરફાર થયા છે. પરંતુ આ પોસ્ટરમાં ફિલ્મની રિલીઝ ડેટ ૮ માર્ચ, ૨૦૨૧ છે. ૧૯૨૦ના સમયમાં સેટ આ પિરિયડ ડ્રામા ફિલ્મ હિન્દી, તેલુગુ, મલયાલમ, તમિળ સહિત ભારતની બીજી ભાષાઓમાં રિલીઝ થશે.

આ ફિલ્મ બે મહાન સ્વતંત્ર સેનાનીઓની સ્ટોરી પર આધારિત છે. ફિલ્મમાં અજય દેવગણનો કેમિયો છે. આલિયા ફિલ્મમાં રામચરણની ઓપોઝિટ કાસ્ટ થયેલ છે. સાઉથ ઈન્ડસ્ટ્રીમાં આલિયા ભટ્ટની આ ડેબ્યુ ફિલ્મ છે. ફિલ્મનું શૂટિંગ હૈદરાબાદ સહિત ગુજરાતના ધર્મજમાં પણ થયું હતું.

અફઘાનિસ્તાનમાં ગુરુદ્વારા પર આત્મઘાતી હુમલોઃ ૨૭ શ્રદ્ધાળુઓના મોત, ૪ આતંકી ઠાર

કાબૂલ

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં આતંકવાદીઓએ બુધવારે એક ગુરૂદ્વારાને નિશાન બનાવ્યું હતું. ફિદાયીન હુમલો સવારે ૭.૩૦ વાગ્યે થયો હતો. આ સમયે શીખ સમુદાયના બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પ્રાર્થના માટે એકઠા થયા હતા. આ બ્લાસ્ટમાં ૨૭ શ્રદ્ધાળુઓના મોત થયા છે. જ્યારે ૮ વ્યક્તિઓને ઈજા થઈ છે. હુમલા પછી સુરક્ષાદળોએ ગુરૂદ્વારાની ઘેરાબંધ કરીને વળતી કાર્યવાહી કરી હતી. જેમાં ૪ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે.૧૬ વધુ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૪૦થી વધારે શ્રદ્ધાળુઓ ફસાયેલા છે. અત્યાર સુધી કોઈ આતંકવાદી સંગઠને આ હુમલાની જવાબદારી લીધી નથી. અફઘાનિસ્તાનમાં લગભગ ૩૦૦ શીખ પરિવાર રહે છે. તેમની સંખ્યા કાબુલ અને જલાલાબાદમાં વધુ છે. આ બે શહરોમાં ગુરૂદ્વારા પણ છે.

કાયદાના જાણકાર નરિન્દ્રસિંહ ખાલસાએ જણાવ્યું કે તેમને ગુરૂદ્વારામાંથી ફોન આવ્યો હતો. કોલ કરનારે કહ્યું કે ગુરૂદ્વારામાં ૧૫૦થી વધુ લોકો ઉપસ્થિત છે. તાલિબાનના પ્રવક્તા જબીહુલ્લાહ મુજાહિદે ટ્વિટ કરીને કહ્યું કે આ હુમલામાં તેમના સંગઠનના કોઈ લેવાદેવા નથી. તેમણે હુમલો કરાવ્યો નથી.

અવારનવાર અલ્પસંખ્યક શીખ અને હિન્દુઓના ધાર્મિક સ્થળો પર અફઘાનિસ્તાનમાં હુમલા થતા રહે છે. આ પહેલા ૨૦૧૮માં રાષ્ટ્રપતિ અશરફ ગનીની મુલાકાત કરવા જઈ રહેલા હિન્દુઓ અને શીખ લોકો પર આત્મઘાતી હુમલો થયો હતો. તેમાં ૧૯ શીખ અને હિન્દુના મોત થયા હતા. આ હુમલાની જવાબદારી ઈસ્લામિક સ્ટેટે લીધી હતી. આ પ્રકારના હુમલાઓના કારણે હિન્દુઓ અને શીખોએ દેશ છોડવાનો નિર્ણય કર્યો છે. ત્રણ વર્ષોમાં ઘણા પીડિતોએ ભારતમાં શરણ માંગી છે.

કોરોના મહામારી મૂર્તિપૂજક દેશો માટે અલ્લાહે આપેલી સજા છેઃ ISIS

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ વૈશ્વિક મહામારીને ઈસ્લામિક આતંકી સંગઠન એ મૂર્તિપૂજક દેશો માટે અલ્લાહે કરેલી સજા ઠેરવી છે. વૈશ્વિક મહામારી કોરોના વાયરસ પર આતંકનો પાયો મજબૂત કરતા ઈસ્લામિક આતંકી સંગઠને મહામારી પર દાવ ખેલ્યો છે.

ઈસ્લામિક સ્ટેટે એક ન્યૂઝ લેટર ઈશ્યુ કરીને કહ્યુ કે અલ્લાહે જાતે બનાવેલા દેશો પર દર્દનાક કહેર વર્તાવ્યો છે. ઈસ્લામિક આતંકી સંગઠને દાવો કર્યો હતો કે કોરોના વાયરસ મૂર્તિ પૂજા કરતા દેશો માટે ખુદાનો જવાબ છે. તેણે ખુદાને આહ્વાન કર્યુ હતું કે, તેમના અનુયાયીઓની રક્ષા કરે અને નાસ્તિક દેશો પર કોરોના મહામારી પે કહેર વર્તાવે.

આઈએસની માન્યતા મુજબ આ મહામારીએ આક્રમણકારી દેશોને પીછેહટ કરવા અને વાયરસના ફેલાવાને રોકવા માટે સૈનિકોની તૈનાતી કરવા મજબૂર કર્યા.

આ પહેલા પણ આ ઈસ્લામિક આતંકી સંગઠને ગાઈડલાઈન ઈશ્યુ કરતા તેના આતંકી કર્મચારીઓને નિયમોનુ પાલન કરવા અને યુરોપ જેવા કોરોનાથી પ્રભાવિત દેશોથી દૂર રહેવા જણાવ્યુ હતું.

કોરોના ઈફેક્ટઃ થોડા જ દિવસોમાં પ્રદૂષણ પર કંટ્રોલ,ઈટલી ઝેરી ગેસથી મુક્ત

ન્યૂયોર્ક

કોરોના વાયરસની મહામારીએ સમગ્ર દુનિયામાં કોહરામ મચાવી રાખ્યુ છે. આ વાયરસના કારણે અત્યાર સુધીમાં લગભગ ૧૯ હજાર લોકોના મોત થઈ ચૂક્યા છે. જોકે, આ જાનલેવા વાયરસના કારણે પૃથ્વી પર એક એવો સકારાત્મક ફેરફાર જોવા મળ્યો છે, જેનુ સપનુ ભારત સહિત ઘણા દેશ જોઈ રહ્યા છે.

યુરોપિયન સ્પેસ એજન્સી દ્વારા જાહેર કરવામાં આવેલી જાણકારી પ્રમાણે, કોરોના વાયરસના કારણે સમગ્ર દુનિયામાં પ્રદુષણનું સ્તર ખૂબ જ નીચે આવી ગયુ છે. જે પ્રદુષણને કંટ્રોલ કરવા માટે ભારત, ચીન અને અમેરિકા જેવા દેશ વર્ષોથી કોશિશ કરી રહ્યા છે, તેને કોરોનાએ થોડા જ દિવસોમાં સફાયો કરી દીધો છે. ઉલ્લેખનીય છે કે, ઝહેર પેદા કરનાર ગેસના કારણે રસ્તાઓ પર ચાલતા વાહન, ફેક્ટરીઓ અને થર્મલ પાવર સ્ટેશન છે તે છેલ્લા ઘણા સમયથી બંધ પડ્યા છે.

યૂરોપીયન સ્પેસ એજન્સીએ ખુદ ફોટો જાહેર કરતા કહ્યુ છે કે, યૂરોપની આ ફોટો કોપરનિક્સ સેન્ટિનેલ-૫પી સેટેલાઈન થકી જાન્યુઆરીમાં લેવામાં આવી હતી. આ ઝેરી ગેસની અસર સૌથી વધારે ઈટલીમાં જોવા મળી રહ્યો છે.

જ્યારે કે, ૧૧ માર્ચના રોજ લેવામાં આવેલ આ ફોટોમાં ઈટલી ઝેરી ગેસથી મુક્ત જોવા મળી રહ્યુ છે. ઈટલીમાં આ પરિવર્તન લોકોનુ ક્વોરન્ટાઈ હોવાની કારણે શક્ય બન્યુ છે.

આ ફોટો ઈટલીના વેનેટિયન કેનાલની છે, જ્યા પાણીની ગહેરાઈમાં તરતી માછલીઓ એકદમ સાફ જોવા મળી રહી છે. દેશમાં લોકો ક્વોરન્ટાઈનમાં હોવાથી આ જગ્યા પર બોટિંગ બંધ થઈ ગઈ છે. અમેરિકની અંતરિક્ષ અનુસંધાન એજન્સીએ હાલમાં જ વુહાનમાં નાઈટ્રોજન ડાઈઓક્સાઈડ ઓછો થયો હોવાની વાત કરી હતી. સ્પેસ એજન્સીનો દાવો છે કે, શહરેમાં લોકડાઉન થયા બાદ ઝેરી ગેસમાં ખૂબ જ ઘટાડો નોંધાયો છે.

કોરોનાનો ડરઃ મોદી કેબિનેટમાં બેઠકમાં જોવા મળ્યું ખુરશીઓ વચ્ચે અંતર

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવાર રાતથી સમગ્ર દેશમાં લોકડાઉનની જાહેરાત કરી હતી. આ ઉપરાંત તેમણે તમામ દેશવાસીઓને સોશિયલ ડિસ્ટેન્સિંગનું કડક પાલન કરવાનો આગ્રહ પણ વ્યક્ત કર્યો હતો. જીવલેણ કોરોનાના જોખમને ટાળવા માટે ડિસ્ટેન્સિંગ ખૂબજ મહત્વનું છે તે સાબિત કરવા બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસ સ્થાન ૭, લોકકલ્યાણ માર્ગ ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં જોવા મળ્યું. આ બેઠકમાં દેશમાં પ્રવર્તમાન કોરોના વાયરસની મહામારી સામે રહેલા પડકારો અંગે ચર્ચા કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

પીએમ મોદીના ઘરે મળેલી કેબિનેટ બેઠકમાં તમામ મંત્રીઓને વ્યક્તિગત રીતે હાજર રહેવા જણાવાયું હતું. જો કે આ બેઠકની એક તસવીર સામે આવી છે. જેમાં તમામ મંત્રીઓની ખુરશી વચ્ચે અંતર હોવાનું જણાય છે. કોવિડ-૧૯ની મહામારીનો સામનો કરી રહેલા આપણા દેશને બચાવવા માટે આપણે સલામત અંતર રાખવાનું અને સ્નેહીજનો તેમજ અન્ય લોકોને મળવાનું ટાળીએ તે જ આમાંથી ઉગરવાનો શ્રેષ્ઠ વિકલ્પ છે તેમ પીએમ મોદીએ રાષ્ટ્રજોગ બીજા સંબોધનમાં જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે આ વાત દેશના વડાપ્રધાનને પણ લાગુ પડે છે. પીએમના ઘરે મળેલી કેબિનેટ બેઠકમાં સોશિયલ ડિસ્ટેન્સિંગનું એક શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું.

ફેસબુક જિયોમાં ખરીદશે હિસ્સો, રિલાયન્સ શેર ૨૦% ઉછળ્યો

મુંબઈ

દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની સબસિડયરી કંપની જિયોમાં ફેસબુક હિસ્સેદારી ખરીદવા જઈ રહ્યું છે તેવા અહેવાલને પગલે આરઆઈએલનો શેર એક જ દિવસમાં ૨૦% ઉંચકાયો છે.

રિલાયન્સનો શેર બુધવારના સત્રામાં રૂ. ૯૬૩.૮૦ના લેવલે ખુલીને ઈન્ટ્રાડેમાં ૧૧૫૧.૫૫નો હાઈ ૧૭%ના ઉછાળે ૧૧૧૧ની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે

વિશ્વની સૌથી મોટી સોશિયલ મીડિયા કંપની ફેસબુક ભારતની સૌથી મોટી ટેલિકોમ કંપની રિલાયન્સ જિયોમાં ૧૦ ટકા હિસ્સો ખરીદવા માંગે છે. જિયોની ડીલ ફેસબુક ઉપરાંત ગૂગલ સાથે પણ ચાલી રહી છે. જોકે આ મામલે હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી. જિયોમાં ફેસબુકનો ૧૦ ટકા હિસ્સો ૬.૫-૭ બિલિયન ડોલરની વચ્ચે રહેશે.

મુકેશ અંબાણીની માલિકીની રિલાયન્સ જિયો ૨૦૧૫માં લોન્ચ થઈ હતી અને કંપનીએ ૨૦૧૬માં સત્તાવાર રીતે કામગીરી શરૂ કરી હતી, પરંતુ છેલ્લા લગભગ ૪ વર્ષોમાં જ તેના ગ્રાહકોની સંખ્યા ૩૭ કરોડને પાર પહોંચી ચુકી છે અને તે ભારતની સૌથી મોટી ટેલિકોમ કંપની પણ બની ગઈ છે.

કેન્દ્રીય મંત્રી રામ વિલાસ પાસવાનનું નિવેદન

જરૂરી ચીજવસ્તુઓ પર સરકારની નજર, મુશ્કેલ સ્થિતિમાં નફાખોરી ના કરે વ્યાપારીઓ

ન્યુ દિલ્હી

કેન્દ્રિય મંત્રી રામ વિલાસ પાસવાને બુધવારે કહ્યું કે, કોરોના વાયરસના કહેરના કારણે ઉભી થયેલી સ્થિતિમાં તમામ આવશ્યક વસ્તુઓની બજારમાં ઉપલબ્ધતા સતત જાળવી રાખવાની પ્રક્રિયા પર સરકાર દેખરેખ રાખી રહી છે. લોકોને આવશ્યક ચીજવસ્તુઓની અછત ના પડે તે માટે રાજ્ય સરકારોના સંપર્કમાં છીએ. પાસવાને વ્યાપારીઓને નફાખોરી ન કરવાની અપીલ કરી હતી.

પાસવાને એક ટ્વિટમાં જણાવ્યું કે, કોરોનાના ખતરાના કારણે ઉભી થયેલી સ્થિતિમાં તમામ આવશ્યક ચીજવસ્તુઓ બજારમાં મળી રહે તે માટે સરકાર સતત નજર રાખી રહી છે. અને કેન્દ્ર સરકાર તમામ રાજ્ય સરકારોના સંપર્કમાં છે જેથી ક્યાંય પણ કોઈ પણ ચીજવસ્તુની અછત ના સર્જાય. તમામ ઉત્પાદકો અને વ્યાપારીઓને પણ અપીલ છે કે આ મુશ્કેલ સમયમાં નફાખોરી કરે નહીં. નોંધનીય છે કે મોદી સરકારે કોરોના વાયરસના કહેરથી બચવા માટે ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યું છે.

આંતરરાષ્ટ્રિય બેંક બાર્કલેઝ બેંકે અનુમાન લગાવ્યુ

દેશવ્યાપી લોકડાઉનથી ભારતીય અર્થતંત્રને ૧૨૦ અબજ ડોલરનું નુકસાન થશે

વોશિંગ્ટન

આંતરરાષ્ટ્રિય બેંક બાર્કલેઝ બેંકે અનુમાન લગાવ્યુ છે કે, દેશવ્યાપી લોકડાઉનના કારણે ભારતના અર્થત્રને ૧૨૦ અબજ ડોલરનુ નુકસાન થશે.

બેંકના રિપોર્ટમાં કહેવાયુ છે કે, બદલાતી સ્થિતિઓને જોતા ૨૦૨૦ના કેલેન્ડર વર્ષમાં ભારતનો વિકાસ દર માત્ર ૨.૫ ટકા રહેશે.જે અગાઉ ૪.૫ ટકા રહેવાનુ અનુમન હતુ.આ સાથે જ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિકાસ દરનુ અનુમાન ઘટાડીને ૩.૫ ટકા કરી દેવામાં આવ્યુ છે.

જોકે આગામી વર્ષે ગ્રોથ રેટમાં વધારાની આશા છે.બાર્કલેઝે ૨૦૨૧ના કેલેન્ડર વર્ષ માટે જીડીપીમાં ૮.૨ ટાકના ગ્રોથનુ અને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૮ ટકાના ગ્રોથનો અંદાજ મુક્યો છે.

રિપોર્ટ પ્રમાણે લોકડાઉનના કારણે ભારતની ઈકોનોમીને ૧૨૦ અબજ ડોલર જેટલુ નુકસાન થશે.જે જીડીપીના ચાર ટકા છે.જેમાંથી ૯૦ અબજ ડોલરનુ નુકસાન લોકડાઉનનો સમય વધારવાના કારણે થશે.સ્વાભાવિક રીતે તેની અસર ગ્રોથ રેટ પર પણ પડશે.

કોરોનાઃ આઈસોલેશનમાં વોર્ડમાં ડ્યૂટી મળતા ડોક્ટર દંપતિનું રાજીનામું

રાંચી

દેશમાં કોરોના વાઈરસનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. આ દરમિયાન ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લાના એક સરકારી હોસ્પિટલના એક ડોક્ટર દંપતીએ કોરોના વાઈરસના આઈસોલેશન વોર્ડમાં ડ્યૂટી હોવાના કારણે રાજીનામું આપી દીધું છે. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, ડોક્ટરે તેમના પત્ની સાથે વોટ્સએપ મેસેજ કરીને આ વિશે જણાવ્યું હતું.

પશ્ચિમ સિંહભૂમ જિલ્લાના સર્જન ડો. મંજૂ દુબેએ મંગળવારે કહ્યું કે, તેમણે ડો. આલોક તિર્કીને ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. રાજ્યના સ્વાસ્થ્ય સચિવ ડો. નિતિન મદન કુલકર્ણીના આદેશ પર તેમને તાત્કાલિક ડ્યૂટી જોઈન કરવા માટે કહ્યું છે. તેમણે તિર્કીને ૨૪ કલાકની અંદર ફરજમાં જોડાવા માટે કહ્યું છે. નહીંતર ઝારખંડ મહામારી રોગ વિનિમયન-૨૦૨૦ અને મહામારી રોગ અધિનિયમ, ૧૯૮૭ હેઠળ તેમના વિરુદ્ધ એફઆરઆઈ કરવામાં આવશે. ડો તિર્કીનું રાજીનામું તેમને સોમવાર રાતે વોટ્સએપ પર મંગળવાર સવારે ઈમેલ પર મળ્યું હતું.

કોરોના અંગે લોકોમાં જાગૃતિ કેટલી.....? દાતાઓ જાગે કોરોના રોકવા દાન કરે...

વિશ્વભરમાં નોવેલ કોરોનાની મહામારી ને કારણે ૨,૭૮,૦૦૦ લોકો તેની ઝપટમાં આવી ગયા છે. અને ૧૬૫૦૬ ના મૃત્યુ થયા છે. જ્યારે ઈટલીની હાલત સૌથી ખરાબ છે તેની વસ્તી આપણા ગુજરાત જેટલી જ છે. અહી મૃતકોને ઉપાડનારા નથી રહ્યા તેથી સ્થાનિક તંત્રએ તેનો નિકાલ કરવો પડે છે... અહીં ૬૦૭૯ લોકોના મોત થયા છે. આરોગ્યમાં તંત્રમાં અનેક લોકો ભોગ બનતા મેડિકલ સારવાર માં તકલીફ ઉભી થઈ છે. નવા દર્દીઓ માટે હોસ્પિટલોમાં જગ્યા જ નથી રહી.... અહીના વડાપ્રધાન ગુડ સેપ પોતાના દેશની પ્રજાને મરતી જોઈને રડી પડ્યા હતા.એક દેશનો વડાપ્રધાન હોવા છતાં પોતાની મૃત્યુ પામતી પ્રજા માટે કંઈ જ કરી શકતો નથી. આ છે માનવીની વિવશતા.... પોતાના દેશના ૬,૦૭૯ પ્રજાના મોતથી પોતે હતપ્રભ થઈ જતા પોતાના સંબોધનમાં રડતાં રડતાં કહ્યું કે આપણા દેશને આ મહામારીમાંથી બચાવવા બનતા બધા પ્રયત્નો કર્યા પરંતુ..... હવે તો "ભગવાન જ બચાવે". ઈટલીમાં અત્યારના સંજોગોમાં ૫૯૨૩૮ લોકોના કોરોનાગ્રસ્ત છે. દરમ્યાન યુએસએમાં ૧૪૭૮૦ નવા કેસ નોંધાયા છે. કુલ આંકડો ૩૮૯૮૭ પર પહોંચ્યો છે. ત્યારે આજની તારીખે ૯૮ લોકોના મોત થયા છે. અહીં પરિસ્થિતિ વિકટ બનવા તરફ જઈ રહી છે. સ્પેનમાં તો તંત્ર પડી જ ભાગ્યુ છે.. આજનો મૃતાક ૩૯૫ છે અને ૨૯૧૩૦ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે. ભારતમાં કોરોના આકરી ગતિથી આગળ વધી રહ્યો છે....! દેશભરમાં ૫૧૧ કેસ નોંધાયા છે આજની તારીખમાં નવા ૨૫ કેસ નોંધાયા છે અને અત્યાર સુધીમાં ૧૦ ના મૃત્યુ થયા છે. અત્યારે દેશમા કુલ ૧૯૭ અને દેશબહારના ૪૭૫ ભારતીયોને કોરાનાનો ચેપ લાગ્યો છે.જેમા લોકલ લેવલે ચેપની શરૂઆત થઈ છે જે ગંભીર બાબત છે....! પંજાબમાં ૧ નુ બંગાળમા ૧ નું મોત થયું છે. મહારાષ્ટ્રમા કોરોનાની ફેલાવવાની ઝડપ વધુ છે., અત્યાર સુધીમાં ૧૦૭ કેસ નોંધાયા છે. મુંબઈમાં ૩ ના મૃત્યુ થતાં લોકોમાં ગભરાહટ વધુ છે.. રાજસ્થાનમાં ૩૩, તેલંગાણામાં ૩૨, ઉત્તર પ્રદેશમાં ૩૩, કર્ણાટકમાં ૩૭, પંજાબમાં ૨૨,દિલ્હીમાં ૩૧ અને ગુજરાતમાં ૩૦ કેસ પોઝિટિવ નોંધાયા છે. ગુજરાતમાં ત્રીજા સ્ટેજમાં પહોચવાની શક્યતા છે. દેશના મોટાભાગના રાજ્યોમાં લોકઆઉટ જાહેર કરવામાં આવ્યો છે. જ્યારે દિલ્હી, મહારાષ્ટ્ર, પંજાબમાં કફર્યૂ લગાવી દીધો છે મતલબ કોરાના વધુ ભયાનક રૂપ ધારણ કરી શકે તેવી દહેશત છે.....!!

દેશમાં કેન્દ્ર સરકારે એક દિવસનો કરફ્યુ જાહેર કરીને સમગ્ર દેશની પ્રજાને મહામારી સામે તૈયાર કરવાનો વ્યૂહ અપનાવ્યો હતો. પરંતુ અને એવા મુરખ લોકો છે કે જાણે આપણને કશું થવાનું જ નથી.... પરંતુ તે બહાર નીકળતી વ્યક્તિ પોતાના પરિવારને માટે અને આજુબાજુના તમામ લોકો માટે ઝેરી બોમ્બ બની જાય છે... તે વાત તે સમજતો નથી જે દુ:ખદ બાબત છે....! તે સાથે લોકો એ વાત પણ સમજવી અતિ જરૂરી અને ગંભીર છે કે જ્યારે સમગ્ર દુનિયા કોરોના જેવી મહામારીમા ફસાઈ ગઈ છે ત્યારે તમામ ધર્મના તમામ દરવાજા મદદ માટે બંધ રહ્યાં છે.....! તો પ્રજાના પૈસે ડોક્ટર બની ખાનગી દવાખાનાં, હોસ્પિટલો ઊભી કરનારા કોઈપણ માઇના લાલ કોરોના ગ્રસ્ત લોકોની સારવાર માટે નથી જ જોડાયા....! પરંતુ પોતાની હોસ્પીટલ કે દવાખાના પણ ઉપયોગ કરવા માટે આપ્યા નથી. એ તો ઠીક છે પણ સરકારે અબજો રૂપિયાની એનપીએ માફ કરી મોટા ઉદ્યોગકારો, ધંધાર્થીઓને મોટી મોટી લોનો આપી તેમાંના પણ કોઈ કોરોના ગ્રસ્તોની મદદે કે કોરોના અટકાવવા નથી આવ્યા જેની ગંભીરતાથી નોંધ લેવી જરૂરી છે. ધર્મપ્રેમીઓ, આસ્થાળુઓ અને દાતાઓએ નોંધ લેવી જ રહે કે માત્ર સરકારી દવાખાના અને હોસ્પીટલોના ડોકટરો, નર્સો અને સ્ટાફજ કોરોના ગ્રસ્તોની સેવા પોતાના જાન જોખમમાં મૂકીને ૨૪ કલાક કરી રહ્યા છે... ત્યારે દાતાઓ બહાર આવે અને આમ લોકોને માસ્કનું તેમજ સેનેટાઈઝરનું મફતમાં ઘરે વિતરણ કરે અને પોતે પુણ્ય કમાય.... આવો મોકો-આવી તક તમને સેવા કરવા મળી છે તો ચૂકશો નહીં.... કારણ અત્યારે તકવાદીઓ માસ્ક સેનેટ રાઈઝર ઉંચી કિંમતે વેચી રહ્યા છે જે સામાન્ય લોકોને પરવડે તેમ નથી.... તો લોકજાગૃતિના પ્રયત્ન કરો લોકો ઘર બહાર ન નીકળે તે માટે સમજાવો કારણ લોકો બહાર નીકળે તો કોરોના વાયરસ આપોઆપ મરી જશે. સરકારે કોરોનાની ગંભીરતા સમજીને ૩૦ રાજ્યોમાં લોકઆઉટ જાહેર કરેલ છે. ત્યારે લોકો બહાર ન નીકળે તો જ કોરોનાની હાર થશે તે નિશ્ચિત છે...! આપણા દેશની આરોગ્ય સેવા ઈટલીની તોલે આવે તેવી નથી.... તે વાત સમજવાની જરૂર છે..... અને તો જ કોરોનાથી દેશ હેમખેમ બહાર આવી જશે.... તે સાથે પોલીસ માનવીય અભિગમ અપનાવે તે પણ એટલું જ જરૂરી છે. ખોટા રખડનારાઓને આકરી સજા કરો તેનો કોઈને વાંધો નથી પરંતુ જરૂરત વાળા પરેશાન ના થાય તે જોવાની પણ જરૂર છે.... તેમજ સરકાર પોલીસને પણ સમજ આપે કારણ થોડાઓની ખોટી વહેવારીકતાને કારણે લઈને સમગ્ર પોલીસ તંત્ર બદનામ થાય છે.....!

રાજકીય ક્ષેત્રો રાહુલ ગાંધીની ટ્વીટ, મધ્ય પ્રદેશ અને ચૂંટણી પંચ ચર્ચામાં રહ્યા છે... તેમાં રાહુલ ગાંધીએ ફેબ્રુઆરીમાં કોરોના બાબતે ટ્વિટ કરેલ જેની સરકારે ગંભીરતાથી નોંધ લીધી નહીં....! નહીં તો અત્યારે લોકઆઉટ કે કર્ફ્યુની જરૂર ના પડી હોત.....! ઉપરાંત સેનેટાઈઝર અને માસ્ક દરેક ને મળી જાત.... તો મધ્યપ્રદેશમાં શિવરાજજી સમગ્ર દેશ તકલીફમાં છે ત્યારે સત્તાને પ્રાધાન્ય આપીને મુખ્યમંત્રી બની ગયા...પરંતુ યોજાનારી પેટાચૂંટણીમાં તેમની શું હાલત થશે....?! તે અંગે વિચાર્યું નથી. તો ચૂંટણી પંચ પણ કોરોનાની ગંભીરતા સમજી ગયુ ત્યારે જ રાજ્યસભાની ચૂંટણી સ્થગીત કરી..... જ્યારે ગુજરાતમાં કોંગ્રેસે વિધાનસભા મુલતવી રાખવાની માંગ દશેક દિવસ પહેલાં કરી હતી.... પરંતુ રૂપાણી સરકારે તેનો સ્વીકાર કર્યો ન હતો..... કારણ..... હોર્સ ટ્રેડિંગ.....! પરંતુ રાજ્યસભાની ચૂંટણી મુલતવી રહેતા ગુજરાતના મુખ્ય મંત્રીએ પણ વિધાનસભા અચોક્કસ મુદત સુધી મુલતવી રાખવા પ્રસ્તાવના રજૂ કરીને કોંગ્રેસની ગેરહાજરીમાં પ્રસ્તાવ મંજૂર કરાયો અને ગૃહ અચોક્કસ સમય માટે મુલતવી રહ્યું..... ત્યારે આને સત્તા માટેનો ખેલ નહીં તો શું કહેવાય.....?

ઇટાલી
પહેલા પાનાથી ચાલુ

આવતા કુલ પોઝિટિવ કેસની સંખ્યા દેશમાં ૬૯૧૭૬ થઈ ગઈ છે. જ્યારે મૃત્યુઆંક સાત હજારની નજીક ૬૮૨૦ થઈ ગયો છે. બીજી તરફ કોરોના વાઈરસથી મૃત્યુઆંકની દ્રષ્ટિએ સ્પેન ત્રીજા નંબરે આવી ગયો છે. અહીં આ વાઈરસથી કુલ ૨૯૯૧ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કોરોના વાયરસના કારણે સ્થિતિ એ હદે વણસી છે કે, ઈટાલીમાં અંતિમ સંસ્કાર પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે, જેથી અનેક પરિવારજનો પોતાના નજીકનાઓને અંતિમ ગુડ બાય પણ નથી કરી શકતા. મરનારાઓની સંખ્યા એટલી બધી વધારે છે કે, લાશો અન્ય શહેરોમાં દફનાવવામાં આવી રહી છે. આ ભયાનક જનારો ઈટાલીને બીજા વિશ્વયુદ્ધની યાદ અપાવી રહ્યો છે.

ચીની મીડિયાએ કહ્યું

હંતા વાયરસ કોરોનાની જેમ નહીં ફેલાય,સંક્રમણનો બીજો કોઈ કેસ નથી

બીજિંગ

કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા સમગ્ર દુનિયામાં ૪,૨૦,૦૦૦થી વધુ થઈ ગઈ છે એવામાં ચીનમાં હંતા વાયરસના સંક્રમણથી એક વ્યક્તિનું મોત દુનિયાભરમાં ચર્ચાનો વિષય બની ગયો છે. ચીનના યુન્નાન પ્રાંતમાં સોમવારે હંતા વાયરસથી એક વ્યક્તિનું મોત થઈ ગયું હતું અને તેની સાથે બસમાં મુસાફરી કરી રહેલા અન્ય ૨૯ લોકોને ટેસ્ટ માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

ચીનની સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સે જ આ મોતની પુષ્ટિ કરી હતી પરંતુ હવે તેઓએ જ તેના વિશે સ્પષ્ટતા પણ કરી દીધી છે. ગ્લોબલ ટાઈમ્સે સ્પષ્ટતા કરી છે કે હંતા વાયરસ કોરોનાની જેમ શ્વાસની નળી દ્વારા નથી ફેલાતો. હંતાના ફેલાવા માટે સંક્રમિત દર્દીના લોહી કે પછી સલાઈવાના સંપર્કમાં આવવું જરૂરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે હંતા વાયરસ કોરોનાની જેમ ઘાતક નથી અને તેનાથી ડરવાની કે પછી તેને એપિડેમિક સમજવાની જરૂર નથી. રિપોર્ટમાં યુન્નાનમાં હંતા વાયરસથી માર્યા ગયેલા વ્યક્તિનું નામ તિયાન જણાવવામાં આવ્યું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે આ વ્યક્તિ ૨૯ અન્ય લોકોની સાથે બસમાં મુસાફરી કરી રહ્યો હતો. તેની તબિયત બગડી અને તેનું મોત થઈ ગયું. બાદમાં તપાસમાં સામે આવ્યું કે મોત હંતાના સંક્રમણથી થયું છે. તકેદારીના ભાગ રૂપે ૨૯ અન્ય લોકોના પણ ટેસ્ટ કરવામાં આવ્યા છે. પરંતુ તેમનામાં સંક્રમણની આશંકા બિલકુલ નથી કારણ કે આ વાયરસ હવા કે પછી સ્પર્શથી નથી ફેલાતો. મૃત વ્યક્તિ અને બાકી ૨૯ લોકોના ટેસ્ટ સાંશી પ્રોવિન્સના નિંગશાંગ કાઉન્ટી હોસ્પિટલમાં કરાવવામાં આવ્યા છે. બાકી તમામ સહયાત્રી કોરોના નેગેટિવ હોવાનું બહાર આવ્યું છે.

ઉત્તરપ્રદેશના સહારનપુરમાં લોકડાઉનનો ભંગ કરનાર ૬૨૬ લોકો પાસેથી ૨૮.૮૭ લાખનો દંડ વસુલાયો

સહારનપુર

ઉત્તર પ્રદેશના સહારનપુરમાં લોકડાઉનનો ભંગ કરનાર ૬૨૬ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે લોકડાઉનનો કડકાઈથી અમલ કરાવી આ લોકો પાસેથી ૨૮ લાખ ૮૭ હજાર ૫૦૦ રૂપિયાનો દંડ વસુલ કર્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ ૨૩૧૭ વાહન ચાલકોને મેમો આપવાની સાથે વાહન પણ જપ્ત કરી લેવાયા છે. જિલ્લામાં કુલ ૬૮ ચેક પોસ્ટ પર બેરિયર લગાવવામાં આવ્યા છે. જેના પર કુલ ૪૯૭૩ વાહનોને ચેક કરવામાં આવ્યા હતા.

કોરોના વાઈરસના કેસની સંખ્યા વધતા પ્રધાનમંત્રીએ સમગ્ર દેશને ત્રણ સપ્તાહ માટે લોકડાઉન રાખવાની જાહેરાત કરી છે. આમ છતા ઘણા લોકો બહાર નિકળતા પોલીસે આ કાર્યવાહી કરી છે.

તૈયાર પેકેજના સંદર્ભમાં ટૂંકમાં જ જાહેરાત થશે

કોરોના વિરૂદ્ધ લડવા ૧.૫ લાખ કરોડનું પેકેજ તૈયાર

નવીદિલ્હી

દિનપ્રતિદિન વધુને વધુ ખતરનાક બની રહેલા કોરોના વાયરસ સામે લડવા માટે પેકેજની તૈયારી ભારત સરકારે પણ કરી લીધી છે. કોરોના વાયરસથી બચવા માટે ૧૩૦ કરોડથી વધુ ભારતીયો લોકડાઉનની સ્થિતિમાં છે ત્યારે રાહત આપવાના હેતુસર ટૂંકમાં જ ૧.૫ લાખ કરોડ અથવા તો ૧૯.૬ અબજ ડોલરના પેકેજની જાહેરાત કરવામાં આવશે. જાણકાર લોકોનું કહેવું છે કે, પેકેજને તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. પેકેજની માંગ પણ ઉઠી રહી છે. સરકારે હજુ સુધી પેકેજને આખરી ઓપ આપવાની પ્રક્રિયા પૂર્ણ કરી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, નાણામંત્રાલય અને રિઝર્વ બેંક વચ્ચે વાતચીત ચાલી રહી છે. નામ જાહેર નહીં કરવાની શરતે સુત્રોએ કહ્યું છે કે, ચર્ચા હજુ ચાલી રહી છે. વરિષ્ઠ સરકારી અધિકારીએ કહ્યું છે કે, સ્ટીમ્યુલસ પ્લાન ૨.૩ લાખ કરોડની આસપાસનો હોઈ શકે છે. જો કે, અંતિમ આંકડો નક્કી થયા બાદ જ જાણી શકાશે. સપ્તાહના અંત સુધી પેકેજની જાહેરાત કરવામાં આવી શકે છે. ૧૦૦ મિલિયન ગરીબ લોકોના ખાતામાં સીધીરીતે નાણાં પહોંચાડવા માટે આ પેકેજમાં રહેલી રકમનો ઉપયોગ કરવામાં આવશે. સાથે સાથે લોકડાઉનના કારણે મુશ્કેલીમાં મુકાયેલા બિઝનેસને ટેકો આપવામાં આવશે. આજે ૧૩૦ કરોડ લોકો લોકડાઉનની સ્થિતિમાં આવી ગયા હતા. કોરોના વાયરસ સામે લડવા સૌથી મહત્વકાંક્ષી પહેલ ભારતમાં કરવામાં આવી છે. કોરોના વાયરસના ભારતમાં હજુ સુધી ૫૬૨થી વધુ કેસો નોંધાયા છે. સરકાર દ્વારા ૨૦૨૦-૨૧ના નાણાંકીય વર્ષ માટે લોન પ્લાનને પણ વધારવાની તૈયારી કરી લેવામાં આવી છે. સુત્રોએ કહ્યું છે કે, સરકારી સિક્યુરિટી પૈકી કેટલી ખરીદી લેવા રિઝર્વ બેંકને સરકારે અપીલ કરી છે. આરબીઆઈ દ્વારા વિશ્વમાં અન્ય રિઝર્વ બેંકની જેમ જ બોન્ડ ખરીદે છે. કોરોના સામે લડવા તમામ પ્રયાસો ચાલી રહ્યા છે. નાણામંત્રાલય દ્વારા પ્લાનના સંદર્ભમાં વિગતો આપવાનો ઈન્કાર કરાયો છે. મંગળવારના દિવસે પણ નાણામંત્રીએ કહ્યું હતું કે, પેકેજ ઉપર જોરદારરીતે વાતચીત ચાલી રહી છે. ટૂંકમાં જ આની જાહેરાત કરાશે.

કાશીની પ્રજા સાથે વડાપ્રધાને વિવિધ મુદ્દે વાતચીત કરી

ખતરનાક કોરોના વિરૂદ્ધ જંગ ૨૧ દિન બાદ જ જીતાશે : નરેન્દ્ર મોદી

ગરીબ-અમીર તમામ લોકોને કોરોના પોતાના મજબૂત સકંજામાં લઈ શકે છે ડોક્ટરો કટોકટીના સમયમાં ભગવાન સમાન છે : લોકોની સેવા કરવા અપીલ

વારાણસી

કોરોના વાયરસને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કર્યા બાદ વારાણસીના લોકો સાથે વાતચીત કરી હતી. પોતાના સંસદીય મતવિસ્તારના લોકો સાથે વાતચીત કરીને તેમના પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. પોતાના સંબોધનની શરૂઆતમાં વડાપ્રધાને કહ્યું હતું કે, નવરાત્રિના પ્રથમ દિવસે માતા શૈલપુત્રીની પુજા થાય છે તેમને પ્રકૃત્તિની દેવી પણ કહેવામાં આવે છે. આજે દેશ જે સંકટના દોરમાં છે તેમાં અમને તેમના આશીર્વાદની જરૂર દેખાઈ રહી છે. તેમની માતા શૈલપુત્રીને પ્રાર્થના છે કે, કોરોનાની સામે દેશે જે યુદ્ધ છેડી દીધું છે તેમા અમને વિજય મળે. તેમણે કહ્યું હતું કે, કાશીના સાંસદ હોવાના કારણે કટોકટીના સમયમાં તેમની વચ્ચે રહેવાની જરૂર હતી પરંતુ દિલ્હીમાં જે થઈ રહ્યું છે તેનાથી તમામ લોકો વાકેફ છે. અહીના વ્યસ્ત કાર્યક્રમ છતાં તેઓ કાશી સાથે વારંવાર જોડાઈ રહ્યા છે. તેમણે યાદ અપાવતા કહ્યું હતું કે, મહાભારતનું યુદ્ધ ૧૮ દિવસમાં જીતવામાં આવ્યું હતું. કોરોનાની સામે જે યુદ્ધ અમે લડી રહ્યા છે તેને જીતવા માટે ૨૧ દિવસનો સમય લાગશે. મહાભારતના યુદ્ધના સમયે ભગવાન કૃષ્ણ સારથી તરીકે હતા. આજે ૧૩૦ કરોડ સારથીઓના આધાર પર અમે આ યુદ્ધ જીતવા જઈ રહ્યા છે. વડાપ્રધાને કહ્યું હતું કે, કોરોનાની સામે આ યુદ્ધમાં કાશી અથવા તો વારાણસીના લોકોની સૌથી મહત્વની ભૂમિકા રહેશે. લોકડાઉનના સમયમાં વારાણસી દેશને સંયમ અને સહનશીલતા માટે માર્ગદર્શન આપે છે. કાશીનો અર્થ કલ્યાણ તરીકે થાય છે. મહાદેવની નગરીમાં જો આ તાકાત રહેશે નહીં તો અન્ય કોનામાં રહેશે. કોરોનાને લઈને દેશમાં વ્યાપક તૈયારી ચાલી રહી છે પરંતુ અમને ધ્યાન રાખવું છે કે, ઘરમાં રહેવાની બાબત જ એકમાત્ર વિકલ્પ છે. કેટલાક લોકોએ પ્રશ્ન કર્યો હતો કે, ગરમીની સ્થિતિમાં વાયરસ પોતાનીરીતે ખતમ થઈ જાય છે. અમારી બનાવટ એવી છે કે, અમને કોરોના થઈ શકે નહીં એવી વિચારધારા ધરાવતા લોકોને શું સંદેશ છે તેના જવાબમાં મોદીએ કહ્યું હતું કે, લોકોની એવી ટેવ હોય છે કે, જે બાબત તેમના માટે અનુકુળ હોય છે તેને માની લેવામાં આવે છે. તેમાં જરૂરી અને ધ્યાન આપવાની બાબત છુટી જાય છે. આ બિમારીની સૌથી મોટી બાબત એ છે કે, આમા અમીર ગરીબને જોવા માટે કોઈ કારણ નથી. આ વાયરસ એવા લોકોને પણ સકંજામાં લઈ લે છે જે પોતાના આરોગ્યનું ધ્યાન રાખે છે. ધ્યાન રાખવાની જગ્યા બિમારી કેટલી ભયાનક છે તેની કાળજી લેવાની જરૂર છે. કેટલાક લોકો સમજી રહ્યા છે પરંતુ અમલીકરણ કરી રહ્યા નથી. લોકોને ધ્યાન છે કે, સાવચેતી શું રાખવી જોઈએ. સિગારેટ અને પાનમસાલાથી કેન્સર થાય છે. આ બાબત તેમને ખબર હોય છે પરંતુ સાવચેતી રાખતા નથી. નાગરિક તરીકે પોતાના કર્તવ્યનું ધ્યાન રાખવું જોઈએ. ઘરે રહીને અંતર રાખવાની જરૂર દેખાઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, હોસ્પિટલમાં સફેદ વસ્ત્રોમાં ડોક્ટર અને નર્સ ભગવાનના રુપમાં ફરી રહ્યા છે. તેમની સાથે ખરાબ વર્તન બિલકુલ અયોગ્ય છે.

કોરોનાએ મજૂરની કિસ્મત બદલી, રાતો રાત બની ગયો કરોડપતિ..!

તિરુવનંતપુરમ્

દુનિયાભરમાં કોરોનાનો કહેર ચાલી રહ્યો છે, જેના કારણે લોકો પોતાના ઘર પર બંધ રહેવા માટે મજબૂર છે. લોકો પોતાના દેશ અને પોતાના ગામમાં પહોંચવાની કોશિશ કરી રહ્યા છે. આ જ રીતે કેરલમાં પણ એક યુવક મજૂરીનુ કામ છોડીને ઘર પરત ફર્યો હતો, પરંતુ આ વચ્ચે તેની કિસ્મત જ બદલાઈ ગઈ છે. માહિતી પ્રમાણે દરરોજ ૧૦૦૦ થી ૧૫૦૦ રુપિયા કમાનાર યુવકની જિંદગી અચનાક જ બદલાઈ ગઈ છે. કોરોના વાયરસથી બચવા માટે પશ્ચિમ બંગાળનો એક યુવકે કેરલથી પોતાના ગામમા પહોંચ્યો હતો, તેને જાણ થઈ કે, તેને લોટરી લાગી ગઈ છે અને તે કરોડપતિ બની ગયો છે. જોકે, પહેલા તો તેને આ વાત પર વિશ્વાસ આવ્યો ન હતો.

કોરોનાના ખતરા વચ્ચે જ્યારે ઈજારુલ શેખ પોતાના ગામ પરત ફર્યો તો, તેની સામે રોજી-રોટીનુ મોટુ સંકટ આવ્યુ. મુશ્કેલીના આ સમયમાં તેમણે પોતાની કિસ્મતને અજમાવી અને લોટરીની એક ટિકિટ ખરીદી લીધી હતી, જેણે તેની જિંદગીને જ બદલીને રાખી દીધી હતી. ઈજારુલે હવે આ ટિકિટથી ૧ કરોડ રુપિયા જીત્યા છે.

જણાવી દઈએ કે, ઈજારુલ શેખના પરિવારમાં માતા-પિતા, પત્ની અને એક દીકરી છે. તેના પિતા રિક્શા ચલાવે છે અને ઈજારુલ કેરલમાં મજૂરી કરી પોતાના પરિવારનુ ગુજરાન ચલાવે છે. આ પૈસામાથી તે પોતાનુ એક ઘર બનાવશે અને માતા-પિતાની સેવા સાથે પોતાના બાળકોની શિક્ષા માટે પણ પૈસા જમા કરશે.

ગરીબ ૨૧ દિવસ સુધી કેવી રીતે ખાશે?: લોકડાઉન મુદ્દે કોંગ્રેસનો સવાલ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના ખતરાને જોતા અત્યારે દેશમાં લૉકડાઉન છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના એલાન બાદ ૨૫ માર્ચથી ૨૧ દિવસ સુધી દેશમાં લૉકડાઉન છે. પીએમ મોદીના સંબોધન બાદ કોંગ્રેસ તરફથી અમુક સવાલ ઉઠાવવામાં આવ્યા છે. કોંગ્રેસે કહ્યુ કે લૉકડાઉન બધાએ માનવુ જોઈએ પરંતુ ગરીબ, મજૂર, સુરક્ષાકર્મી અને મેડીકલ ક્ષેત્રના લોકોની મુશ્કેલીઓ સરકાર નથી સમજી રહી. આ લોકો માટે જરૂરી પગલા લેવામાં નથી આવ્યા.

કોંગ્રેસ પ્રવકતા સુરજેવાલાએ ઘણા ટ્વિટ કર્યા છે. સુરજેવાલાએ કહ્યુ કે દેશ તો લૉકડાઉનો દરેક આગ્રહ માનશે. પરંતુ પ્રધાનમંત્રીએ કોરોના મહામારીને રોકવા માટે શું કર્યુ? આરોગ્યકર્મીઓની સુરક્ષા કેવી રીતે થશે? કોરોનાથી પેદા થયેલા રોજીરોટીના મહાસંકટનો ઉકેલ શું છે? ગરીબ, મજૂર, ખેડૂત, દુકાનદારો ૨૧ દિવસ કેવી રીતે કાપશે? કોરોનાથી લડવા માટે આરોગ્યકર્મીઓને સુવિધાઓ મળવી જરૂરી છે પરંતુ તેના માટે એન-૯૫ માસ્ક, ૩ પ્લાઈ માસ્ક, સૂટ ઉપલબ્ધ કેમ નથી? દેશને માર્ચમાં જ ૭,૨૫ લાખ બૉડી સૂટ, ૬૦ લાખ એન-૯૫ માસ્ક, ૧ કરોડ પ્લાઈ માસ્કન જરૂર છે. આ ક્યારે મળશે?

સુરજેવાલાએ કહ્યુ કે આ દૂર્ભાગ્યપૂર્ણ છે પરંતુ હકીકત છે કે કોરોના ફેલાયાના ૮૪ દિવસ બાદ ૨૪ માર્ચે તમારી સરકારે વેંટિલેટર, શ્વાસ લેવાના ઉપકરણો અને હેન્ડ સેનિટાઈઝર નિકાસ પર રોક લગાવી છે. કોરોના સંક્રમણથી લડવા માટે આ તમારી તૈયારી છે?

૨૧ દિવસના લોકડાઉનને ચિદમ્બરમે સમર્થન આપ્યું

નવી દિલ્હી

કોરોના વાયરસના ઈન્ફેક્શનને રોકવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી દેશમાં કરવામાં આવેલા ૨૧ દિવસના લોકડાઉનની ઘોષણા પર એકબાજુ કોંગ્રેસ પાર્ટી અને કેટલાક નેતા પ્રશ્નો ઉઠાવી રહ્યા છે ત્યારે પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમે આની પ્રશંસા કરી છે. એટલું જ નહીં ચિદમ્બરમે દેશવાસીઓને અપીલ કરી છે કે, આ મુશ્કેલ કટોકટીમાં વડાપ્રધાનને પોતાના કમાન્ડર સમજી લેવાની જરૂર છે અને અન્ય તમામ લોકો સૈનિકોની જેમ તેમની બાબતોને સારી રીતે પાળે તે જરૂરી છે. લોકડાઉનની સ્થિતિ ખુબ જ ગંભીરતાપૂર્વક હાથ ધરવામાં આવી છે. તેને પાળવામાં આવે તે જરૂરી છે. કોરોના વાયરસનો મજબૂતી સાથે સામનો કરવા માટે આ ખુબ જ જરૂરી છે. આ મુશ્કેલ સમયમાં ગરીબો, ખેડૂતો, મજુરોના બેંક ખાતામાં પૈસા જમા કરવા માટે ચિદમ્બરમે ૧૦ મુદ્દાનું સૂચન કર્યું હતું. સાથે સાથે પહેલી એપ્રિલ ૨૦૨૦ના દિવસથી તમામ જીવન જરૂરી ચીજવસ્તુઓની સેવાઓ ઉપર જીએસટી દરમાં પાંચ ટકા કાપ મુકવાની માંગ કરી છે. ચિદમ્બરમ તરફથી આપવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, મોદી તરફથી આપવામાં આવેલા ૨૧ દિવસના દેશવ્યાપી લોકડાઉન કોરોના સામે લડવામાં એક ઐતિહાસિક પગલું છે. ૨૪મી માર્ચથી પહેલાની ચર્ચાને પાછળ છોડીને દેશવ્યાપી લોકડાઉનને એક નવી લડાઈની શરૂઆત તરીકે જોવાની જરૂર છે જેમાં વડાપ્રધાન કમાન્ડર તરીકે છે.

૭૨ લાખ લોકોને કરિયાણુ મફતમાં મળશે

દિલ્હીમાં કેજરીવાલ સરકાર દુકાનદારોને ઈ-પાસ આપશે

નવી દિલ્હી

કોરોના વાયરસના કારણે દેશભરમાં ૨૧ દિવસ સુધી લોકડાઉનની સ્થિતી ઉભી થઈ છે. ત્યારે આવા સમયે લોકોને ઘરોમાંથી બહાર ન નિકળવાની સલાહ અપાઈ છે. આ પરિસ્થિતીમાં લોકો મુશ્કેલીમાં આવે તે સ્વાભાવિક બાબત છે. જો કે, દિલ્હીમાં લોકોને જરૂરી સામાનની ખોટ ન પડે એટલા માટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ઉપરાજ્યપાલે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ બંનેએ લોકોને અપીલ કરી છે, કે તેઓ ઘરોમાં જ રહેશે. પરેશાન થવાની જરૂર નથી. જીવનજરૂરિયાત સામાનની દુકાનો બંધ કરવામાં નહીં આવે. દુકાનો પર કારણવગરની ભીડ ન કરો.

મુખ્યમંત્રી કેજરીવાલે જણાવ્યું હતું કે, કોઈએ પણ ડરવાની જરૂર નથી. વડાપ્રધાન મોદીએ જેવી જાહેરાત કરી કે, લોકોએ દુકાનો પર ભીડ લગાવી દીધી હતી. હું ફરી વાર લોકોને અપીલ કરવા માગુ છું કે, ડરીને કોઈ પણ પ્રકારની ખરીદી ન કરો. હું તમામ આશ્વાસન આપુ છું કે, કોઈને પણ કોઈ જાતની તકલીફ નહીં પડે.

મુખ્યમંત્રીને જણાવ્યું હતું કે, જરૂરી સામાનની દુકાનવાળા દુકાનદારને ઈ-પાસ આપવામાં આવશે. જે પોતાની દુકાન અથવા તો ફેક્ટરી ખુલ્લી રાખવા માગે છે.

લવ મેરેજ કરતાં પણ વધારે સફળ બની શકે છે અરેંજ મેરેજ..!!

આજના યુગમાં લોકોના મનમાં એવી જ માન્યતા હોય છે કે અરેંજ મેરેજ કદી સફળ થતા નથી. જો તમે અરેંજ મેરેજ કરો છો તો પણ કંટાળાજનક લાગે છે. જો કે આ સાચું નથી. લવ મેરેજ કરતા પણ તમે તમારા અરેંજ મેરેજને વધુ સફળ બનાવી શકો છો. તેના માટે તમારે અમુક બાબતોનું ધ્યાન રાખવાનું રહેશે.

લગ્નજીવનને સફળ અને આનંદપ્રદ બનાવવા માટે યુગલો વચ્ચે પ્રેમ રાખવો ખૂબ જ જરૂરી છે. અરેંજ મેરેજમાં તેની શરૂઆત થોડા સમય પછી શરૂ થાય છે પરંતુ પ્રેમ જરૂર થઈ જાય છે. તમારી ફરજ એ છે કે તમે તમારા પ્રેમને વર્ષો સુધી જાળવી રાખો જેવો તે લગ્નના શરૂઆતના દિવસોમાં હતો. આ માટે તમારે તમારા જીવનસાથીના દેખાવને બદલે તેની ખુબીઓને પ્રેમ કરવો પડશે.

પરસ્પર સમજણ અને ગોઠવણ સફળ લગ્નજીવનમાં ખૂબ મોટી ભૂમિકા ભજવે છે. જો તમે નાની-નાની બાબતોમાં જીવનસાથી સાથે એડજસ્ટ નથી કરતાં તો ઝઘડો થવો નક્કી છે. તમારે સામેવાળાના મંતવ્યોનું પણ માન રાખવું જોઈએ. જો સામેવાળાને વ્યક્તિને થોડો સ્પેસ જોઈએ છે તો તેને તે જરૂર આપવો જોઈએ.

અરેંજ મેરેજમાં બંને એકબીજાથી અજાણ્યા હોય છે. તેથી પહેલા એકબીજાને સમજો, જાણો અને સ્વીકારો. આ પ્રક્રિયા પછી જ તમારા લગ્નમાં પ્રેમનો રસ આવશે.

અરેંજ મેરેજમાં જવાબદારી નિભાવવા માટે જીવનસાથી પર ખુબ જ દબાણ હોય છે. જેમાં મોટા ભાગે ઘરનું વહુ પાસેથી ખુબ જ અપેક્ષાઓ રાખવામા આવે છે. તેવામાં પતિએ પોતાના પાર્ટનર પરથી આવું દબાણ ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ. જો તમારા પાર્ટનરથી કોઈ ભૂલ થાય છે, તો તમારે માફ કરવાનું શીખવું જોઈએ.

તમારા બંને પસંદ અને નાપસંદ એકસમાન હોય તે શક્ય નથી. તેથી તેને મોટો મુદ્દો બનાવશો નહીં. એકબીજાની પસંદ અને નાપસંદને માન આપો.

અરેંજ મેરેજમાં બંનેનાં પારિવારિક બૅકગ્રાઉન્ડ અને રહેવાની પરિસ્થિતિ પણ અલગ હોઈ શકે છે. આવી સ્થિતિમાં તેવામાં બંનેની લાઇ ફસ્ટાઇલ અને વિચારધારાને એડજસ્ટ કરવાનું શીખો.

જો એકબીજા કોઈ વાત ખરાબ લાગે છે, તો તેને તમારા હૃદયમાં રાખશો નહીં. વાતચીત કરીને પોતાના મતભેદનો ઉકેલ લાવો. તમારું હૃદય મોટું રાખો અને તમારા પાર્ટનરને માફ કરો.

જો પરિવારમાં કોઈ સમસ્યા હોય તો, તમારા પાર્ટનરને દર વખતે તેની વચ્ચે લાવીને તેની ફરિયાદ ન કરો. કેટલીકવાર થોડુંક સહન કરીને પણ આગળ વધવું જોઈએ. સૌ પ્રથમ, તમારી સમસ્યાનો જાતે જ ઉકેલલાવવાનો પ્રયાસ કરો.

જો તમે જોઇન્ટ ફૅમિલીમાં રહો છો તો તમારા પરિવારને તોડવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં. બધાને સાથે લઈને ચાલો. સંયુક્ત કુટુંબ તમારા બધા સુખ-દુ:ખનું સાથી બને છે. તેનાથી તમારા લગ્નજીવન પર કોઈ માનસિક તણાવ આવતો નથી.

લગ્નજીવનમાં વિશ્વાસ સૌથી મોટી બાબત હોય છે. તમારા જીવનસાથી પર વિશ્વાસ કરવાનું શીખો. દરેક બાબતોમાં શંકા કરવાની આદત છોડી દો.

લગ્ન જીવનમાં કમિટમેન્ટ પણ જરૂરી છે. ભૂલીને પણ તમે તમારા જીવનસાથી સાથે કોઈ બેવફાઈ કરી શકતા નથી.

પૈસાનો લોભ લગ્નજીવનની વચ્ચે ન આવવા દો. જો તમારા નવા પરિવારની આર્થિક સ્થિતિ સારી નથી તો મહેનત કરો અને પોતાની આર્થિક સ્થિતિને સુધારો. ફરિયાદો કરવાથી કઈ નથી થતું પરંતુ સંબંધો જરૂર બગડી જાય છે.

હંમેશાં તમારા જીવનસાથી સાથે પ્રમાણિક બનો. ક્યારેય જૂઠું ન બોલો. સત્ય ભલે કડવું હોય છે પરંતુ તે સંબંધોને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

એકબીજાનાં મન-સન્માનની સંપૂર્ણ કાળજી લો. તમારા પાર્ટનરને નીચો દેખાડશો નહીં.

હંમેશાં તમારા જીવનસાથીની કેયર કરો, આ બાબત સંબંધને જીવનભર ટકાવી રાખે છે.

સુરત શહેર માંથી રાત્રે ૩:૦૦ વાગ્યાથી ચાલતા નીકળ્યા છે, કોઈપણ વ્યક્તિ મદદ કરવા રાજી નથી,ન તો જમવાનું મળે છે, કોઈ વાહન પણ નથી મળી રહ્યું..



દેશભરમાં કોરોના વાયરસે કહેર વરસાવ્યો છે દરેક રાજ્યએ પોતાની સરહદો સીલ કરી દીધી છે. ગુજરાતે લોકડાઉન કર્યું હોવાથી એસટી સેવા,બસ સેવા,રેલવે સેવા સહિતની માસ ટ્રાન્સપોર્ટેશનની તમામ સુવિધાઓ બંધ કરી દેવામાં આવી છે. જેને કારણે જે લોકો પોતાના વતન જવા માંગતા હતા તે રસ્તામાં અટવાયા છે કોઈ સુવિધા ઉપલબ્ધ ન મળવાથી મહારાષ્ટ્ર ના મજૂરો પગપાળા મહારાષ્ટ્ર જવા નીકળ્યા છે.

કોરોનાને કારણે શહેરી વિસ્તારમાં રોજગાર વ્યવસ્થા ઠપ્પ થઈ ગયો છે. કોઈ વિકલ્પ નથી રહ્યો, તો સાથે જ ટ્રાન્સપોર્ટેશનની કોઈ સુવિધા પણ મળી નથી, તેથી બેરોજગાર બનેલા આ મજૂરોએ વતન તરફ મીટ માંડીને ચાલતી પકડી છે. મહારાષ્ટ્ર તરફ જઈ રહેલા એક રોજમદારે તાપીમિત્ર ને જણાવ્યું હતું કે, સુરત શહેર માંથી રાત્રે ૩:૦૦ થી વાગ્યા ચાલતા નીકળ્યા છે, કોઈપણ વ્યક્તિ મદદ કરવા રાજી નથી ,નજદીકમાં ઉભા રહેવા દેતા નથી. હાઈવે પર ચાલતા વાહનચાલકો પણ બેસાડતા નથી એટલે હમો બધા આશરે ૨૦૦ જેટલા મજૂરો જુદીજુદી ટુકડીમાં પોતાના પરિવાર અને નાના બાળકો સાથે પગપાળા મહારાષ્ટ્ર તરફ જવા મજબૂર બન્યા છે. ન તો જમવાનું મળે છે, કોઈ વાહન પણ નથી મળી રહ્યું. અમને ખાવાનું તો જોઈને. રાત્રે ત્રણ વાગ્યા થી સુરત થી ચાલતા નીકળ્યા છે. ભૂખ્યા પેટે કેટલા ચાલીશું, અમારા રૂમ ખાલી કરાવી દીધા. આમ, આ એ રોજમદારો છે, જેઓ રોજ કમાઈને રોજ ખાય છે. જ્યાં રોજગારી જ મળતી ન હોય તો તેઓ કમાવશે શું અને કોના ભરોસે તેઓ બેસી રહેશે. આવામાં પોતાના વતન જવા નીકળેલા મજૂરોને વાહનવ્યવહાર પણ મળી નથી રહ્યો. વાહનવ્યવહાર બંધ હોવાથી પગપાળા ચાલતા નીકળ્યા છે. તેઓએ જણાવ્યું કે, મહારાષ્ટ્રના દોન્ડાઈચા અને નંદુરબાર ના ૧૦૦-૨૦૦ લોકો જેટલા છીએ હમો,ખાવા-પીવા ની તકલીફ છે મજુર માણસો છીએ અમે, રસ્તામાં કોઈ ગાડી મળશે તો તેમાં બેસીશું, નહિ તો ચાલતા જ જઈશું. આમ, સુરત માંથી જનારા એક-બે નહિ, મોટી સંખ્યામાં લોકો છે, જે માદરેવતન મહારાષ્ટ્ર તરફ જવા નીકળ્યાં છે. રોજ કમાઈને રોજ ખનારા આ રોજમદારોને હાલ લોકડાઉનમાં કોઈ જ કામ મળી નથી રહ્યું. તો બીજી તરફ, તાપી જીલ્લા માંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર ૫૩ પર ચાલતા જતા લોકોના ટોળા જોવા મળી રહ્યાં છે. લોકડાઉનને લઈને રાજ્યમાં બહારથી આવેલા શ્રમિકો અને છૂટક ધંધાર્થીઓ વતન તરફ ચાલતા જવા લાગ્યા છે. મહારાષ્ટ્રના દોંડાઈચા અને નંદુરબાર વિસ્તાર માંથી સુરત શહેરમાં રોજગારી માટે ગયેલા લોકો વતન તરફ પગપાળા જવા મજબુર બન્યા છે. વાહનો બંધ થવાને લઈ ને આખરે ચાલતા જ વતન તરફ નીકળી પડ્યા છે.

ઈતિહાસમાં પ્રથમ વખત પાવાગઢ ચૈત્રી નવરાત્રીમાં મહાકાળી મંદિર બંધ રહ્યું



હાલોલ

આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે, ત્યારે પાવાગઢના ઈતિહાસમાં પ્રથમ વખત ચૈત્રી નવરાત્રીમાં મહાકાળી માતાજીનું મંદિર બંધ રહ્યું છે.

પાવાગઢમાં મહાકાળી માતાના દર્શને ચૈત્રી નવરાત્રીમાં દર વર્ષે પહેલા નોરતે દોઢ લાખ ભક્તો ઉમટી પડે છે, પરંતુ કોરોના વાઈરસના લોકડાઉનને પગલે મહાકાળી માતાનું મંદિર આજે બંધ છે. જેથી પાવાગઢના રસ્તા સુમસામ ભાસી રહ્યા છે. માચી તરફ જતા રસ્તા ઉપર બેરીકેટ ગોઠવીને રસ્તો સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો છે, રોપ વે પણ બંધ છે. જોકે પાવાગઢ ડુંગર પર રહેતા સ્થાનિક લોકો માટે સવારે એક કલાક અને સાંજે એક કલાક રસ્તો ખોલવામાં આવે છે.

અમદાવાદમાં મનપા ડોર ટુ ડોર શાકભાજી પહોંચાડશે

અમદાવાદ

આ તરફ અમદાવાદીઓ માટે પાલિકાએ પણ ખાસ વ્યવસ્થા કરવાનું વિચાર્યું છે. લોકોએ ઘરથી બહાર માર્કેટમાં શાકભાજી લેવા ન જવું પડે તે માટે મનપા સહાય કરશે. શહેરમાં ડોર ટુ ડોર ઈ રીક્ષા ફેરવી લોકોને શાકભાજી વેચવાનું પાલિકાએ આયોજન કર્યું છે.

અર્બન કમ્યુનિટિ ડેવલપમેન્ટ વિભાગના કર્મચારી અને સ્માર્ટ સીટીની ઈ રીક્ષાઓ સંકલન કરીને લોકોના ઘર સુધી પહોંચશે. મોટાભાગના શાકભાજી માર્કેટમાં ભીડ થતી હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

'રોગચાળાને લોકડાઉન' કરવા માટે 'લોકડાઉન'નો કડક અમલ જરૂરી: DGP શિવાનંદ ઝા



અમદાવાદ

'કોરોનાને 'લોકડાઉન' કરવા માટે લોકસહકાર જરૂરી છે. ખાસ કરીને આવશ્યક સેવાના સ્થળે ભીડભાડ કરવાનું ટાળી ઓછામાં ઓછું એક મિટર અંતર રાખવાની વાત ભૂલવાની નથી. આમ તો, 'ઘરે રહો, સુરક્ષિત રહો' સુત્ર અપનાવીને સોસાયટીઓએ સંકલન કરીને રહીશો કામ વગર બહાર ન નીકળે તેની કાળજી લેવી પડશે. યુવા વર્ગે બહાર નીકળવાનું ટાળવા ઉપરાંત જીવનજરૂરી વસ્તુ ખરીદતી વખતે મહિલાઓએ સલામત અંતર રાખવું આવશ્યક છે. તો, પોલીસે પ્રજાજનોને સગવડ થાય તેવી કામગીરી કરવી તેવું મારૂં સૂચન છે.' ગુજરાતમાં 'લોકડાઉન' જાહેર કરાયાના ૧૬ કલાકની સમીક્ષા કરતાં ગુજરાતના DGP શિવાનંદ ઝાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. ગાંધીનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પોલીસ વડાએ જણાવ્યું કે, આવશ્યક વસ્તુની ખરીદી માટે ભીડ એકત્ર થાય ત્યારે નાગરિકો વચ્ચે અંતર જળવાય તેની કાળજી દુકાનદારો રાખે. ખરીદી માટે એક જ સમયે બધા સાથે ન નીકળે તેવું આયોજન કરવું અને સોસાયટીએ તેમાં સંકલન કરવું જોઈએ. પોલીસને સૂચન છે કે, જીવનજરૂરી વસ્તુ લેવા નીકળેલા નાગરિકોને સગવડ તેવી કામગીરી કરે. 'રોગચાળાને લોકડાઉન' કરવા માટે 'લોકડાઉન'નો કડક અમલ જરૂરી છે. જરૂરી સેવામાં અપાયેલી છૂટછાટનો દુરુપયોગ ન કરતાં રોગચાળાની રોકથામ માટેની સામાજીક જવાબદારી સમજવાની આવશ્યકતા છે. જનતાની સેવા માટે પોલીસ રાત-દિવસ ખડેપગે છે.

૬૬ વર્ષીય યુવાનને પોઝિટીવ રિપોર્ટ આવ્યો તેની વિદેશ હિસ્ટ્રી

રાજકોટમાં ચીનની જેમ વેન્ટીલેટરનું ઉત્પાદન શરૂ કરાશે

રાજકોટ

ચીનની જેમ રાજકોટમાં પણ વેન્ટીલેટર મશીનનું ઉત્પાદન શરૂ કરવામાં આવશે. ઉદ્યોગકારો સાથે જિલ્લા કલેક્ટર રેમ્યા મોહનની બેઠક મળી હતી. રાજકોટના ઉદ્યોગકારો વેન્ટીલેટર માટેના પાર્ટ અને અન્ય જિલ્લામાંથી સામગ્રીઓ મંગાવી વેન્ટીલેટરનું ઉત્પાદન કરશે. એક અઠવાડિયામાં ૧ હજાર વેન્ટીલેટર બનાવી શકાશે. ડોક્ટરો માટે એન્ટી વાયરલ પી.પી. શૂટ પણ તૈયાર કરવામાં આવશે. એક દિવસમાં ૫૦૦ શૂટ તૈયાર કરાશે. ૫૦૦ કિલો ગ્રામ બલ્ક સેનિટાઈઝર પણ આપવા સેનિટાઈઝપ ઉત્પાદકો તૈયાર થયા છે.

રાજકોટમાં કોરોના સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવશે. બાયો સેફ્ટી કેબિનેટ મશીન રાજકોટ આવી પહોંચ્યું છે. વાપીથી એન્જિનીયર આવ્યા છે. ૨ દિવસમાં ઈન્સ્ટોલ કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર રેમ્યા મોહને આ અંગે માહિતી આપી છે. ડિસ્ટ્રીક્ટ હાઈ સોસાયટી ડોક્ટર અને પેરા મેડિકલ સ્ટાફની ભરતી કરવામાં આવશે. વોક ઈન ઈન્ટરવ્યૂથી જિલ્લા કલેક્ટર ભરતી કરશે. જિલ્લા કલેક્ટરને ડોક્ટર, નર્સિંગ સ્ટાફ અને પેરા મેડિકલ સ્ટાફ તેમજ ડિઝાસ્ટર સ્ટાફની ભરતી કરવાની સત્તા આપવામાં આવી છે.

ગઈકાલે કોરોના વાઈરસ પોઝિટીવ યુવાન ૧૩ માર્ચના રોજ દુબઈથી ફ્લાઈટ મારફત અમદાવાદ આવ્યો હતો. બાદમાં ૧૭ માર્ચના રોજ મુંબઈ ગયો હતો. ૧૮ માર્ચના રોજ મુંબઈથી રાજકોટ આવ્યો હતો. ૧૯ માર્ચે ઉધરસ અને ગળામાં દુખાવો થતા હોકહાર્ટ, સીનર્જી હોસ્પિટલ તથા સિવિલ હોસ્પિટલમાં બતાવવા ગયો હતો. ૨૪ માર્ચના રોજ સેમ્પલ લેવાતા કોરોના પોઝિટીવ આવ્યો હતો. તેમના માતા-પિતા, પત્ની, પુત્ર, મિત્ર સહિત ૯ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

બનાસકાંઠામાં ફોન કરો અને જીવનજરૂરી વસ્તુઓ ઘર બેઠા મેળવો

બનાસકાંઠા

કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે કેન્દ્ર સરકારે ૨૧ દિવસના લૉકડાઉનની જાહેરાત કરી છે. વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રને સંબોધન કરતા આ જાહેરાત કરી હતી. સાથે રાજ્ય સરકારોને એવો પણ અનુરોધ કર્યો હતો કે સરકાર એવી વ્યવસ્થા ગોઠવે જેનાથી નાગરિકોને જીવનજરૂરી વસ્તુઓ સરળતાથી મળી રહે. જે બાદમાં બનાસકાંઠા જિલ્લા કરિયાણા એસોસિએશન તરફથી લોકોને જીવનજરૂરી વસ્તુઓ સીધી ઘરે જ પહોંચાડી દેવાની જાહેરાત કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટરના ઓફિશિયલ ટ્વિટર હેન્ડલ પરથી આ અંગેની જાહેરાત કરવામાં આવી છે.

બનાસકાંઠા કલેક્ટરે આ અંગે ટ્વિટ કરીને જાણકારી આપી હતી કે, "બનાસકાંઠા જિલ્લા કરિયાણા એસોસિયેશન દ્વારા કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવવાના ઉદેશ સાથે જીવનજરૂરી ચીજવસ્તુઓની હોમ ડિલિવરી કરવાનુ આયોજન કરવામાં આવ્યું છે. આ નિર્ણયને જિલ્લા વહીવટીતંત્ર વતી આવકારૂ છું.

આ સાથે જ કેટલાક ફોન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. લોકો તેમના ઘરેથી આ નંબરો પર ફોન કરીને પોતાને જોઈતી વસ્તુઓનો ઓર્ડર નોંધાવી શકે છે. જે બાદમાં આ વસ્તુઓ સીધી જ તેમના ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે. યાદીના જણાવ્યા પ્રમાણે પાલનપુરની હદ વિસ્તારમાં કોઈ જ વધારાના ચાર્જ વગર કરિયાણાની હોમ ડિલિવરી કરવામાં આવશે. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં નજીવા ચાર્જ સાથે ડિલિવરી કરવામાં આવશે.

૨૪ કલાકમાં વધુ પાંચ કેસ પોઝિટિવ,અમદાવાદમાં સૌથી વધુ ૧૪

રાજ્યમાં કોરોનાનો વધતો ભયઃ કુલ ૩૮ કેસ,૨૦,૦૦૦ થી વધુ ક્વોરન્ટાઈન

- ૧૫ હજાર વિદેશી સહિત ૧ કરોડથી વધુ લોકોનો સર્વે કર્યો, ૫૦માં શંકાસ્પદ લક્ષણો
- અમદાવાદમાં ૧૨૦૦, સુરતમાં ૫૦૦ અને વડોદરા-રાજકોટમાં ૨૫૦ બેડની હોસ્પિટલ ઊભી કરાશે
- ક્વોરેન્ટાઈનો ભંગ કરનારા ૧૪૭ લોકો સામે એફઆઈઆર દાખલ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોનાનો કેર યથાવત છે. કોરોનાની સ્થિતિ મુદ્દે આરોગ્ય અગ્ર સચિવ જંયતિ રવીએ આજે પત્રકારોને જણાવ્યું હતું કે, રાજ્યમાં કુલ ૩૮ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. જેમાં ત્રણ સ્થાનિક દર્દીઓ છે. જેમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં છે. અમદાવાદમાં કુલ ૧૪ પોઝિટિવ કેસ અત્યારસુધીમાં નોંધાયા છે. સુરત અને વડોદરામાં ૭-૭, ગાંધીનગરમાં છ અને રાજકોટમાં ૩ તથા કચ્છમાં ૧ પોઝિટિવ કેસ નોંધાયો છે. જ્યારે ૧૫ હજાર ૪૬૮ વિદેશી સહિત ૧ કરોડથી વધુ લોકોનો સર્વે કર્યો છે, જેમાંથી ૫૦માં શંકાસ્પદ લક્ષણો જોવા મળતા સારવાર માટે મોકલાયા.

સાબરકાંઠાના ઈડરના વેરાવળ ગામમાં મુંબઈથી આવેલા પરિવારે સરકારના નિયમોનો ભંગ કર્યો હતો. સરકારના ધારાધોરણ મુજબ આઈસોલેટેડ ન થતાં ફરિયાદ નોંધવામાં આવી છે. ઈડર પોલીસે ૧૪ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસોઃ

અમદાવાદ	૧૪
સુરત	૭
રાજકોટ	૩
વડોદરા	૭
ગાંધીનગર	૬
કચ્છ	૧

ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવના પાંચ કેસ સામે આવ્યા છે. રાજકોટમાં બે કેસ થયા છે જેમાં ૩૬ વર્ષના પુરૂષનો સમાવેશ થાય છે જે દુબઈથી પરત ફર્યો હતો જ્યારે ૭૫ વર્ષના એક શખ્સને પણ કોરોના પોઝિટિવ આવ્યો છે. રાજકોટમાં વૃદ્ધને લોકલ ટ્રાન્સમિશનથી ચેપ લાગ્યો હોવાનું જણાયું છે. અમદાવાદમાં ૩૧ વર્ષની મહિલાને કોરોના પોઝિટિવ આવ્યો છે જે તાજેતરમાં દુબઈ ગઈ હોવાનું ખુલ્યું છે.

આરોગ્ય સચિવે જણાવ્યું કે, કોરોટાઈનનો ભંગ થયો છે તેવા ૧૪૭ વ્યક્તિઓ સામે ફરિયાદ કરાઈ છે. ગુજરાતમાં ૧ કરોડ ૭ લાખનો સરવે પૂરો કરવામાં આવ્યો છે. કેટલાક લોકોનું ટેલિફોનિક સર્વે પણ કરવામાં આવ્યો છે. હેલ્પલાઈન નંબર ૧૦૪માં ૧૫૦૦૦થી વધુ કોલ દરરોજ મળે છે.

તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદમાં ૧૨૦૦ બેડ, સુરતમાં ૫૦૦ બેડ અને વડોદરા-રાજકોટમાં ૨૫૦ બેડની હોસ્પિટલ ઊભી કરવામાં આવશે.

આગળ વાત કરી કે, ૪૩૦ લોકો સરકારી ક્વોરોન્ટાઈન, ૩૮ લોકો પ્રાઈવેટ ક્વોરોન્ટાઈનમાં તેમજ ૨૦૨૨૦ લોકો હોમ ક્વોરોન્ટાઈનમાં છે. ૧૪૭ લોકો સામે ક્વોરોન્ટાઈન ભંગની ફરિયાદ પણ દાખલ થઈ છે. એક કરોડ ૭ લાખ ૬૨ હજાર લોકોનો સર્વે કરવામાં આવ્યો હતો. ૧૫૪૬૮ વિદેશથી આવેલા લોકોની વિગત સામે આવી ચૂકી છે.

જયંતિ રવિએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી રાહત ફંડમાં કોરોના માટે એક ફંડ જાહેર કર્યું છે. તેમાં અનેક લોકોએ ફંડ આપવાની પણ તૈયારી દર્શાવી છે. ઉદાર હાથે લોકો સહાય કરે એવી મારી અપીલ છે. કોરોનાના સંક્રમણની ચેન તોડવા ૨૧ દિવસ લોકડાઉન કરવામાં આવ્યું છે જેમાં રાજ્યનો પુરો સાથ સહકાર છે. સર્વેલન્સ અને ટ્રેકિંગની કામગીરી કરવા નિર્દેશ કરવામાં આવ્યો છે.

રાજ્યના મોટાભાગના મંદિરો પણ બંધ હોવાથી ભક્તો નવરાત્રીના સમયે પૂજા-આરતીમાં સામલ પણ નહીં થઈ શકે. ઘરે બેઠા જ માતાજીની આરતી કરવી પડશે. આ દિવસોમાં સોના-ચાંદીની ખરીદીમાં પણ વધારો થતો હોય છે. જોકે એ પણ બંધ હોવાથી વેપારીઓ હતાશ છે. બીજી તરફ ૧૫ એપ્રિલથી લગ્નગાળો શરૂ થઈ રહ્યો છે. પરંતુ આ દિવસોમાં જે પણ પરિવારે કોઈના લગ્ન લીધા હશે તેઓને ઘણી મુશ્કેલી પડી શકે છે. કારણ કે, લગ્ન માટેની ખરીદી પણ કરવી શક્ય થાય તેમ નથી.

દુકાનદારોએ દુકાનની બહાર ગોળ કુંડાળા બનાવ્યા

લોકડાઉન વચ્ચે અમદાવાદની અનેક દુકાનોમાં સોશિયલ ડિસ્ટન્સિંગ દેખાયું

અમદાવાદ

આજથી સમગ્ર દેશમાં ૨૧ દિવસ માટે લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જીવન જરૂરિયાતની વસ્તુઓ લેવા જતા સમયે સોશિયલ ડિસ્ટનસ એટલે એકબીજાથી દૂર રહેવાનું સૂચન કર્યું છે. આ અપીલનો અમલ અમદાવાદમાં શરૂ થઈ ગયો છે. શહેરના વિવિધ વિસ્તારમાં દુકાનદારોએ દુકાનની બહાર ગોળ કુંડાળા બનાવ્યા છે. પાંચ ફૂટ દૂર કુંડાળા બનાવી વસ્તુ લેવા ઉભા રહેવા જણાવે છે. દવા, કરીયાણું અને દૂધની દુકાનો બહાર આવા કુંડાળા જોવા મળી રહ્યા છે. શહેરનાં મ્યુનિસિપલ કમિશ્નર વિજય નેહરાએ આ અંગે ટ્વિટ કરીને માહિતી આપી છે.

રાજ્ય અને દેશભરમાં કોરોનાને પ્રસરતો રોકવા માટે જનતા કર્ફ્યુ અને લોકડાઉન સહિતના પગલાં લેવાઈ ગયા છે અને લોકોને પણ આ બાબતની ગંભીરતા સમજાવાઈ રહી છે.

શહેરમાં અનેક જગ્યઓ પોલીસના ડરથી બંધ રહે છે પરંતુ ખરીદી દરમિયાન વિવિધ જગ્યાએ લોકો સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની બાબતમાં બેદરકાર રહે છે. આજે સવારથી જ અમૂલના પાર્લરો પર પણ લાંબી લાંબી કતારો હતી. જેમાં પણ સોશિયલ ડિસ્ટન્સ જાળવવામાં આવ્યું હતું. મહત્વનું છે કે, પીએમઓએ એક નિવેદન જાહેર કરી જણાવ્યું હતું કે, વડાપ્રધાને સોશિયલ ડિસ્ટન્સિંગ પર ભાર મૂકતાં મીડિયાને તેના મહત્વ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા, રાજ્યોના લોકડાઉનના નિર્ણય અંગે લોકોને માહિતગાર કરવા તેમજ અન્ય દેશોના કેસ સ્ટડી અને આંતરરાષ્ટ્રીય આંકડાઓની રજૂઆત મારફત વાઈરસના પ્રસારની ગંભીરતાથી માહિતગાર કરવા જણાવ્યું હતું.

રાજ્યની દરેક સોસાયટી, ફ્લેટ, ટાવર, રો-હાઉસના ચેરમેન, સેક્રેટરી જોગ ગુજરાત પોલીસ નો અગત્યનો સંદેશ..

તમામ સોસાયટીઓના ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રીને વિનમ્ર અપીલ કે સ્વૈચ્છિક રીતે પોતાની સોસાયટીને લોકડાઉન કરે તથા સરકારી આદેશોનું પાલન કરાવે.. બહારથી આવતા કોઈપણ સભ્યોના સગાસંબંધી , મિત્રોને સોસાયટીમાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવો... કોઈ વિદેશથી આપની સોસાયટીમાં આવેલ હોય તો તેની જાણ પણ સરકારશ્રીને અચુક કરો.. કોરોના કેટલો ગંભીર છે તે ધ્યાન રાખો... સરકારી, અર્ધસરકારી સ્કુલો , જીમને ખાલી કરીને હોસ્પીટલ માં ફેરવવાના આદેશ નીકળી ચુક્યા છે, એટલે સોસાયટીમાં ક્રિકેટ રમતા , રાત્રે વોકીંગ કરતા કે મીટીંગો કરીને ટોળામાં બેસતા લોકોને ભારપૂર્વક સમજાવો અને ઘરમા જ રહેવાની ફરજ પાડો..

જો આપણા વડાપ્રધાનશ્રી ખુદ બે હાથ જોડીને ઘર માં રહેવાની સલાહ આપતા હોય તો સમજો કે પરિસ્થિતિ કેટલી ગંભીર છે..

સોસાયટી ના ચેરમેનશ્રી / સેક્રેટરીશ્રી આ વાતને અતિ ગંભીરતાથી લઈ યોગ્ય પગલા લેશો તેવી વિનંતી.

ગુજરાત પોલીસ....

બોલાવું મળવા તો પળવાર કેમ નથી મળતા?
કરે જુલમો તો સહન કરનાર કેમ નથી મળતા?
દિલ ચોરના કિસ્સાઓ કેટકેટલાય બન્યા હવે,
મળે છે ગુનાઓ તો ગુનેગાર કેમ નથી મળતા?
કહેવા ખાતર કહી નાખું કાંઈ પણ કોઈને પણ,
બેરોજગાર શહેરમાં સાંભળનાર કેમ નથી મળતા?
લુટાવવા બેઠો છું જિંદગીની તમામ કહાની,
કિંમતી મારા કિસ્સાને લૂંટનાર કેમ નથી મળતા?
બેશ કિમતી છે આ મકાનો સજાવેલા જે,
જોવે છે જે ખાલી ચાહનાર કેમ નથી મળતાં?
'કુમારે' ગઝલમાં ચાંદનીને ઉતારી એવી રીતે,
વાંચે શબ્દોને એ સમજદાર કેમ નથી મળતા?

- પ્રજાપતિ વિજય "કુમાર"

•

મા ના પાલવની હુંફ નો સહારો જોઈએ,
અને તે પણ મને તો એકધારો જોઈએ.
બાળપણની એ અતૂટ યાદોનો ખજાનો,
નિસ્વાર્થ પ્રેમનો મને એ એકતારો જોઈએ.
કેવું છે મધમીઠું સંબોધન આજે સમજાયું,
મા મને આજે એ વ્હાલનો ઈશારો જોઈએ.
તેને ક્યાં હતી કોઈ દિવસ કોઈ માંગ અહી,
ઈશ્વર સાથે સાંકળતો એ ચિતારો જોઈએ.
ગગનવાસી ને સદાય ભૂલાવતો એ ચહેરો,
મને એ પરોપકારીને તેજસ્વી સિતારો જોઈએ.
હૂંફાળો સ્પર્શ તેનો બધા દુખોને ભગાડતો,
સુખની ઈમારત જેવો મને એ મિનારો જોઈએ.
નિર્મળતાથી વહેતુ રહે જીવન સદા કાળ પર્યંત,
મા મને તારી મમતાનો મોંઘો કિનારો જોઈએ.

- ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

•

આંખોમા અશ્રું કેમ કરીને આવતાં હશે?
લાલ રંગ લોહીનો ક્યાંથી લાવતાં હશે?
અમેતો ક્યારેય દિઠુ નહી એવુતે કઈ,
હદયમાં ધબકારા કોણ પુરાવતાં હશે?
કરું હું સામે ગમે એટલી મથામણ એની,
દિલના સમાધાન કકોણ કરાવતાં હશે?
મને કોઈ બાતમીની ખબર સુધ્ધા નથી,
શું એ જઈને કોઈનાં કાને જણાવતાં હશે?
લાવોને એને હવે સમક્ષ 'કુમાર' ના તો કહું,
એના કાને નફરત ના જેર કોણ ભણતા હશે?

- પ્રજાપતિ વિજય "કુમાર"



કાવ્ય અભિવ્યક્તિ

સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247

•

તમારી આ યાદ અંદર, અત્તર ગઈ પ્રસરાવી.
આમતો તમને પણ ગમે છે, અમારી ખુમારી.
રંગ શ્યામ પણ સાથે સુંદરનું, છોગું અતિ રૂપાળું.
આમતો ખબર છે બધાને,સુંદર ને તમેછો દયાળુ.
અનેક સાથે કરો છો પ્રીત,મૂલવવાની કઈ રીત.
કાળી ઘેરી ઝેરીલી વૃત્તિ સામે,થઈ છે તમારી જીત.
જુવે તમને જે એકવાર માત્ર, થોડા અલપ ઝલપ,
સ્મૃતિ માં રહો છો સદા, તમે જીવન કાળ પર્યંત.
સ્મિત તમારું ઘાયલ કરવા,કાફી છે મારા સાજન.
પીળુ પીતાંબર ને માથે છે,મોરપીછનું અમલુ રતન.
લાગ્યું કેવું આ નરસૈંયાના,શામળશા સ્વામીનુ ચિત્ર.
શબ્દો ક્યાં છે અહીતો ગુણોને,ટાંક્યાં છે અમે મિત્ર.
અપરાધી છીએ આપણે,એ સ્વામી સેવકના સદાય.
નાગર ગોપી કહે કાનને,વિશેષની વૃત્તિ ન ત્યજાય.

- ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

•

ભૂતળે આ જન્માવીને, અગણિત કર્યા ઉપકાર.
નાગર નરસિંહ કુળે જન્માવીને,તે કર્યો શિરોધાર.
ભક્તિનો મહિમા બહુ ગાયો,આ નાગર નરસિંહે
અડધી આયુ વીતી ગઈ,ત્યારે તો વાત પડી શિરે.
પાપ પ્રપંચને કાવાદાવામાં, ભમે છે મારી કુમતિ.
નિંદા કુથલી ને કામ ક્રોધ મા, રત રમે છે દુર્મતિ.
ગાય ગાય ને ગણાવ્યા નાગરા એ,વૈષ્ણવના ગુણ.
રાહ ચીધી ગયો સાધુ પુરુષ,છાંડ્યા છે અવગુણ.
ખરા અર્થમાં થવું છે મારે નાગર,થયો છે ઉત્પાત.
ધરણીધરને સમર્યા આજ,પરમનો થયો શક્તિપાત.
નાભિને ઊંડાણે ગુંજે છે, એક જ નામ શ્રીહરિ.
નાદના એ નેહમા આજ, તલ્લીન છે નાગર ગોપી.
રહી ગયું હતું જીવને તો, આ તટે હજી નહાવાનું.
હવે તો હર ઘડી સૂઝે તેને,જાદવાના ગીત ગાવાનું.
ભક્તિભાવે ભજ્યા છે મેંતો,જગત જગદીશને.
મુક્તિ ન માંગુ હવેતો ફેરે ફેરે,માંગું આ જ ઈશને.

- ફાલ્ગુની વસાવડા.(ભાવનગર)

•

ચેતી જા માનવી આ કાળો કેર છે,
હાથના કર્યા હૈયે વાગ્યા નો કેર છે.
નહીં જાત-પાત જોતો આ કેર છે.
નહીં રંગ-રુપ જોતો આ કેર છે.
ચેતી જા માનવી આ કાળો કેર છે.
વિશ્વ ને બરબાદ કરતો આ કેર છે.
હર દેશ જેના ભરડામાં આ કેર છે.
માનવી નો નાતો તોડ્યો આ કેર છે.
ચેતી જા માનવી આ કાળો કેર છે.
સાથે મળી ભગાડીએ આ કેર ને.
૧૫ દિવસ ઘરમા બેસો ને આ કેર છે.
જરુર ભાગશે કેર આપણો ધ્યેય છે.
ચેતી જા માનવી આ કાળો કેર છે.

- કનિષા પંડ્યા "કાન" અમદાવાદ

•

નથી ગમતો પોતાની જાતને એટલે સુધારા કરું છું,
છેલ્લા શ્વાસ સુધી પહોંચવા ધડકનમાં વધારા કરું છું,
અને મળે ના શમણે આવીને પણ તું તો,
નદી કિનારે બેસી એકલો ઈશને લવારા કરું છું,
જો ના આવો વાયદે મળવા મુજને તો,
બેઠી એકલવાયો એકલતાના પનારા કરું છું,
આવીને શમણામાં જગાડી જાય છે તું એટલે,
મધરાતે જાગી તારી યાદોના સથવારા કરું છું,
જો પ્રિયે તું ના આવેતો 'કુમાર' ની હાલત એવી,
મળવાના તારા ખોટા વાયદે કબરે જવારા કરતો.

- પ્રજાપતિ વિજય "કુમાર"

•

तू कहां से आया यह खबर नहीं।
पर हां अब मुझ में भी शबर नहीं
मासूम बच्चों व बूढ़ों को तड़पते देखा है,
कभी भी देखा या सुना ऐसा कहर नहीं।
ढेर पड़े हैं लाशों के और हम लाचार।
क्या इसे हराने का कोई जहर नहीं?
घर में रहकर सोचे सबका हित।
बेवजह कहीं कोई करें सफर नहीं।
इस विपदा की घड़ीमें समझ ही है दवा।
वरना हम तुम तो क्या! ये शहर नहीं।
हे ..रघुनंदन कृपा बनाए रखना ।
कहीं कोई यह न कह दे कि ईश्वर नहीं।

- श्वेता ठक्कर "श्वेतदिप"

•

કોરોના લૉકઆઉટે ૧૯૭૫ની કટોકટીની યાદ અપાવી

કોરોના વાયરસના સંક્રમણથી ભારત દેશને બચાવવા માટે વડાપ્રધાન મોદી એ ૨૪ માર્ચની મધરાતથી દેશવ્યાપી લૉકડાઉન કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. સમગ્ર દેશ ૨૧ દિવસ એટલે કે ૧૪ એપ્રિલ સુધી લૉકડાઉન રહેશે. લૉકડાઉનની જાહેરાત બાદ બુધવાર સવારથી જ સમગ્ર દેશમાં જાણે કર્ફ્યૂ લાગી ગયો હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. રેલવે, હવાઈ મુસાફરી, સ્ટેટ ટ્રાન્સપોર્ટ સર્વિસ બંધ થઈ જતાં જે દશ્યો જોવા મળી રહ્યા છે તે વર્ષ ૧૯૭૫ની કટોકટી જાહેર થયા બાદ જોવા મળેલા દશ્યોની યાદ અપાવે છે. બંનેમાં ફરક એટલો છે કે ૧૯૭૫માં તાત્કાલીન વડાંપ્રધાને સત્તાની રાજરમતમાં કટોકટી જાહેર કરતાં લૉકડાઉન જેવી સ્થિતિ જોવા મળતી હતી જ્યારે અત્યારે કોવિડ-૧૯ નામના દુશ્મનના કારણે આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

૧૯૭૫માં દેશની સત્તારૂઢ ઈન્દિરા સરકારે પોતાની સત્તા ગુમાવવાના ડરમાં કટોકટી લાદીને જાણે કે દેશને બંધક બનાવી દીધો હતો. વિરોધ કરનારાઓને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવતા હતા. કોઈ પણ સરકારના નિર્ણય સામે બોલી શકવાની સ્થિતિમાં નહોતું. તે સમયે પણ પોલીસની કડક કાર્યવાહીને કારણે લોકોને ઘરમાં જ પૂરાઈ રહેવું પડતું હતું. તો તેની સામે ૨૦૨૦માં કોરોના વાયરસને કારણે લૉકડાઉન જાહેર થતાં વિશ્વનો સૌથી મોટો લોકતાંત્રિક દેશ આજથી ઘરમાં પૂરાઈ ગયો છે.

૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ સમયે સમગ્ર દેશના લોકો પોતપોતાના ઘરમાં કેદ થવા મજબૂર થયા હતા. દુશ્મન દેશના વિમાનો હવાઈ હુમલો કરી દેશે તેનો પણ ખતરો રહેતો હતો. આ કારણે રાતના સમયે તો અંધારપટ પાળવો પડતો હતો. ઘરમાં લાઈટ કે દીવો કરવાની પણ મનાઈ હતી. તે સમયે જો ભારતના વિમાનનો પણ અવાજ આવતો તો લોકો ડરના માર્યા ધ્રૂજવા લાગતા હતા.

૩.૫ કિલો ઘઉં,દોઢ કિલો ચોખા વ્યક્તિ દીઠ મળશે

રૂપાણી સરકાર ૬૦ લાખ પરિવારોને મફત અનાજ આપશે

• સવા ત્રણ કરોડ લોકોને થશે લાભ, ૧લી એપ્રિલથી અનાજ અપાશે, રેશનિંગની દુકાનો પરથી પુરવઠો મફતમાં ઉપલબ્ધ કરાવાશે

• ખેડૂતોને મોટી રાહતઃ લોન ભરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવશે

ગાંધીનગર

સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે ત્યારે ગરીબો અને રોજનું કમાઈને ખાનારા લોકોની હાલત દયનીય બની ગઈ છે. આવા લોકો માટે ગુજરાત સરકારે મોટો નિર્ણય લેતા ૧ એપ્રિલથી દરેક રેશનકાર્ડ ધારકોને વ્યક્તિ દીઠ ૩.૫ કિલો ઘઉં, દોઢ કિલો ચોખા જ્યારે કુટુંબ દીઠ ૧ કિલો દાળ, ૧ કિલો ખાંડ અને ૧ કિલો મીઠું વિનામૂલ્યે આપવામાં આવશે. રેશનકાર્ડની દુકાનોમાંથી આ જથ્થાનું વિતરણ શરુ કરાશે. તેમજ ખેડૂતોને લોન ભરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવશે.

રુપાણીએ જણાવ્યું હતું કે સરકારની આ જાહેરાતનો ૬૦ લાખ કુટુંબના સવા ત્રણ કરોડ લોકોને મળશે, અને તેમને કામધંધા ઠપ્પ થઈ ગયા છે ત્યારે જીવનજરુરી ચીજવસ્તુઓ માટે મુશ્કેલી નહીં વેઠવી પડે. રુપાણીએ એમ પણ કહ્યું હતું કે, આગામી સમયમાં સરકાર લોકડાઉનથી સૌથી વધુ અસરગ્રસ્ત થયેલા લોકોને માટે અન્ય સહાયતા આપવા પણ વિચાર કરાઈ રહ્યો છે, અને તેની આગામી દિવસોમાં જાહેરાત કરવામાં આવશે.

લોકડાઉન દરમિયાન લોકોને પોતાના ઘરમાં જ રહેવા માટે વિનંતી કરતા જણાવ્યું હતું કે પ્રજાને તકલીફ ના પડે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણ ધ્યાન રાખી રહી છે અને કોઈ ચીજવસ્તુની અછત નથી સર્જાવાની, જેથી લોકો ઘરોની બહાર નીકળવાનું ટાળે.

સરકારના આ નિર્ણય અંગે સસ્તા અનાજની દુકાનદારોના યુનિયનના વડા પ્રહલાદ મોદીએ જણાવ્યું હતું કે બાયોમેટ્રિક સિવાય માલ આપવો નહીં, પરંતુ તેનો રેશનિંગની દુકાનદારો વિરોધ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે દુકાનદારો બિલ બનાવી આપવા તૈયાર છે, પરંતુ બાયોમેટ્રિક સિસ્ટમથી જો માલ વેચવાની ફરજ પાડવામાં આવશે તો તેનાથી કોરોના ફેલાવવાનો ડર વધશે.



કોરોના વૈશ્વિક મહામારીના કારણે ગરીબ લોકો જે રોજ કમાઈને પોતાનું પેટ ભરતા તેવા લોકો "લોકડાઉન" ના કારણે ભૂખ્યા ના રહે તે માટે જરૂરીયાત મંદ લોકોને પશ્ચિમ કચ્છ ભુજ જીલ્લા પોલીસ દ્વારા ફૂડ પેકેટ આપવામાં આવ્યું હતું. (વિશાલ સંચાણિયા)

કોરોનાઃ સરકાર વિદેશથી ગુજરાત આવેલા ૨૭ હજાર લોકોને શોધશે

ગાંધીનગર

ગુજરાતમાં ધીરે ધીરે કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૩૭ થઈ ગઈ છે. ત્યારે રાજ્ય સરકાર લોકોને ઘરની બહાર ન નીકળવા માટે અપીલ કરી રહી છે. રાજ્યમાં કે દેશમાં વિદેશથી આવતા લોકો જ કોરોના સંક્રમિત હતા જેનાથી તેઓ જેના પણ સંપર્કમાં આવ્યાં તેમને પણ સંક્રમણ શરૂ થયું છે. જેના કારણે હવે આરોગ્ય વિભાગે વિદેશથી રાજ્યમાં આવ્યાં હોય તેવા લોકોની શોધખોળ શરૂ કરી છે. મહત્વનું છે કે, વિદેશથી ૨૭ હજાર લોકો રાજ્યમાં આવ્યાં છે.

ચીનના વુહાન શહેરમાં જ્યારે કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો હતો તે વખતે અભ્યાસ અને વેપાર માટે ચીન ગયેલા લોકો ગુજરાત પરત ફર્યા છે. આ ઉપરાંત અન્ય દેશોમાંથી પણ લોકો ગુજરાતમાં મોટી સંખ્યામાં આવ્યાં હતા. જેના કારણે દેશ અને રાજ્યમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યાં છે ત્યારે વિદેશથી આવેલા લોકોનું લોકેશન મેળવવામાં આવી રહ્યું છે. ખુદ આરોગ્ય સચિવ જયંતિ રવિએ કબૂલ્યું છે કે, ૨૭ હજાર લોકો વિદેશનો પ્રવાસ કરીને ગુજરાત આવ્યાં છે. કેન્દ્ર સરકારે ગુજરાત સરકારને આ વિદેશથી પરત ફરેલા લોકોની યાદી આપી છે. તે મુજબ આ બધાય લોકોનુ લોકેશન મેળવવામાં આવી રહ્યું છે.



સુરતમાં કોરોનાથી બચવા માટે લોકોએ સોસાયટી બહારના વ્યક્તિ પર પ્રતિબંધ ફરમાવી લક્ષ્મણ રેખા બનાવી દીધી છે. સંખ્યાબંધ સોસાયટીઓમાં બહારની વ્યક્તિ પર પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે. લોકોમાં આવેલી આ જાગૃતિ ૨૧ દિવસ રહે તો કોરોના સામે લડાઈ જીતી શકાય તેમ છે. કોરોના સામે લડવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે પ્રજાજોગ સંબોધન કર્યું તેમાં લક્ષ્મણ રેખાની વાત કરી હતી. સંખ્યાબંધ લોકોએ પોતાની સોસાયટી માં લક્ષ્મણ રેખા દોરી દીધી છે. લોક ડાઉનનો કડકાઈ પૂર્વક અમલ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે.

કોરોનાના કહેર વચ્ચે કમોસમી વરસાદનું જોખમ

કંડલા, ભરૂચ, જંબુસર અને વડોદરામાં ઝાપટાં તો સામખિયાળીમાં ગાજવીજ સાથે વરસાદ



ખેડૂતો ચિંતાતુર, જીરુ,ઘઉં,જુવાર અને ડુંગળીના પાકમાં મોટા પ્રમાણમાં નુકસાનની ભીતિ,૨૭મી માર્ચ સુધી માવઠાની આગાહી

ગાંધીનગર

દેશમાં કોરોનાવાયરસની દહેશત તો બીજી બાજુ કમોસમી વરસાદનો કહેર. ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓની સાથે સાથે ભાવનગર જીલ્લામાં પણ કમોસમી વરસાદ પડતા ખેતીના પાકને મોટા પ્રમાણમાં નુકશાન જોવા મળ્યું છે. બે દિવસ પહેલા હવામાન ખાતાની આગાહી મુજબ ભાવનગર જિલ્લાના ભાવનગર, વલ્લભીપુર તેમજ સિહોર સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો. જેથી પાલીતાણા તાલુકાના સેન્જળિયા, નવાગામ, ફાચરિયા, બડેલી, લોઈચડા સહિતના ગામોમાં મોટાપાયે ખેતીમાં નુકશાની જોવા મળી છે. તો બીજી તરફ કંડલા,ભરૂચ,જંબુસર અને વડોદરામાં ઝાપટાં તો સામખિયાળીમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. ખાસ કરીને જીરું, ઘઉં, જુવાર અને ડુંગળીના પાકમાં મોટા પ્રમાણમાં નુકશાની જોવા મળી છે. ખાસ કરીને કમોસમી વરસાદની સાથે સાથે પવન પણ હતો જેના કારણે ખેતરમાં ઘઉં અને જુવારના ઉભા પાક ઢળી જતા મોટા પ્રમાણમાં નુકશાની જોવા મળી છે. હાલ ઘઉં અને જુવારનો પાક માથા પર છે. દિવસમાં પાક લેવાનો ચાલુ હોય તે સમયે કમોસમી વરસાદ પડતા ઘઉં અને જુવાર પલળી જતા તમામ પાક નિષ્ફળ થયો છે.જેથી ખેડૂતો માટે પડયા પર પાટા જેવી સ્થિતી સર્જાઈ છે.

સાપુતારાના વાતાવરણમાં એકાએક પલટો જોવા મળ્યો છે. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયેલા જોવા મળ્યા છે. સાથેજ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે અને ઘણા વિસ્તારોમાં ધોધમાર વરસાદ પણ પડ્યો હતો.

રાજયના હવામાન વિભાગની આગાહી મુજબ સૌરાષ્ટ્રના મોટા ભાગના જિલ્લાઓમાં વરસાદ થઈ શકે છે.જેમાંજૂનાગઢ,સુરેન્દ્રનગર, રાજકોટ, ઉત્તર ગુજરાત, આણંદ, ખેડા, સુરત, નવસારી, વલસાડ, તાપી સહિતના જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે. રાજયના વાતાવરણને લઈને હવામાન વિભાગે સાઈક્લોનિક સરક્યુલેશન સિસ્ટમ સર્જાતાં વાતાવરણમાં પલટો જોવા મળે તેવી આગાહી કરી છે.

શહેરનો રાઉન્ડ લઈ પરિસ્થિતિનો ચિતાર મેળવવા મેયરેનો પ્રયાસ

કોરોના સામે જાગૃતિ, સંયમ અને સાવચેતી રાખવા મેયરની અપીલ

સુરત

કોરોના વાયરસની ગંભીરતાને ધ્યાને લઈ દેશમાં ૨૧ દિવસના લોકડાઉનની વડાપ્રધાન દ્વારા થયેલી જાહેરાત બાદ આજે સુરતના મેયર ડો.જગદીશભાઈ પટેલે વિવિધ વિસ્તારોની મુલાકત લીધી હતી.તેમણે લોકોને જાગૃત રહી હાલની વિકટ પરિસ્થિતિમાં સંયમ જાળવવા માટે પણ અપિલ કરી હતી.

શહેરમાં કોરોના વાયરસને લઈને સર્જાયેલી પરિસ્થિતિનો તાગ મેળવવા માટે મેયર જગદીશ પટેલે વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી હતી.જેમાં તેમણે અનાજ કરીયાણાની દુકાન , દૂધની ડેરી , મેડિકલ સ્ટોર્સ સહિતના વેચાણ સ્થળની મુલાકાત લીધી હતી. જયાં મોટી સંખ્યામાં ભીડ હતી.ત્યાં તેમણે કોરોનાની પરિસ્થિતિમાં લડવા માટે તંત્ર તરફથી જે ગાઇડ લાઇન જાહેર કરવામાં આવી છે, એને અનુસરવા લોકોને સમજણ આપી હતી.તેમણે લોકોને પોતાના ઘરમાં વધારે સમય પસાર કરવાની અપીલ કરી હતી.મેયર ડો.જગદીશભાઇ પટેલે સુરત શહેરની પ્રજાને આ પરિસ્થીતીમાં સૌએ જાગૃતિ , સંયમ અને સાવચેતી રાખવા માટેની અપીલ કરી છે. અને શહેરીજનોને જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ સરળતાથી મળી રહે તે માટે તંત્ર વ્યવસ્થા કરી રહ્યું છે ત્યારે શાંતિ જાળવવા જણાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે,દેશમાં કોરોના વાયરસ સામે પ્રજાજનો જંગ લડી રહ્યાં છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગત તા.૨૪મી માર્ચનાસાંજે ૮ કલાકે કોરોનાની ચેઇન તોડવા વધુ ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યુ છે. જેને પગલે લોકોમાં આવશ્યક ચીજ વસ્તુઓને લઇને ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ બગડે નહીં એ બાબતનું તંત્ર દ્વારા સતત ગંભીરતા સાથે ધ્યાન આપવામાં આવી રહ્યું છે.



નોવેલ કોરોના વાઈરસ ને કારણે રાજ્ય મા ઊભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા માટે સુરત અને જીલ્લામાં તાત્કાલિક જરૂરીયાત માટે સુરત સીવીલ હોસ્પિટલ ખાતે નવી બનાવવા માં આવેલી ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી કિશોર ભાઈ કાનાણી એ COVID-19 હોસ્પિટલ ની મુલાકાત લઈ ને જરૂરી સૂચનો આપવામાં આવી હતી.

સુરતમાં ૨૫૦ બેડવાળી કોવિડ-૧૯ હોસ્પિટલ તૈયાર: આજે ખૂલ્લી મૂકાશે

સુરત

સિવિલ હોસ્પિટલના સ્ટેમસેલ બિલ્ડિંગમાં કોરોના વાઈરસની ૨૫૦ બેડની હોસ્પિટલ તૈયાર થઈ ગઈ છે. આજે રાજયકક્ષાના આરોગ્યમંત્રી કુમાર કાનાણીએ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. દરમિયાન કુમાર કાનાણીએ જણાવ્યું હતું કે, કોરોના વાઈરસની ૫૦૦ બેડની હોસ્પિટલ તૈયાર કરવાની છે. જેમાંથી ૨૫૦ બેડની તૈયાર થયેલી હોસ્પિટલને આવતીકાલે સાંજ સુધીમાં ખુલી મૂકી દેવામાં આવશે.

રાજયકક્ષાના આરોગ્યમંત્રી કુમાર કાનાણીએ જણાવ્યું હતું કે, ગ્રાઉન્ડ +ફર્સ્ટ ફ્લોર પર ૨૫૦ બેડની હોસ્પિટલ તૈયાર કરાઈ છે. સતત ૭૨ કલાકની કામગીરી બાદ હોસ્પિટલ ઉભી કરાઈ છે. વેન્ટિલેટરની સુવિધા પણ કરાઈ રહી છે. ગાંધીનગર સુધી તમામ જરૂરી માહિતી પહોંચાડી વસ્તુઓ મંગાવવામાં આવી રહી છે. સ્ટાફની પણ સંપૂર્ણ સુવિધા કરી દેવાઈ છે. જેથી આવતી કાલે સાંજ સુધીમાં હોસ્પિટલ શરૂ કરી દેવાશે. કોરોના વાઈરસની મહામારીનો ભોગ ન બને એ માટે વડાપ્રધાન મોદી અપીલ કરી રહ્યા છે. ૨૧ દિવસનો લોકડાઉનનો અમલ જ સાવચેતી છે.

લોકડાઉનની સ્થિતિ વચ્ચે તાપી જિલ્લા પત્રકાર સેવા સંઘની માનવતાનું ઉત્તમ ઉદાહરણ

લોકડાઉનની સ્થિતિ વચ્ચે તાપી જિલ્લા પત્રકાર સેવા સંઘ ની માનવતાનું ઉત્તમ કામગીરી સામે આવી છે. કોરોના વાયરસ ના કારણે સમગ્ર દેશ અને રાજ્યમાં લોકડાઉન ના આદેશ આપવામાં આવ્યા છે રાજ્યનો બોર્ડર પણ સીલ કરી દેવામાં આવી છે.ત્યારે લોકડાઉન ના કારણે સંપૂર્ણ વાહનવ્યવહાર પણ બંદ કરી દેવામાં આવ્યો છે.ત્યારે અટવાય પડેલા કેટલા શ્રમજીવીઓ પોતાના પરિવાર સાથે મહારાષ્ટ્ર તરફ નેશનલ હાઇવે નંબર ૫૩ પર પગપાળા પોતાના વતનની વાટ પકડી છે. ત્યારે રસ્તા ચાલતા કેટલાક ભૂખ્યા અને તરસ્યા લોકોની મદદે તાપી જિલ્લા પત્રકાર સેવા સંઘ આવ્યું છે.હાઈવે માર્ગ પર પગપાળા જતા શ્રમજીવીઓ માટે બનતા પ્રયાસે ભોજનની વ્યવસ્થા કરી આપી અને કોરોના વાયરસ માનવજાત માટે કેટલો ખતરનાક છે તે વિશે માહિતી આપી હતી.દરેક વ્યક્તિથી એક થી દોઢ મીટર ની દુરી બનાવી



રાખવાનું પણ જણાવવામાં આવ્યું હતું.કરવામાં આવેલ કાર્ય માં કહેવાય છે ને કે,માનવ સેવા એ જ પ્રભુ સેવા છે.ભૂખ્યાને ભોજન આપવું એ મહાદાન કહેવાય છે. ભૂખમાં તળપતા પ્રાણીને ભોજન દેનારના અંતરમાં કદાચ થોડો સંતોષ કે દાન દેવાનો આનંદ થતો હશે પરંતુ ભોજન પ્રાપ્ત કરનારના અંતરમાં ઈશ્વરનો વ્યક્ત થતો ઉદ્ગાર બહુ શક્તિમાન હોય છે અને એ ઉદ્ગાર ભોજન આપનારને જીવનભર ન્યાલ કરી દે છે.હાલ સુરત શહેર માંથી પોતાના વતન મહારાષ્ટ્ર તરફ મોટી સંખ્યા માં લોકો પોતાના પરિવાર સાથે પગપાળા જઈ રહ્યા છે.

બીટીપીના ધારાસભ્ય છોટુ વસાવાનું નિવેદન

લોકડાઉનનું પાલન ન કરે તો સરકાર શૂટ એટ સાઇટનો ઓર્ડર આપે

ભરૂચ

કોરોના વાઈરસના હાહાકાર વચ્ચે બીટીપીના ઝઘડિયાના ધારાસભ્ય છોટુ વસાવાએ શોશ્યલ મીડિયામાં લખ્યું છે કે, લોકડાઉનનું પાલન ન કરે તો સરકારે શૂટ એટ સાઇટનો ઓર્ડર કરવો જોઇએ.



દેશભરમાં કોરોના વાઈરસને લઈને લોકડાઉન છે અને દહેશતનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ઝઘડિયાના BTPના ધારાસભ્ય છોટુ વસાવાએ શોશ્યલ મીડિયા પર વિવાદાસ્પદ ટીપ્પણી કરી છે. જેમાં છોટુ વસાવાએ લખ્યું છે કે, કોરોનાની મહામારીના સમયમાં લોકડાઉનનું પાલન ન કરે તો સરકારે શૂટ એટ સાઇટનો ઓર્ડર કરવો જોઇએ.

જ્વેલ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ કાઉન્સિલની મોટી જાહેરાત

રત્નકલાકારોને મદદ કરવા રૂ.૫૦ કરોડનું ફંડ ફાળવવામાં આવ્યું

સુરત

જવેલ્સ એન્જ જવેલરી એક્સપોર્ટ કાઉન્સિલે એક મોટી જાહેરાત કરી છે. રત્નકલાકારોને મદદ કરવા માટે રૂ.૫૦ કરોડ રૂપિયાનું ફંડ આપવામાં આવી રહ્યું છે. આ કાઉન્સિલના રાજેશ શાહે જણાવ્યું હતું કે, છ લોકોની કમિટી એનું સંચાલન કરશે. સાથોસાથ એકલવાયું જીવન જીવતા અને સતત ફેક્ટરીમાં રોકાતા લોકોને ભોજન કરાવવામાં આવશે. આજે કોરોના વાયરસને કારણે જુદા જુદા એકમોને અલગ અલગ અસર થઈ છે.

જેમાં ખાસ કરીને ભારતની ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ અને જ્વેલરી સેક્ટર્સને ખૂબ મોટી નકારાત્મક અસર થઈ છે. આજે આ બંને ક્ષેત્ર ચીન, હોંગકોંગ અને અમેરિકા સાથે ૮૦ ટકા જેટલું એક્સપોર્ટ કરે છે. પણ છેલ્લા બે મહિનાની અંદર કોરોના વાયરસને કારણે વિશ્વમાં જે સ્થિતિ ઊભી થઈ છે તેના કારણે તમામ ઉદ્યોગો અને રોજગાર પર તેની નકારાત્મક અસર થઈ છે. આ બંને ક્ષેત્ર સાથે જોડાયેલા જે કારીગરો છે, એ તમામ કારીગરોની ચિંતા કરવા માટે આજે જવેલ્સ એન્ડ જવેલરી એક્સપોર્ટ કાઉન્સિલની વીડિયો કોન્ફરન્સ મારફતે એક મિટિંગ યોજવામાં આવી હતી. જેમા નક્કી કરવામાં આવ્યું છે કે, સીએસઆર એક્ટિવિટીની અંદર ૫૦ કરોડ રૂપિયા આ ઉદ્યોગ સાથે જે વર્કરો છે એમના માટે વાપરવામાં આવશે.

અડાજણ, વેસુ, ઉધના વિસ્તારમાં હળવો વરસાદ

સુરતમાં વધુ એક કેસ પોઝિટિવ: લોકડાઉનને પગલે કરિયાણા, દવા, દૂધની દુકાનો પર ભારે ભીડ

સુરત

શહેરમાં કોરોના વાઈરસનો વધુ એક કેસ પોઝિટિવ નોંધાયો છે. કોરોના વાઈરસને પગલે તા. ૩૧ માર્ચ સુધી લોકડાઉનની જાહેરાત બાદ મંગળવારે પીએમ નરેન્દ્ર મોદીએ કોરોનાના વધતા જતા કેસને ધ્યાનમાં રાખીને વધુ ૨૧ દિવસનું લોકડાઉન સમગ્ર દેશમાં જાહેર કરતા લોકોમાં ચિંતાનો માહોલ પ્રસરી ગયો હતો. પીએમની અપીલ બાદ શહેરના માર્કેટ તેમજ મોલમાં અને કરિયાણાની દુકાનોમાં ખરીદી માટે લોકોની ભીડ ઉમટી હતી. ૨૧ દિવસ સુધી જીવન જરૂરી ચીજવસ્તુની લોકો સંગ્રહખોરી કરવા લાગ્યા હતા. જેને કારણે દરેક લોકો સુધી આવશ્યક ચીજ વસ્તુઓ આગામી દિવસોમાં પૂરતા પ્રમાણમાં મળવી જોઈએ તે ઉપલબ્ધ ન થવાની દહેશત વર્તાઈ છે. જ્યારે બે દિવસની આગાહીના પગલે શહેરના મોટા ભાગના વિસ્તારમાં હળવો વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદના કારણે બિમારીમાં વધારો થવાની શક્યતાના પગલે ચિંતામાં વધારો થયો છે. સુરત શહેરમાં વધુ એક કેસ પોઝિટિવ નોંધાયો છે. જેથી પોઝિટિવનો આંકડો સાત પર પહોંચ્યો છે. જ્યારે એકનું મૃત્યું પણ નિપજ્યું છે. હાલ ચાર જેટલા શંકાસ્પદ છે જેનો રિપોર્ટ આવવાનો બાકી છે. જેમાં દિલ્હીનો પ્રવાસ કરી આવેલી ડભોલીની ૧૯ વર્ષીય યુવતી, શારજાહ અને ઝેક રીપબ્લીકનો પ્રવાસ કરી ૧૬ તારીખે સુરત આવેલા વરાછાના ૨૧ વર્ષીય યુવક અને કોઈ પણ ટ્રાવેલ હિસ્ટ્રી નથી એવા યોગીચોકના ૨૮ વર્ષીય યુવક તેમજ ગોપીપુરાના ૭૬ વર્ષીય વૃદ્ધને શંકાસ્પદ લક્ષણો જણાતા ચારેયને સ્મીમેર અને સિવિલમાં આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાયા છે.

ઈતિહાસમાં પ્રથમવાર અંબિકાનિકેતન મંદિર બંધ

આ વર્ષે ચૈત્ર નવરાત્રીમાં સુરતના માતાજીની તમામ મંદિરો દર્શન માટે બંધ રહ્યા છે. તેની સાથે નવરાત્રીની નિત્ય પૂજા મંદિરના મહંત કે પૂજારી દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત આઠમના હવનોનો પણ ભક્તોને આ વર્ષે લાભ મળશે નહીં. કોઈ મહામારીને કારણે સુરતમાં મંદિરો બંધ રહ્યાં હોય તેવો ઈતિહાસ છેલ્લી કેટલીક સદીઓમાં પ્રથમવાર આ વર્ષે થશે. અંબિકાનિકેતન મંદિર આજે બંધ રહ્યું હતું. જોકે, પુજાના લાઈવ દર્શન કરી શકાયા હતા.

કોરોના ઈફેક્ટ : મોદીજી અમારે ભારત આવવું છે, મોરેશિયસમાં ફસાયેલા ભારતના યુવાનોની આજીજી



નર્મદા જિલ્લાના રાજપીપળાનો એક યુવાન હોટેલ મેનેજમેન્ટના અભ્યાસ અર્થે મોરેશિયસ ગયો હતો એ યુવાન હાલ ત્યાં ફસાયો છે.એની સાથે આવા ભારતના ૩૦૦ જેટલા યુવક યુવતીઓ છે.

રાજપીપળા : કોરોનાનો કેહેર આખા ભારત દેશમાં છે. ભાગ્યેજ કોઈ એવું રાજ્ય હશે જ્યાં કોરોનાએ દસ્તક ન દીધી હોય.ભારતમાં હાલ લોકડાઉન જાહેર થયું છે, દેશમાં વાહનવ્યવહાર અટકી ગયો છે.જેને કારણે પોતાનું વતન છોડી ધંધા રોજગાર અર્થે ગયેલા ઘણા લોકો ફસાયા છે.જોકે તંત્ર દ્વારા એમને વતન પરત મોકલવાની વ્યવસ્થાઓ કરાઈ રહી છે.બીજી બાજુ વિદેશથી પરત આવતી મોટા ભાગની એરલાઈન્સ પણ લગભગ બંધ છે. જેને કારણે અભ્યાસ અથવા ધંધા અર્થે ભારતમાંથી વિદેશ ગયેલા લોકો વિદેશોમાં ફસાયા છે, એમને ખાવા-પીવાની તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.

આમજ નર્મદા જિલ્લાના રાજપીપળાનો એક યુવાન હોટેલ મેનેજમેન્ટના અભ્યાસ અર્થે મોરેશિયસ ગયો હતો એ યુવાન હાલ ત્યાં ફસાયો છે.એની સાથે આવા ભારતના ૩૦૦ જેટલા યુવક યુવતીઓ છે.હાલની પરિસ્થિતિ મુજબ આ તમામ લોકો મોરેશિયસમાં કોરોના વાયરસને લીધે લોકડાઉન માં છે.તકલીફોને લીધે હવે તેમને પરત પોતાના વતન આવવું તો છે પરંતુ દરેક ફ્લાઈટ ફૂલ હોવાથી તેઓ અહી આવી શકે એવી સ્થિતિમાં નથી. તેઓ દર્દભરી આખે પીએમ મોદીને ભારત આવવા હાલ આજીજી કરી રહ્યા છે.

આ યુવાનો પૈકી ગુજરાતના નર્મદા જિલ્લાના રાજપીપળા ના રહેવાસી વિશાલ મહંતે જણાવ્યા મુજબ એ વડોદરા ની IIHM (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ મેનેજમેન્ટ) ના માધ્યમથી ૬ મહિનાની ઈન્ટરશિપ માટે મોરેશિયસ ગયો હતો.એમણે જણાવ્યું હતું કે ૧.૨૦ લાખ ફી જમા કરાવો તો તમને ત્યાં રહેવા,જમવાની સગવડ કરી આપવામાં આવશે સાથે સાથે સ્ટાઈપેન્ડ પણ મળશે.પણ અમે ત્યાં ગયા તો અમારે અમારા ખર્ચે રહેવાની જમવાની સગવડ કરવી પડી, ઉપરથી અમને સ્ટાઈપેન્ડ પણ નક્કી કર્યું હતું એના કરતાં ઓછું આપ્યું.કોરોના વાયરસને લીધે ૬ મહિનાની ઈન્ટરશિપ ૪ મહિનાની કરી દેવાઈ.હાલમાં અમે પણ લોકડાઉન છે પોલીસ અમને બહાર નીકળવા દેતી નથી.જે હોટેલમાં અમે ઈન્ટરશિપ કરી એ હોટેલે પણ અમને કહ્યું કે તમે તમારી રીતે ભારત જતા રહો, કોરોના વાયરસને લીધે તમને કઈ થશે તો જવાબદારી અમારી રહેશે નહિ.મારી સાથે રહેતા ગુજરાતના અન્ય ૧૦ લોકો તો પોતાના ઘરે પહોંચી ગયા છે પણ હું અને ભારતના વિવિધ રાજ્યોના ૩૦૦ જેટલા યુવક-યુવતીઓ હાલમાં પણ અહીંયા ફસાયેલા છે.અમે એર ઈન્ડિયામાં બુકીંગ કરાવ્યું ત્યારે એર મોરેશિયસના લોકોને ફ્લાઈટમાં બેસાડી દેવાયા અને અમારું નામ લિસ્ટમાં પણ ન આવ્યું આમારી સાથે છેતરપીડી થઈ છે.

ત્યાં ટ્રેનિંગ માટે ગયેલા ભારતના અન્ય યુવાનોએ એક વિડીયો પણ જાહેર કર્યો છે, જેમાં પીએમ મોદીને સંબોધી જણાવ્યું છે કે કોરોના વાયરસને લીધે મોરેશિયસમાં સ્થિતિ બગડી રહી છે.અમારા માટે યોગ્ય માસ્ક પણ ઉપલબ્ધ નથી, અમારી પાસે પૈસા પણ ખતમ થઈ ગયા છે.અમારું પરિવાર અમારી ઘણી ચિંતા કરી રહ્યું છે.અમને કઈ થઈ જાય તો અમારી દેખભાળ માટે પણ અહીંયા કોઈ જ નથી, અમારે ભારત પરત આવવું છે તમે કોઈ વ્યવસ્થા કરો એવી અમારી માંગ છે.

સુરતમાં કોરોના વાયરસનો વધુ એક કેસ પોઝિટીવ : ૮ના રિપોર્ટ પેન્ડિંગ

કોલકત્તાનો પ્રવાસ કરી આવેલા ૬૨ વર્ષના વૃધ્ધનો કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો

સુરત

ગુજરાતમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસનો સુરતમાં વધુ એક કેસ પોઝિટીવ નોંધાયો છે.રિંગરોડની રાધેશ્યામ માર્કેટમાં કામ કરતાં આ વ્યક્તિ કોલકત્તાથી આવ્યા બાદ તેમણો કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવતાં, પાલિકાએ તેની આસપાસ રહેલા ૫૫૩૭ લોકોને હોમ કોરોન્ટાઈનમાં રહેવા માટે અપિલ કરી છે.શહેરમાં આ સાથે કોરોના પોઝિટીવ કુલ છ કેસો નોંધાયા છે.

કોરોના વાયરસના અત્યાર સુધીમાં આઠ વ્યક્તિઓના રિપોર્ટ પેન્ડિગ છે.શહેમાં અત્યાર સુધીમાં કુલ ૩૭૭૧ લોકોને હોમ કોરોન્ટાઈમાં રખાયા છે.જ્યારે ૬૮ વ્યક્તિઓ સરકારી કોરોન્ટાઈન હેઠળ છે.૩ વ્યકિતઓ પ્રાઈવેટ કોરોન્ટાઈનમાં છે.સુરત મહાનગરપાલિકાની સફાઈ ટીમો દ્વારા ૪૨૫ સ્થળોએ દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો હતો.પાલિકા દ્વારા જાહેર કરાયેલી કોરોના સંબંધિત એપને અત્યાર સુધીમાં ૨૦૨૮૨ લોકો દ્વારા ડાઉન લોડ કરવામાં આવ્યાનું જાહેર કરવામાં આવ્યું છે.સુરત મપના દ્વારા બનાવાયેલી ૫૯૧ ટીમોએ ૪૨ લાખથી વધુ લોકોની અત્યાર સુધીમાં તપાસ કરી છે.

શહેરના ગરીબો અને રોડ-રસ્તાઓ વસતા લોકોની મદદ માટે પાલિકા દ્વારા ઝોન પ્રમાણે સેવા શરુ કરવામાં આવી છે.જેમણે વિવિધ એનજીઓ દ્વારા રાશનની બેગ તૈયાર કરી આપવા માટે પાલિકા દ્વારા અપિલ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે,વિશ્વમાં કોરોના વાયરસે પગ પેસારો કરતાં લોકોની પરિસ્થીતી અત્યંત નાજુક બની જવા પામી છે. ભારતમાં પણ કોરોના વાયરસના પગલે અનેક રાજ્યોમાં તેનો આતંક જોવા મળી રહ્યાં છે. ગુજરાતમાં પણ કોરોનાને લઇને અનેક તકેદારીના પગલા લેવામાં આવ્યા હોવા છતાં આ રોગ ફેલાઇ રહ્યો છે. માત્ર પાંચ દિવસની અંદર રાજ્યમાં કોરોના વાયરસના ૩૫ કેસો સામે આવી ચુકયા છે. આમ દેશમાં ગુજરાત ત્રીજા નંબરે પહોચી જવા પામ્યુ છે.

સુરત શહેરમાં કોરોના વાયરસના ૬ કેસો નોધાયા હતાં. જેમાં એક હિરા વેપારીનું મોત નિપજી ચુક્યુ છે. બુધવારે વધુ એક કેસ સામે આવતા તંત્રની ઉંઘ હરામ થઇ ગઇ છે. જેમાં પરવટ પાટીયા વિસ્તારમાં રહેતા ૬૨ વર્ષીય વૃધ્ધને કોરોના વાયરસના લક્ષણો દેખાતા નવી સિવીલ હોસ્પિટમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમનું બ્લડ ટેસ્ટ કરાયા બાદ તેમનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃધ્ધ કોલકાતાની મુસાફરી કરીને સુરત આવ્યા હતા. હાલ તેમની સારવાર ચાલી રહી છે. આમ સુરત શહેરમાં અત્યાર સુધી સાત કોરોના વાયરસના પોઝીટીવ કેસ છે જે પૈકી એકનું મોત નિપજી ચુકયું છે.

નર્મદા માં કોરોના વચ્ચે લોકડાઉનની સ્થિતિમાં ગરીબોની કપરી હાલત..

નાંદોદ તાલુકાના કેટલાક ગામોમાં સસ્તા અનાજનો જથ્થો ન પહોંચતા ગરીબ પરિવારોની કફોડી હાલત

- દુકાનદારો પાસે એડવાન્સ પરમીટ ના રૂપિયા લેવાય છે છતાં મહિના ની અંતિમ તારીખ સુધી અનાજ ન પહોંચતા કાર્ડ ધારકો ધક્કે ચઢ્યા
- રાજપીપળા સહિત કેટલાક ગામોમાં માર્ચ મહિનામાં કાર્ડ પર મળતા મીઠા નો જથ્થો પણ નથી મળ્યો.
- શહેર-ગામની આસપાસના વિસ્તારના મજૂરીયાત વર્ગના પરિવારોને ભૂખે મરવાની નોબત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોનામાં સલામતીના ભાગરૂપે નર્મદા જિલ્લામાં પણ લોકડાઉન જાહેર કરાયું હોય ગ્રામ્ય વિસ્તાર માંથી રાજપીપળા કે આસપાસ ના વિસ્તારમાં જવાનું લોકો ટાળે છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોની કેટલીક સસ્તા અનાજની દુકાનો માં આજે ૨૫ તારીખ થવા છતાં પુરવઠા નો જથ્થો હજુ સુધી ન પહોંચતા મજૂર વર્ગની હાલત બગડી છે.સાથે કેટલીક દુકાનો માં મીઠા નો જથ્થો પણ ન મળતા દુકાનદારો ના ભરેલા રૂપિયા પણ પરત મળતા નથી તેવી બુમ ઉઠી છે.

એક તરફ રોજ મજૂરી કામ કરી પેટીયું રડતા પરિવારોનું હાલ કામ બંધ હોય ત્યારે બીજી તરફ સસ્તા અનાજની દુકાનમાં જથ્થો ન આવતા કાર્ડ પર મળતું અનાજ આજદિન સુધી ન મળતા નાંદોદના શહેરાવ ગામની આસપાસના વિસ્તારના મજૂરીયાત વર્ગના પરિવારોને ભૂખે મરવાની નોબત આવી છે.આમ તો પુરવઠા ગોડાઉન પર રોજ અનાજની ટ્રકો આવતી હોય છે છતાં કેટલાક ગામમાં હજુ અનાજ કેમ નથી પહોંચી શક્યું એ તપાસનો વિષય છે.સરકાર લોકડાઉન માં અનાજ શાકભાજી જેવી જીવન જરૂરીયાતની વસ્તુઓ બાબતે ખાસ તકેદારી રાખવાની વાત કરે છે પરંતુ નર્મદા જિલ્લામાં આ વાતો ફક્ત કાગળ પર હોય એમ લાગી રહ્યું છે. હાલ નાંદોદ તાલુકાના આવા કેટલાક ગામોના લોકોને ખાવા માટે અનાજ નથી માટે આ બાબતે યોગ્ય પગલાં લેવાય અને વહેલી તકે જથ્થો મળે તેવી માંગ છે.



ઘણા સમયથી રેશનકાર્ડ પર મળતા બોઈલ ચોખા પણ કાર્ડ ધારકો માટે નકામા છે

બે મહિના થી રેશનકાર્ડ પર મળતા બોઈલ ચોખા પક્ષીઓ પણ ખાતા નથી છતાં કાર્ડ ધરાવતા વ્યક્તિઓ ન છૂટકે આ ચોખા લે છે પરંતુ ખાઈ શકતા નથી માટે તેમને બજાર માંથી મોંઘા ચોખા ખરીદવા મજબૂર થવું પડે છે.ત્યારે સરકાર નર્મદા જેવા પછાત જિલ્લામાં પુરવઠાનો જથ્થો સમયસર પહોંચે તેવી વ્યવસ્થા કરે એ જરૂરી છે.

કોરોના એલર્ટ : રાજપીપળા શહેરની કેટલીક બેંકો બહાર ગ્રાહકોની ભીડ જોખમરૂપ



(ભરત શાહ દ્વારા)- રાજપીપળા
રાજપીપળા શહેરમાંની બેંક બહાર ગ્રાહકોની લાંબી કતારો લાગતી હોય કોરોના જેવી મહામારી વચ્ચે આવી ભીડ ક્યારેક કોઈ વ્યક્તિ માટે જોખમરૂપ સાબિત થઈ શકે છે.જોકે અમુક કલાક જ બેન્કો ખુલ્લી હોવાથી લોકોની ભીડ થાય એ બાબત સ્વાભાવિક છે પરંતુ હાલની સ્થિતિમાં જ્યારે નર્મદા જિલ્લામાં એક પણ કોરોના પોઝીટીવ દર્દી નથી ત્યારે આવી ભીડ જોખમ કારક હોય બેંક અધિકારીઓ એ આ માટે કોઈ વિકલ્પ કાઢી ટોકન નંબર કે અન્ય રીતે ભીડ ઓછી કરવા પ્રયાસ કરવો જોઈએ.

આજથી ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ,પરંતુ કોરોનાને લઈને મંદિરો બંધ : મેળો પણ રદ



- સ્થાનિક પુજારી સાવર સાંજ આરતી કરી વેબસાઈડ પર અપલોડ કરી રહ્યા હોય લોકો ઈ દર્શનનો લાભ લઈ શકે છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરાનાની અસરને પગલે ઐતિહાસિક હરસિધ્ધિ મંદિર અને કાળકામાતાના મંદિર બંધ હોવાથી આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ભક્તોની ભીડ જ્યાં જામતી હતી ત્યાં હાલ સુનકાર ભાસે છે. આ સાથે વર્ષોથી ભરાતો પરંપરાગત મેળો પણ બંધ રાખવામાં આવ્યો છે.

દેશમાં ૨૧ દિવસના લોકડાઉનને લઈને તમામ ધાર્મિક સ્થળો બંધ કરી દેવામાં આવ્યા છે ત્યારે આજથી શરૂ થયેલા ચૈત્રી નવરાત્રીના આરંભમાં કોઈ મંદિરે દર્શન કરવા પણ ફરકતું નથી કેમકે હાલ લોકડાઉન છે. માં હરસિધ્ધિ અને કાલિકા માતાજીના મંદિર સ્થાનિક રાજવી પરિવાર ક્ષત્રિય સમાજ, ધોબી સમાજ સહિત અનેક સમજોના કુળદેવી છે અને ગુજરાત ભરમાંથી ભક્તો અહીંયા આવતા હોય છે. ચૈત્ર મહિનામાં. માતાજીના દર્શન કરવા ભીડ ઉમટતી હોય અને ભક્તો પગપાળા પણ માતાજીના દર્શન કરવા આવતા હોય છે. ત્યારે હાલ લોકડાઉન ની અસર મંદિરો પર જોવા મળી રહી છે.જોકે સ્થાનિક પુંજારી હાલ સાવર સાંજ આરતી કરી વેબસાઈડ પર અપલોડ કરી રહ્યા છે.લોકો ઈ દર્શનનો લાભ લઈ શકે છે.

કોરોના સાવચેતી : રાજપીપળા નગર પાલીકા દ્વારા ભીડ કાબુમાં રાખવા નવતર પ્રયોગ : ગ્રાહકોની ભીડ કાબૂમાં રાખવા દુકાન બહાર વર્તુળ કરાયા





- મેડિકલ સ્ટોર,શાકભાજી,અનાજ કરીયાણું,દૂધ સહિતની આવશ્યક ચીજ વસ્તુઓની દુકાન આગળ કલર મારી વર્તુળ મરાવ્યાં જેથી ગ્રાહકોની ભીડ જમા ન થાય
- ગ્રાહકો એ દુકાન બહારના વર્તુળમાં ઉભા રહી નંબર આવે ત્યારે એક બાદ એક ખરીદી કરશે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નગર પાલિકા દ્વારા આવશ્યક ચીજ વસ્તુઓની દુકાનો જ ખુલ્લી રાખવામાં આવી હોય દરેક દુકાનોમાં ભારે ભીડ જમા થતી હોય તેથી ભીડને કાબુમાં કરવામાં એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો જેમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ માટે થઈ રહેલી ભીડ કે પડાપડીને અટકાવવા માટે પાલીકા દ્વારા રાજપીપળા પાલિકાના ચીફ ઓફિસર જયેશ પટેલે લોકોના સ્વાસ્થ્ય ની ચિતા કરી આ નિર્ણય લીધો હોવાનું જણાવ્યું હતું.

હાલ લોકડાઉન ટાણે આવશ્યક ચીજ વસ્તુઓની દુકાનો જ ખુલ્લી રાખવામાં આવી હોય આ દુકાનોમાં જાહેર જનતા ખરીદી કરવા જાય ત્યારે ત્યાં એક સામટી ભીડ જમા થાય તો ક્યારેક મુશ્કેલી ઉભી થાય એમ હોય હાલ કોરોના ના સંકટને લઈને આ નવતર પ્રયોગ શરૂ કર્યો છે. ગ્રાહકોની ભીડને કાબૂમાં રાખવા માટે દુકાન બહાર દોરેલા વર્તુળ ના આ અભિગમથી લોકોમાં ભારે ખુશી જોવા મળી હતી.કેમ કે હાલ આવશ્યક ચીજ વસ્તુઓની દુકાનો જ ખુલ્લી રાખવામાં આવી હોય ત્યાં પડતી મોટી લાઈનો ને કાબુમાં રાખવા આ પ્રયોગ જનતાના હિત માટે ખૂબ હિતાવહ છે તેના થકી ગ્રાહકો દુકાન બહારના વર્તુળ (રાઉન્ડ) માં ઉભા રહી નંબર આવે ત્યારે એક બાદ એક ખરીદી કરશે.પાલીકાના ચીફ ઓફિસર જયેશ પટેલના આ પ્રયાસનું લોકો પાલન કરશે તો એ સૌ માટે હિતકારી પગલું કહેવાશે તેમ લોકોએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું.

રાજપીપળામાં ૨૧ દિવસના લોકડાઉન વચ્ચે આવશ્યક ચીજ વસ્તુઓ માટે તંત્ર દ્વારા વ્યવસ્થા ઉભી કરાઈ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

લોકડાઉન વચ્ચે રાજપીપળાની જનતાને ૨૧ દિવસ સુધી આવશ્યક ચીજ વસ્તુઓની તકલીફ ન પડે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી.

- અનાજ કરીયાણાની દુકાનો દરરોજ બપોરના બે વાગ્યા સુધી ખુલ્લી રાખવામાં આવશે.

- જે લોકો અનાજ/કરીયાણ ઘરે બેઠા મેળવવા માંગતા હોય તો જે તે દુકાનદા/વેપારીના Whatsapp નંબર પર ઓર્ડર કરવાથી જે તે વેપારી દ્વારા હોમ ડિલીવરી પણ કરી આપવામાં આવશે. હોમ ડિલીવરી માટે વેપારીઓની વિગત નીચે મુજબ છે.

અશોક સી.માલી (મો.નં.૯૪૨૯૦ ૩૮૭૮૧) , અંબિકા ગ્રઈન શોપ (મો.નં.૯૫૮૬૦ ૫૧૦૭૫),મતેશ્વરી પ્રો.સ્ટોર (મો.નં.૯૪૨૭૧ ૪૫૯૯૭), અંબિકા પ્રો.સ્ટોર(મો.નં.૯૪૨ ૬૫ ૫૭૧૬૮), શ્રી રામ પ્રો.સ્ટોર (મો.નં.૯૮૭૯૬ ૯૫૬૯૯), દિપક કુમાર & બ્રધર્સ (મો.નં.૯૯૨૫૦ ૨૧૦૫૦)હરી બાલાજી ગ્રેઈન શોપ(મો.નં ૯૪૨૮૪૪૮૭૦),વિક્રમ સ્ટોર (મો.નં.૯૮૨૫૮ ૭૩૦૫૦)અરીહંત પ્રો.સ્ટોર (મો.નં.૯૪૨૭૧ ૩૧૫૮૬), ન્યુ અંબિકા પ્રો.સ્ટોર (મો.નં.૯૮ ૨૫૭ ૯૨ ૮૮૧)

- બપોરના બે વાગ્યા સુધી દુકાન ઉપરથી પણ અનાજ કરીયાણુ મેળવી શકાશે. દુકાન પરથી ચીજ વસ્તુ મેળવતી વખતે તમામ ગ્રાહકોએ Social Distance જાળવવાનું રહેશે. દુકાનદારે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

- અનાજ કરીયાણાની દુકાનદારોને અન્ય જિલ્લા માંથી સ્ટોક લાવવા માટે સંબંધિત મામલતદાર મારફત પાસની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

શાકભાજીની વિતરણની વ્યવસ્થા

- શાકભાજીના વિતરણ માટે રાજપીપળા નગરપાલીકા વિસ્તારમાં ચાર જગ્યાઓ નકકી કરવામાં આવેલ છે.'

૧) ઝાંસીની રાણી કન્યા પ્રાથમિક શાળા,સ્ટેશન રોડ, રાજપીપળા (સરકારી જગ્યા),૨) સરકારી હાઈસ્કુલ, નાગરીક બેંકની બાજુ,રાજપીપળા,૩) હયાત શાક માર્કેટ

- શાકભાજી વેચાણ કરનાર સવારે ૧૦ વાગ્યા સુધી ઉપરોકત જગ્યાએ બેસી શાકભાજી વેચાણ કરી શકશે.

- જે વેપારી પાસે લારી છે તે વેપારીઓ ફરજીયાતપણે શેરીએ / મહોલ્લે ફરીને શાકભાજી વિતરણ કરી શકશે.

- AR.FRUIT & VEGETABLE co. આસીફભાઈ (મો.નં.૯૯૭૯૩ ૬૬ ૧૮૬) આરીફ ભાઈ, (મો.નં.૯૯૭૮૭ ૮૬૯૮૫) પર ઓર્ડર કરવાથી તેઓ દ્વારા શાકભાજી તેમજ ફૂટ્સ હોમ ડિલીવરી પણ કરી આપવામાં આવશે, શાકભાજી વિતરણ માટે તમામ વેપારીઓની યાદી એસોસીયેશનના લેટરપેડ પર મામલતદાર કચેરીમાં રજુ કરી પાસ મેળવી લેવાના રહેશે.

દૂધની વિતરણની વ્યવસ્થા

- દુધનું વિતરણ કરતી તમામ દુકાનોને ૨૪ કલાક વિતરણ કરવાની અનુમતી લોકોના ઘરે આપવામાં આવતું ડોર ટુ ડોર દુધનું વેચાણ રાબેતા મુજબ યથાવત રહેશે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

દેશમાં લોકડાઉનનો સમય લંબાતા જ લોકોનો આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે ધસારો

સુરત

દેશમાં વધુ ૨૧ દિવસના લોકડાઉની જાહેરાતને પગલે ગત રાત્રે લોકોએ આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે રીતસરની જાણે દોટ લગાવી હતી.જેને પગલે ડી માર્ટ જેવા મોલોમાં લોકોને ટોકન આપી પ્રવેશ આપવામાં આવ્યો હતો. દેશમાં ગત રોજ વધુ ૨૧ દિવસના લોકડાઉનની જાહેરતના પગલે જ સુરતીઓએ રીતસરના મોલો અને દુકાનોમાં આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે ધસારો કર્યો હતો.આજે પણ સવારે લોકો જીવન જરુરીયાતની ચીજવસ્તુઓની ખરીદી માટે નિકળી પડયાનું જણાયું હતું.આજે સવારે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા મોલમાં લોકોની ભીડ ઉમટી હતી. જોકે વ્યવસ્થા જાળવવા માટે મોલના સંચાલકોએ લોકોને લાઈનમાં શિસ્તબધ્ધ ઉભા રહેવા માટેની અપીલ પણ કરી હતી. આમ છતાં લોકોમાં ભારે ખરીદી કરવા માટે ઉતાવળ જાવા મળી હતી. ડિ માર્ટમોલનાસંચાલકોની મુલાકાતમાં જાણવા મળ્યું હતું કે લોકોને જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓનું વિતરણ મોલ પરથી કરવામાંઆવશે સાથે ટોકન વ્યવસ્થા પણ કરી દેતા લોકોએ રાહતનો દમ લીધો હતો.

સુરતમાં ગેસ એજન્સી સંચાલકોએ ગ્રાહકોને રાંધણ ગેસની યથાવત રાખેલી ડિલીવરી

- ટેમ્પો ચાલક અને ડિલીવરી મેન ઘરે ઘરે બોટલ પહોચાડી રહ્યાં છે

સુરત

રાંધણ ગેસ આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ આવતી હોય,સુરતમાં વિવિધ ગેસ એજન્સિઓ દ્વારા લોકોને ઘરે ઘરે જરુરિયાત મુજબ ગેસની ડિલીવરી કરવાનું યથાવત રાખ્યું છે.

સરકાર તરફથી આવશ્યક સેવાને લોકડાઉનમાં કાર્યરત રાખવા માટે જાહેરાત કરાઇ છે ત્યારે મધ્યમવર્ગીય અને શ્રમજીવી વ્યકિતઓ માટે મહત્વપુર્ણ કહી શકાય એવાં રાંધણ ગેસના બોટલનો પ્રશ્ન પણ મહત્વનો છે. કારણ કે અચાનક જ વધુ ૨૧ દિવસનું લોકડાઉન જાહેર થયું છે ત્યારે કયારે કોને રાંધણ ગેસના બોટલની જરૂર પડે તે ખબર નથી. આ પરિસ્થીતીમાં રાંદેર રોડની એક ગેસ એજન્સીની મુલાકાત લીધી હતી. કોરોના વાયરસની દહેશત વચ્ચે આવશ્યક સેવાની કામગીરી કરી રહેલા વિવિધ વિભાગો પૈકીના ગેસ એજન્સીવાળા સંચાલકે જણાવ્યું હતું કે તેમને ફોન પર બુકીગ મળી રહ્યાં છે અને જયાં સુધી તેમના ડિલીવરી મેન , ટેમ્પો ચાલક સહિતની ટીમ તેમના સહયોગમાં રહેશે ત્યાં સુધી ગ્રાહકોને ઘર સુધી ગેસની બોટલ પહોચાડવા તેઓ કટીબધ્ધ છે. જા આગામી દિવસોમાં કર્મચારીઓ ફરજ પર ન આવી શકે એવી સ્થિતી થાય તો તેઓ પોતે ગેસના ગોડાઉન પર બેસીને પરિવારના સદસ્યો સાથે ગેસ બોટલની ડિલીવરી કરશે એવી એચ.પી. ગેસ એજન્સીના સંચાલકો એ તૈયારી દર્શાવી હતી.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્સિડેવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)